અમદાવાદ
એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-08
₹200 કરોડની છેતરપિંડી કેસમાં નોરા ફતેહીને સમન

પેજ-09
ઓકલેન્ડ ટી20 મેચ માં ભારતનો મોટો પરાજય થયો

હવામાન		
શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	33.00	24.00
વડોદરા	33.00	23.00
સુરત	33.00	24.00

પેજ 5

ગિફ્ટ સિટીમાં બેંકિંગ એસેટ્સમાં નોંધાયેલો ૬૦ ટકાનો ઉછાળો

01 NOVEMBER-2026 SUNDAY

હિન્દુઓના અપમાન પર ઈઝરાયલે માફી માગી

પેજ 10

.....સુવિચાર.....
મહેનત ક્યારેય વ્યર્થ નથી જતી. સમય કદાચ મોડો પડે, પણ પરિણામ હંમેશા મીઠું આપે છે.

વર્ષ-15 । અંક-348 । વિક્રમ સંવત-2082 । આસો વદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

રાષ્ટ્રપતિના હસ્તે ધ્વજસ્તંભ પૂજન અને ધ્વજારોહણ : રામકુંડ અને કુશાવર્ત તીર્થ ખાતે ૧૨ વર્ષીય પવિત્ર સ્નાન પર્વનો સત્તાવાર પ્રારંભ

નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ મહાકુંભનો પ્રારંભ

● મહારાષ્ટ્રના બે ધાર્મિક શહેરોમાં શ્રદ્ધાનો મહાસાગર, ૨૦ મહિનાથી વધુ સમય ચાલશે આયોજન

(એજન્સી) નાશિક | તા.31

મહારાષ્ટ્રના બે અત્યંત પવિત્ર અને ધાર્મિક શહેરો નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં દર ૧૨ વર્ષે યોજાતા આસ્થાના વિશાળ પર્વ 'સિંહસ્થ મહાકુંભ મેળા'ની આજથી સત્તાવાર અને ભવ્ય શરૂઆત થઈ ગઈ છે. બપોરે ૧૨:૦૨ વાગ્યે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નાશિકના ઐતિહાસિક રામકુંડ ખાતે પૂજા-અર્ચના, ધ્વજસ્તંભનું પૂજન અને ધ્વજારોહણ કરીને આ મહાકુંભનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું. આગામી ૨૨ મહિના સુધી ચાલનારા આ શ્રદ્ધાના મહાકુંભમાં ગોદાવરી નદીમાં પવિત્ર સ્નાન કરવા માટે સમગ્ર દુનિયામાંથી કરોડો ભક્તો અને સાધુ-સંતો ઉમટી પડશે.નાશિકના રામકુંડ અને ત્ર્યંબકેશ્વરમાં આજથી સિંહસ્થ મહાકુંભ મેળાની સત્તાવાર શરૂઆત થઈ ગઈ છે. બપોરે 12:02 વાગ્યે રાષ્ટ્રપતિએ રામકુંડમાં ધ્વજારોહણ અને સ્તંભપૂજન કર્યું હતું.મહારાષ્ટ્રના બે ધાર્મિક શહેરો નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં દર 12 વર્ષે યોજાતો આ મહાકુંભ છે. લાખો લોકો ગોદાવરી નદીમાં પવિત્ર સ્નાન કરે છે. નાશિકમાં રામકુંડ અને ત્ર્યંબકેશ્વરમાં કુશાવર્ત તીર્થ ખાતે સ્નાન કરવામાં આવે છે.દુનિયાભરમાંથી કરોડો શ્રદ્ધાળુઓ નાસિક અને ત્ર્યંબકેશ્વર આવવાની આશા છે. આ જ કાર્યક્રમમાં શંખનાદ દ્વારા બનાવવામાં આવેલા ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ્સનું પ્રમાણપત્ર પણ અર્પણ કરવામાં આવશે.

ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ અને ભવ્ય આયોજન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કુંભ ધ્વજારોહણ ના આ મહોત્સવ પૂર્વે શુક્રવારે નાશિકમાં વિશાળ 'મહાધ્વજ ગ્રામ પરિક્રમા' યોજવામાં આવી હતી. ઉદ્ઘાટન પ્રસંગે રામકુંડને મનોહર પુષ્પોથી શણગારવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન એકસાથે કરવામાં આવેલા શંખનાદથી 'ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ્સ' (Guinness World Records) નો નવો કીર્તિમાન સ્થાપિત થયો હતો અને તેનું સત્તાવાર પ્રમાણપત્ર પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

સિંહસ્થ કુંભનું મહાત્મ્ય અને પૌરાણિક માન્યતા

નાશિક રામકુંડ-ત્ર્યંબકેશ્વર પવિત્ર સ્નાન પર્વને 'સિંહસ્થ' કહેવામાં આવે છે કારણ કે જ્યોતિષીય ગણતરી મુજબ જ્યારે ગુરુ ગ્રહ સિંહ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે આ પવિત્ર સમયગાળો સર્જાય છે. હિન્દુ ધર્મશાસ્ત્રોની પૌરાણિક માન્યતા મુજબ સમુદ્રમંથન સમયે અમૃત કળશ માટે દેવતાઓ અને અસુરો વચ્ચે થયેલા સંગ્રામ દરમિયાન અમૃતના પવિત્ર ટીપાં ચાર સ્થળો–પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાશિકમાં પડ્યા હતા.

આસ્થા અને સંસ્કૃતિનો અદ્ભુત સમન્વય

અંતમાં, મહારાષ્ટ્ર સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા કુંભ મેળામાં આવનારા કરોડો શ્રદ્ધાળુઓની સુરક્ષા, રહેઠાણ અને આરોગ્ય માટે સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આગામી મહિનાઓમાં નાશિક અને ત્ર્યંબકેશ્વર ભારતીય સંસ્કૃતિ, અધ્યાત્મ અને લોક આસ્થાનું કેન્દ્ર બની રહેશે. આથી આ તમામ સ્થળોએ કુંભ પર્વનું વિશેષ ધાર્મિક મહત્વ છે. માન્યતા છે કે અમૃતનાં ટીપાં ચાર સ્થળોએ- પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિકમાં પડ્યાં હતાં.

સ્નાનના મુહૂર્ત અને શ્રદ્ધાળુઓનો અંદાજ

નાશિક ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળો ૨૦૨૬ ની વિશેષતા એ છે કે ૨૦ મહિનાથી વધુ સમયગાળા દરમિયાન નાશિકમાં સ્નાન માટે ૪૪ વિશેષ મુહૂર્ત અને ત્ર્યંબકેશ્વરમાં પવિત્ર સ્નાન માટે ૫૩ મુહૂર્ત નક્કી કરવામાં આવ્યા છે.

- નાશિક (રામકુંડ): અહીં અંદાજે ૮ થી ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ આવવાની સંભાવના છે.
- ત્ર્યંબકેશ્વર (કુશાવર્ત તીર્થ): અહીં ૪ કરોડથી વધુ ભક્તો પવિત્ર સ્નાનનો લાભ લેશે.
- અખાડાઓની પરંપરા: નાશિક કુંભની મુખ્ય ખાસિયત એ છે કે અહીં વૈષ્ણવ અને શૈવ અખાડાઓ માટે અલગ-અલગ તીર્થસ્થળો પર સ્નાનની વિશેષ પરંપરા છે.

20 મહિના સુધી ચાલનારા કુંભ મેળાના 44 મુહૂર્ત નાસિકમાં અને 53 મુહૂર્ત ત્ર્યંબકેશ્વરમાં સ્નાન માટે છે. સરકારનો અંદાજ છે કે નાસિકમાં 8-10 કરોડ અને ત્ર્યંબકેશ્વરમાં 4 કરોડ શ્રદ્ધાળુઓ આવશે.

● શનિવારે સોશિયલ મીડિયા હેન્ડલ પર તસવીરો શેર કરી આપ્યા લગ્નના એંધાણ

જમ્મુ-કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાના વરિષ્ઠ પત્રકાર નિધિ રાઝદાન સાથે નિકાહ



● ગત જુલાઈ માસમાં જ પહેલી પત્ની પાયલ અબ્દુલ્લા સાથે પરસ્પર સંમતિથી થયા હતા છૂટાછેડા

(એજન્સી) શ્રીનગર | તા.31

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પોતાના જીવનની એક નવી ઈનિંગની શરૂઆત કરી છે. વરિષ્ઠ પૂર્વ પત્રકાર અને જાણીતા મીડિયા ચહેરા નિધિ રાઝદાન સાથે તેમણે નિકાહ કરી લીધા છે. શનિવારે ઓમર અબ્દુલ્લાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બંનેની બે સુંદર તસવીરો શેર કરીને આ અંગે સત્તાવાર માહિતી આપી હતી. તસવીર સાથે તેમણે લખ્યું હતું કે, 'કાલથી એક નવી જર્ની શરૂ થઈ, નિધિ' અને સાથે એક રિંગનું ઈમોજી પણ મૂક્યું હતું.ઓમર અબ્દુલ્લા નિધિ રાઝદાન નિકાહ ૨૦૨૬ ના આ સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ચર્ચાનો વિષય બન્યા છે. ઓમર અબ્દુલ્લાની પોસ્ટ બાદ નિધિ રાઝદાને પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, 'ઇટ્સ ડન બ્રો'. બંનેની આ પોસ્ટે તેમના ચાહકો અને રાજકીય વર્તુળોમાં લગ્ન અને સગાઈની અટકળો પર વિરામ મૂકી દીધો છે અને લોકો તેમને નવા જીવન માટે શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

કન્યાદાન યોજનામાં જ કૌભાંડ, 5900થી વધુ ફેક મેરેજ બતાવી 30 કરોડનું ફૂલેકું ફેરવ્યું

(એજન્સી) મધ્ય પ્રદેશ | તા.31

મધ્ય પ્રદેશમાં ગરીબ અને બાંધકામ ક્ષેત્રના શ્રમિકોની દીકરીઓના લગ્ન માટે ચલાવવામાં આવતી 'મુખ્યમંત્રી કન્યાદાન યોજના'માં થયેલા કરોડો રૂપિયાના કૌભાંડમાં ED દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મધ્ય પ્રદેશના વિદેશા જિલ્લામાં થયેલા આશરે 30.18 કરોડના કૌભાંડ મામલે EDએ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સિરોંજ જનપદ પંચાયતના તત્કાલીન CEO શોભિત ત્રિપાઠી અને તેમના સહયોગી હેમંત સાહૂની 5.37 કરોડની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે.તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, સિરોંજ જનપદ પંચાયતના તત્કાલીન CEO શોભિત ત્રિપાઠીએ વર્ષ 2019થી નવેમ્બર 2021 દરમિયાન અન્ય લોકો સાથે મળીને 5,923 બોગસ લગ્ન દર્શાવ્યા હતા. રાજ્ય સરકારની આ યોજના હેઠળ નોંધાયેલા ગરીબ શ્રમિકોની દીકરીઓના લગ્ન માટે 51,000ની આર્થિક સહાય આપવામાં આવતી હતી. આ કૌભાંડમાં અપાત્ર લોકોના નામે બોગસ અરજીઓ અને દસ્તાવેજો તૈયાર કરીને બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે કોરોના લોકડાઉન દરમિયાન જ્યારે જાહેર લગ્નપ્રસંગો પર સંપૂર્ણ પ્રતિબંધ હતો, ત્યારે પણ આ બોગસ ખાતાઓમાં યોજનાના કરોડો રૂપિયા જમા કરાવીને રોકડ રકમ ઉપાડી લેવામાં આવી હતી. આ સમગ્ર કૌભાંડ અંગે ભોપાલના આર્થિક અપરાધ વિંગ (EOW) ખાતે એફઆઈઆર નોંધાઈ હતી, જેના આધારે EDએ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી. આ મામલે EDએ લગભગ બે મહિના પહેલા એટલે કે 2 સપ્ટેમ્બર 2026ના રોજ મુખ્ય આરોપી શોભિત ત્રિપાઠીની ધરપકડ કરી હતી.

પહેલા અયોધ્યા, પછી મથુરા અને હવે નાગપુર... લાગે છે ભાજપથી ભગવાન પણ નારાજ છે : કપિલ સિબ્બલ

(એજન્સી) નાગપુર | તા.31

મહારાષ્ટ્રના નાગપુર સ્નાતક વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસની જીત બાદ રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના ઉમેદવાર અભિજીત ગોવિંદરાવ વંજારીએ ભાજપના ઉમેદવાર સુધાકર કોહલેને 3,271 મતોથી હરાવ્યા છે. આ બેઠક પરંપરાગત રીતે ભાજપનો ગઢ માનવામાં આવે છે. ભાજપની હારને લઈને કટાક્ષ કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે હવે ભગવાન પણ ભાજપથી નારાજ છે. નાગપુર સ્નાતક વિધાન પરિષદની ચૂંટણીની મતગણતરી 40 કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. લાંબી મતગણતરી બાદ કોંગ્રેસના અભિજીત વંજારીએ જીત નોંધાવી હતી. આ પરિણામને લઈને કપિલ સિબ્બલે ભાજપ પર પ્રહાર કર્યા હતા.કપિલ સિબ્બલે કહ્યું કે ભાજપ કોંગ્રેસની વધુ ચિંતા કરી રહી છે, જ્યારે તેણે પોતાની સ્થિતિ અંગે વિચારવાની જરૂર છે. તેમણે કહ્યું, "ભાજપે યાદ રાખવું જોઈએ કે તે પહેલાં અયોધ્યામાં હાર્યું, ત્યારબાદ મથુરામાં અને હવે વારાણસીમાં પણ હાર્યું છે. ગોરખપુરને પણ તેની હાર જ માનવી જોઈએ. હવે નાગપુરમાં પણ ભાજપ હાર્યું છે. આનો અર્થ એ છે કે ભગવાન પણ ભાજપથી નારાજ છે." તેમણે વધુમાં કહ્યું કે જો તમે કોઈ મંદિરમાં ખોટું કામ કરો છો અથવા આ પવિત્ર સ્થળો પર મંદિરો તોડો છો તો જનતા ચોક્કસ સવાલ ઉઠાવશે. હવે તેમના મિત્રો પણ તેમની સાથે ઊભા નથી.ભાજપ પર વધુ પ્રહાર કરતાં સિબ્બલે કહ્યું કે ભાજપે જનતાને જણાવવું જોઈએ કે તેણે ખરેખર કેટલી બેઠકો જીતી છે. પોતાના જ ગઢ નાગપુરમાં હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપે પોતાની સ્થિતિનું મૂલ્યાંકન કરીને તેના પર વિચાર કરવો જોઈએ, કારણ કે આ તો માત્ર શરૂઆત છે. દિલ્હીના રામલીલા મેદાનમાં યોજનારી INDIA ગઠબંધનની રેલી અંગે પણ કપિલ સિબ્બલે સરકારને ઘેરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર લોકોને ટ્રેનોમાં આવતા રોકવા, બસોને દિલ્હીમાં પ્રવેશતી અટકાવવા અને દિલ્હીમાં પ્રવેશ પર પ્રતિબંધો મૂકવાના તમામ પ્રયાસો કરી રહી છે. સિબ્બલે કહ્યું કે સરકાર દરેક શક્ય પ્રયાસ કરી રહી છે.



તમાકુ ઉત્પાદનોની તપાસમાં ગોબાચારી: ૪ એફડીએ અધિકારી સસ્પેન્ડ

(એજન્સી) મુંબઈ | તા.31

પ્રતિબંધિત તમાકુજન્ય પદાર્થોના મામલે કાર્યવાહી દરમિયાન ગંભીર અનિયમિતતાઓ સામે આવતાં મહારાષ્ટ્ર સરકારે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના ચાર અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે અન્ય ૨૧ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આમ, કુલ પચ્ચીસ અધિકારીઓ સરકારી કાર્યવાહીના દાયરામાં આવ્યા છે. આ માહિતી રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના મંત્રી નરહરિ ઝિરવાળે આપી હતી. થાણેની હાઈ સ્ટ્રીટ ઈમ્પેક્સ એલએલપી અને માવળ તાલુકાની સોએક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપની સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં અધિકારીઓની ભૂમિકા અને કથિત ગેરરીતિઓની તપાસ એફડીએ કમિશનર તુકારામ મુંઢે મારફતે કરવામાં આવી હતી. તપાસના અહેવાલ બાદ ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કરાયો હતો. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં અન્ન સહઆયુક્ત દિગંબર ભોગાવડે, અન્ન સહાયક આયુક્ત યદુરાજ દહાતોંડે તથા અન્ન સુરક્ષા અધિકારીઓ અશોક ઈલાગેર અને સી.આર. સ્વામીનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર નાગરિક સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૯ના નિયમ ૮ હેઠળ તેમની સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવી છે. હાઈ સ્ટ્રીટ ઈમ્પેક્સના મામલે સંબંધિત ઉત્પાદન પર 'ખાદ્ય ઉપયોગ માટે નહીં, માત્ર હુક્કામાં ધૂમ્રપાન માટે' એવું સ્પષ્ટ લખેલું હોવા છતાં ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

એક્ટિવિસ્ટ અરુણ ફેરેરાની ધરપકડ હાઈકોર્ટે ગેરકાયદે જાહેર કરી

(એજન્સી) મુંબઈ | તા.31

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે બાંદ્રાના રહેવાસી અરુણ ફરેરાની ધરપકડને ગેરકાયદેસર જાહેર કરી છે, અને કહ્યું છે કે પોલીસે ૨૦૧૧ માં જેલમાંથી મુક્ત થયા પછી તેમની ધરપકડના કારણોની જાણ કરવામાં નિષ્ફળ રહીને બંધારણીય સલામતીનું ઉલ્લંઘન કર્યું છે.૨૭ ઓક્ટોબરના રોજ ન્યાયાધીશ ઉમલા જોશી-ફાળકે અને રાજ વાકોડેની બેન્ચે શોધી કાઢ્યું હતું કે ગઢચિરોલી જિલ્લામાં નોંધાયેલા બે કેસોના સંદર્ભમાં ફરેરાને કસ્ટડીમાં લેતી વખતે પોલીસે ફરજિયાત પ્રક્રિયાઓનું પાલન કરવામાં નિષ્ફળ રહી હતી.ફેરેરાની મે ૨૦૦૭ માં ધરપકડ કરવામાં આવી હતી અને આઠ ફોજદારી કેસોમાં તેમની સામે કેસ ચલાવવામાં આવ્યો હતો. તેમને આઠેય કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. છેલ્લા કેસમાં નિર્દોષ જાહેર થયા પછી, તેણે મુક્તિ માટેની ઔપચારિકતાઓ પૂર્ણ કરી હતી અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ નાગપુર સેન્ટ્રલ જેલ છોડવાનું હતું.જોકે, જેલમાંથી બહાર નીકળ્યાના થોડા સમય પછી, સિવિલ ડ્રેસમાં પોલીસ કર્મચારીઓ તેમને નંબર વગરના વાહનમાં લઈ ગયા. તે સમયે તેની માતા, ભાઈ અને વકીલ હાજર હતા. તેના વકીલે ધંતોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે ફરેરાને બળજબરીથી લઈ જવામાં આવ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પોલીસે તેમના દાવાને સમર્થન આપવા માટે કોઈ સ્ટેશન ડાયરી કે જનરલ ડાયરી એન્ટ્રી રજૂ કરી નથી કે અધિકારીને ફરેરાને કસ્ટડીમાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ચારધામમાં હેલિકોપ્ટરની કુલ નવ દુર્ઘટના બની

ચારધામ હેલિકોપ્ટર દુર્ઘટનામાં કર્ણાટકના છ જણનાં મોત નીપજ્યા

(એજન્સી) ચમોલી(ઉત્તરાખંડ)| તા.31

ઉત્તરાખંડના જોશીમઠમાં બદ્રીનાથથી દહેરાદૂન પરત ફરતુ હેલિકોપ્ટર જોશીમઠ નજીક વરસાદના કારણે તૂટી પડતા કર્ણાટકના છના મોત થયા છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ટ્રાન્સ ભારત એવિયેશન પ્રાઈવેટ લિમિટેડના બેઠેલા છ જણની ઓળખ કેપ્ટન હિમાંશુ, પ્રતાપ, અરુણ, શંકર ગૌડા, સુધીર કે અને એચે સ નટરાજ તરીકે થઈ છે. આ હેલિકોપ્ટર જોશીમઠમાં જેપી પાવર હાઉસ જોડે બપોરે ૨:૨૦ વાગે તૂટી પડયુ હતુ. ચંબોલીનું તંત્ર, પોલીસ એસડીઆરએફ, આર્મી અનએ આઈટીબીપીએ રાહત-બચાવની કામગીરી કરી હતી.સીએમ પુષ્કર ધામીએ જણાવ્યું હતું કે તેઓ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છેઅને તેમા ગંભીર ઈજા પામનારાઓને તાત્કાલિક એરલિફ્ટ કરીને ઉચ્ચસ્તરીય મેડિકલ ફેસિલિટી ખાતે મોકલવા સૂચના આપી હતી. ઉત્તરાખંડ સિવિલ એવિયેશન ડેવલપમેન્ટ ઓથોરિટી (યુકાડા)એ જણાવ્યું હતું કે ટ્રાન્સ ભારત એવિયેશન પ્રાઈવેટ લિમિટેડનું હેલિકોપ્ટર વીટી-એચસીએક્સ બદ્રીનાથથી દહેરાદુનમાં સહસ્ત્રધારા જઈ રહ્યુ હતુ. તે બપોરે ૧:૧૫ વાગે ઉડયુ હતુ અને ૨:૨૦ વાગે ગુમ થયુ હતુ. યુસીએડીએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે હેલિકોપ્ટરે જોશમીઠ ખીણમાં ઉડતી વખતે સંપર્ક ગુમાવ્યુ હતો, તે જ સમયે ટ્રેકિગ સિસ્ટમ પરથી હેલિકોપ્ટર અદ્રશ્ય થઈ ગયુ હતુ. તેના લીધે તેનું લોકેશન નિશ્ચિત થઈ શક્યું ન હતુ. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫થી ૨૦૨૫ દરમિયાન ચારધામમાં હેલિકોપ્ટરની કુલ નવ દુર્ઘટના બની છે. તેમા આઠ અકસ્માતો અને એક ગંભીર અકસ્માત છે. ૨૦૨૨થી તો ઉત્તરાખંડમાં દર વર્ષે કમસેકમ એક અકસ્માત તો થાય જ છે. ગયા વર્ષે ચાર હેલિકોપ્ટર અકસ્માત થયા હતા. તેમા બે ગંભીર હતા. ગયા વર્ષે એક જ વર્ષમાં સૌથી વધુ અકસ્માત થયા હતા, એમ એએઆઈબીએ જણાવ્યું હતું. બદ્રીનાથ ટેમ્પલ ઉત્તરાખંડમાં ચારધામ યમુનોત્રી, ગંગોત્રી અને કેદારનાથ પૈકીનું એક છે.

લુફ્થાન્સા અને IBM સાથે જોડાયેલા કર્મચારીઓનાં મોત

લક્ઝરી હોટેલમાં મધરાતે ચીસાચીસ: સ્વિમિંગ પૂલમાં બે વિદેશી નાગરિકના મોત, બે ઈજાગ્રસ્ત; વીજકરંટની આશંકા

(એજન્સી) બેંગલુરુ | તા.31

બેંગલુરુની એક ફાઈવ સ્ટાર હોટલમાં શુક્રવારે સાંજે ચોંકાવનારી ઘટના બની હતી. હોટલના સ્વિમિંગ પૂલમાં કથિત રીતે વીજ કરંટ લાગતાં બે વિદેશી નાગરિકોનાં મોત નીપજ્યાં હતાં. મૃતકોમાં એક જર્મન અને એક સ્લોવાકિયન નાગરિકનો સમાવેશ થાય છે. બંનેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે અન્ય બે લોકો પણ વીજ કરંટની ઝપેટમાં આવતાં ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે હોટલની સુરક્ષા વ્યવસ્થા અને સંભવિત બેદરકારી અંગે સવાલો ઊભા થયા છે.આ ઘટના બેંગલુરુની 24 માળની લક્ઝરી

ફાઈવ સ્ટાર કોનરાડ હોટલના ત્રીજા માળે આવેલા સ્વિમિંગ પૂલમાં બની હતી. બંને વિદેશી નાગરિકો શુક્રવારે સાંજે સ્વિમિંગ કરવા ગયા હતા. આ દરમિયાન તેમને વીજ કરંટ લાગ્યો હતો.મૃતકોની ઓળખ 57 વર્ષીય એલેક્ઝાન્ડર મેક્સિમિલિયન થેઈસ અને 45 વર્ષીય જુરાજ હોર્વાટ તરીકે થઈ છે. એલેક્ઝાન્ડર જર્મનીના નાગરિક હતા અને લુફ્થાન્સા એરલાઈન્સમાં ક્રૂ મેમ્બર તરીકે કામ કરતા હતા. જ્યારે જુરાજ હોર્વાટ સ્લોવાકિયાના નાગરિક હતા અને ટેક્નોલોજી કંપની IBMમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કાર્યરત હતા. બંને હોટલમાં રોકાયા હતા.સ્વિમિંગ પૂલમાં બંનેને મુશ્કેલીમાં જોઈને તેમને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન હોટલમાં મહેમાન તરીકે રોકાયેલા 41 વર્ષીય અમેરિકન નાગરિક મેથ્યુ ડેસાન્ટિસ અને 28 વર્ષીય ભારતીય પૂલ એટેન્ડન્ટ રાહુલ તિવારીને પણ વીજ કરંટ લાગ્યો હતો. બંને ઘાયલોને તાત્કાલિક મણિપાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ બંનેની સારવાર ચાલી રહી છે અને તેમની સ્થિતિ જોખમ બહાર હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. જોકે, હોટલ મેનેજમેન્ટ તરફથી હજુ સુધી આ ઘટના અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સ્વિમિંગ પૂલને 31 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી મેન્ટેનન્સના કામ માટે બંધ રાખવામાં આવ્યો છે.

હિંસક પ્રાણીઓ વચ્ચે રહીને જંગલોની રક્ષા કરનાર વન રક્ષકોની માંગણીઓ સરકાર માને: ઈસુદાન

ગાંધીનગરમાં આંદોલન કરી રહેલા વન રક્ષક અને વનપાલોની પડખે આવ્યા AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ । તા. 31

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, હિંસક પ્રાણીઓ વચ્ચે રહીને પણ વનનું રક્ષણ કરતા વન રક્ષક અને વનપાલ છેલ્લા ઘણા દિવસોથી ગાંધીનગરમાં પોતાની પડતર માંગણીઓને લઈને આંદોલન કરી રહ્યા છે. ખરેખર સરકારો એવી હોવી જોઈએ કે કોઈ રજૂઆત કરે અને સરકાર કામ કરે, પરંતુ આ અહંકારી સરકારને કંઈ ફરક પડતો નથી. આ વન રક્ષક અને વનપાલ હિંસક પ્રાણીઓ વચ્ચે રહેતા હોય તો જે જોખમી ભથ્થું હોય, ગ્રેડ પે હોય, સીધી ભરતીના મામલા છે, આ સિવાય રજાના અને બદલીના મામલાઓ છે, આવી એમની અનેક પડતર માંગણીઓ છે એને સહેલાઈથી આના પર કામ થઈ શકે એમ છે. કારણ કે એમની માંગણીઓ

મુખ્યમંત્રી અને વનમંત્રી આંદોલન પર ઉતરેલા વન રક્ષક અને વનપાલોની સમસ્યાનો ઉકેલ લાવે: ઈસુદાન ગઢવી

વ્યાજબી છે. આ માંગણી એવી પણ નથી કે જેનું પાલન કરવાથી સરકાર પર ખૂબ બધું ભારણ આવી જાય. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી વન રક્ષક અને વનપાલો માંગો કરી રહ્યા છે અને છેલ્લે તેમણે આંદોલન પર પણ ઉતરવું પડ્યું અને એ પણ ખાખી કપડામાં આંદોલન પર ઉતરવું પડ્યું. હું સરકારના મુખ્યમંત્રી અને વન મંત્રીને વિનંતી કરું છું કે આપણા જંગલોની, કુદરતી સંપત્તિઓની, વૃક્ષોની, પ્રાણીઓની જે લોકો રખેવાળી કરે છે એ લોકોને એમના હક અને અધિકાર મળવા જોઈએ, આપ એમની વ્યાજબી માંગણીઓ સાંભળો અને ઉકેલ લાવો એવી અમારી માંગ છે અને વિનંતી છે. આજે હું એક જંગલની વચ્ચે જ ઉભો છું અને મને ખ્યાલ છે કે જંગલમાં ફરજ બજાવવું ખૂબ જ કઠિન હોય છે તો આ તમામ વન રક્ષકો અને વનપાલની માંગણીઓ સરકાર માને અને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવે એવી હું માંગણી કરું છું.

જોખમી ભથ્થું, ગ્રેડ પે, સીધી ભરતી, રજાના અને બદલીના મામલાઓ, આવી એમની અનેક પડતર માંગણીઓ છે, આના પર સહેલાઈથી કામ થઈ શકે એમ છે, આ માંગણી એવી પણ નથી કે જેનું પાલન કરવાથી સરકાર પર ખૂબ બધું ભારણ આવી જાય

વિકાસના નામે આદિવાસીઓની જમીનો લેવાઈ પરંતુ રોજગારી ન મળી: શકુંતલાબેન વસાવા

'આપ' ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં નીકળેલી આદિવાસી ન્યાય યાત્રાના આઠમા દિવસે લીમડી એક પત્રકાર પરિષદ યોજાઈ

(એજન્સી) અમદાવાદ । તા. 31

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં નીકળેલી આદિવાસી ન્યાય યાત્રાના આઠમાં દિવસે દાહોદ જિલ્લાના લીમડી ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં ડેડિયાપાડાના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્નીઓ શ્રીમતી શકુંતલાબેન વસાવા અને શ્રીમતી વર્ષાબેન વસાવા, પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈ, પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવા, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકાબેન રાઠવા તેમજ દાહોદ જિલ્લા પ્રમુખ રાકેશ બારિયાએ ઉપસ્થિત રહીને સરકાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈએ જણાવ્યું હતું કે આ યાત્રા આદિવાસીઓ માટે હર હંમેશ લડતા, આદિવાસીઓના હક અધિકાર માટે લડતા, આદિવાસીઓની અસ્મિતાને ઉજાગર કરતા અને આદિવાસીઓના પ્રેરણાસ્ત્રોત એવા ચૈતરભાઈ વસાવાને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ષડયંત્ર કરીને સાત વર્ષની જેલની સજા અપાવી છે. એના ન્યાય માટે, ન્યાય લેવા માટે

ચૈતરભાઈનો પરિવાર તેમના ધર્મપત્નીઓ શકુંતલાબેન અને વર્ષાબેન આ યાત્રાનું નેતૃત્વ કરી રહ્યા છે અને આખા ગુજરાતના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસીઓ પાસે તેમના સમર્થનની માંગણી કરી રહ્યા છે. પહેલા દિવસે ૨૪ તારીખે જ્યારે યાત્રા ઉમરગામથી નીકળી ત્યાંથી માંડીને આજે આઠમા દિવસ સુધી ઠેર ઠેર હજારો અને લાખોની સંખ્યામાં આદિવાસીઓ આ યાત્રાને અને ચૈતરભાઈને ન્યાય અપાવવા માટે સમર્થન કરી રહ્યા છે. ચૈતરભાઈ આ દાહોદ જિલ્લા માટે ખૂબ લડ્યા, દાહોદ જિલ્લાના જેટલા પણ પ્રશ્નો હતા એના માટે પણ લડ્યા. ત્યાંના આપણા સાંસદ જશવંતસિંહ ભાભોર જે અગાઉ કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે, રાજ્યમંત્રી પણ રહી ચૂક્યા છે અને ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે, છતાં આજે તમે આ લીમડીના બસ સ્ટેન્ડ ઉપર, દાહોદના બસ સ્ટેન્ડ ઉપર કે દાહોદ જિલ્લાના કોઈ પણ બસ સ્ટેન્ડ ઉપર જોશો તો માથે પોટલા લઈને રોજગારી માટે હજારોની સંખ્યામાં લોકો ત્યાંથી પલાયન કરી રહ્યા છે. એના સિવાયનો દાહોદ જિલ્લાનો જે સૌથી મોટો પ્રશ્ન છે કે જેના માટે ચૈતરભાઈ વારંવાર અહીંયા આવીને લડતા હતા એ છે અહીંની જમીનનો. અહીં જે એક્સપ્રેસ હાઈવે પસાર થયો, એરપોર્ટ બની રહ્યું છે અને અત્યારે એક રેલવે લાઇન નવી પસાર થઈ રહી છે. આની અંદર હજારો આદિવાસીઓની જમીન સંપાદન થઈ છે, એ આદિવાસીઓ પાસે રોજગારી નથી, આદિવાસીઓ માટે પોતાનું ભરણપોષણ કરવા માટે જમીન નથી રહી અને ત્યાં આ હજારો હેક્ટર જમીન જ્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસીઓ પાસેથી પડાવી લેતી હોય અને ચૈતરભાઈ ત્યાં લડતા હોય, ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એને ષડયંત્રમાં ફસાવીને ચૈતરભાઈને જેલમાં પૂર્યા છે, પણ હું આ ગુજરાતના આદિવાસીઓને આપના માધ્યમથી કહેવા માંગું છું કે આપણે ચૈતરભાઈને સંદેશ પહોંચાડવાનો છે કે તમારી લડાઈ અમે આગળ ચલાવીશું, તમારા પરિવારની સાથે અમે ઊભા રહીશું અને અમે તમારી સાથે પણ ઊભા રહીશું. ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્નીઓ શકુંતલાબેન વસાવા અને વર્ષાબેન વસાવાએ જણાવ્યું હતું કે વિકાસના પ્રોજેક્ટ્સ અને ફેક્ટરીઓ બનાવવા માટે જમીનો પોતાના ગામડાઓ ખાલી કરીને આપવામાં આવી છે, પરંતુ એનું આજદિન સુધી કોઈ પણ વળતર ચૂકવવામાં આવ્યું નથી.

સરકાર હજુ સંતોષકારક સહાયની જાહેરાત કરે એવી અમારી માંગ છે: પ્રવીણ રામ AAP

(એજન્સી) અમદાવાદ | તા. 31

આમ આદમી પાર્ટીના કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે એક અત્યંત દુઃખદ ઘટના વિશે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ જ દયનીય બની ગઈ છે. પરંતુ સરકાર અને સરકારના મંત્રીઓ આ વાત માનવા તૈયાર નથી અને ફક્ત મોટી મોટી વાતો કરે છે કે "ખેડૂતોને વધવા લાગ્યું છે, એટલા માટે ખેડૂતો હવે પલાયન કરી રહ્યા છે, તેમના પશુઓને કોઈ આશ્રમમાં છોડી દેવા માટે મજબૂર બન્યા છે. અને હવે છેલ્લે આ ઘટના સામે

સરકારના મંત્રીઓ ગમે તેવા નિવેદનો આપે પરંતુ વાસ્તવિકતામાં ખેડૂતોની સ્થિતિ દયનિય છે, સરકારે જે મામૂલી સહાયની જાહેરાત કરી છે એનાથી ખેડૂતોને કંઈ થવાનું નથી, ખેડૂતોને પણ અપીલ કરીએ છીએ કે આ રીતનું પગલું ભરવું એ કોઈ નિરાકરણ નથી, આપણે તમામ લોકો સાથે મળીને લડીશું

હતું કે તાજેતરમાં ગુજરાત સરકારની નિષ્ફળતાના કારણે એક દુઃખદ ઘટના બની છે. જામનગરના વાવડી ગામે આ વર્ષે દુષ્કાળના કારણે પાક નિષ્ફળ જતા અને કર્જ વધી જવાના કારણે એક ખેડૂતે આત્મહત્યા કરી છે. પરમ કૃપાળુ પરમાત્મા આ દુઃખની ઘડીમાં તેમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું. અમે વારંવાર દુષ્કાળ બાબતે સરકારનું ધ્યાન દોરતા આવ્યા છીએ, વાત કરતા આવ્યા છીએ, આંદોલન કરતાં આવ્યા છીએ અને જણાવી રહ્યા છીએ કે

જામનગર જિલ્લામાં પાક નિષ્ફળ જતા અને કર્જ વધી જવાના કારણે એક ખેડૂતે આત્મહત્યા કરી. સરકાર હજુ સંતોષકારક સહાયની જાહેરાત કરે એવી અમારી માંગ છે

અને પશુઓને જે જોઈએ છે એ પુરવઠો અમે પૂરો પાડીએ છીએ" આવા નિવેદનો મંત્રીઓ વારંવાર આપતા હોય છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, સરકારના મંત્રીઓ ગમે તેવા નિવર્દનો આપે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ ખેડૂતોની કંઈ અલગ છે, દરેક ખેડૂતો પર કર્જ આવી જેમાં હેમંતભાઈ નામના ખેડૂતે આત્મહત્યા કરી. હજુ પણ સરકારે જાગવાની જરૂર છે અને સરકારે જે મામૂલી સહાયની જાહેરાત કરી છે એનાથી ખેડૂતોને કંઈ થવાનું નથી. સરકાર હજુ સંતોષકારક સહાયની જાહેરાત કરી એવી અમારી માંગ છે અને અમે ખેડૂતોને પણ અપીલ કરીએ છીએ કે આ રીતનું પગલું ભરવું એ કોઈ નિરાકરણ નથી આપણે તમામ લોકો સાથે મળીને લડીશું, અવાજ ઉઠાવીશું અને સરકાર પાસેથી આપણે આપણો હક મેળવીને રહીશું.

APK ફાઇલ મોકલી ક્રેડિટ કાર્ડમાંથી 6 લાખના મોબાઈલ ખરીદ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 31

નારોલ વિસ્તારમાં રહેતા ઈન્ડિયા ઓઈલ કંપનીના ઓપરેશન મેનેજરના મોબાઈલ ફોન પર M.parivahanની APK ફાઈલ આવી હતી. મેનેજરે ફાઈલ ડાઉનલોડ કરતા મોબાઈલનું એક્સેસ મેળવીને અજાણ્યા શખ્સોએ ફોન હેક કરી બેંકના OTP મેળવીને ક્રેડિટકાર્ડમાંથી 5.90 લાખના મોબાઈલ ફોન ખરીદી લીધા હતા. જે અંગે યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. નારોલ ખાતે કર્ણાવતી એપાર્ટમેન્ટ-4 પાસે રહેતા હરીશ ગુપ્તા ઈન્ડિયા ઓઈલમાં ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે. મે, 2026 દરમિયાન તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં એપીકે ફાઈલ આવી હતી. તેમણે આ ફાઈલ ખોલીને તરત જ બંધ કરી દીધી હતી.

જોબવર્કનો માલ પરત લાવવા અને મકાનના દસ્તાવેજ કરાવી આપવાના નામે ₹47 હજાર પડાવતા ફરિયાદ

ખોખરામાં નકલી પોલીસ બની શખસે 3 લોકો પાસેથી પૈસા પડાવ્યા

(એજન્સી) અમદાવાદ । તા. 31

ખોખરામાં રહેતી વેપારી મહિલાને અટવાયેલો માલ છોડાવી આપવાની તેમજ શેડ ભાડે અપાવવાની લાલચ આપી નકલી પોલીસ બની શખસે પૈસા પડાવી લીધા હતા. તેવી જ રીતે શખસ મહિલાના અન્ય બે પડોશીને પણ મકાનના દસ્તાવેજ કરાવી આપવાનું કહી કુલ 47 હજાર પડાવી લીધા હતા. પૈસા પરત માગતાં ફોન પર ધમકીઓથી કંટાળીને મહિલાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ખોખરા કર્ણાવતી રોડ પર પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા સંગીતાબેન પટેલ ઓઢવમાં જેન્ટ્સ શર્ટ જોબવર્કનું કારખાનું ચલાવે છે. તેમણે ખંભાતના ધુરંધર ગામ ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ દરબારને 567 શર્ટ જોબવર્ક માટે આપ્યા હતા. કામ પૂરું ન થતાં માલ પરત માગ્યો ત્યારે ધર્મેન્દ્રભાઈએ 30 હજારનો હિસાબ માગ્યો હતો. જ્યારે ખરેખર કામ 19 હજારનું થયું હતું. માલ અટવાતાં સંગીતાબેને પડોશી અશ્વિનીબેનને વાત કરી હતી. અશ્વિનીબેને તેમનો સંપર્ક અમરાઈવાડી જોગેશ્વરી રોડ પ્રિતમપાર્ક સોસાયટીમાં રહેતા અલ્કેશ રમણભાઈ પરમાર સાથે કરાવ્યો હતો.

અલ્કેશે પોતે પોલીસ ખાતામાં નોકરી કરે છે તેવી ઓળખ આપી શર્ટ પરત અપાવી દેશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ખંભાત જવાના પેટ્રોલ પેટે 4,500 અને પતાવટ પેટે 19 હજાર ઓનલાઈન મેળવી લીધા હતા. જો કે તેણે શર્ટ અપાવ્યા ન હોતા અને ફોન ઉપાડવાનો બંધ કરી દીધો હતો. આ ઉપરાંત અલ્કેશે સંગીતાબેન પાસેથી બાકરોલ ખાતે શેડ ભાડે અપાવવાના ડિપોઝિટ પેટે 11 હજાર લીધા હતા.

એટલું જ નહીં, સંગીતાબેનના પડોશી અશ્વિનીબેન પાસેથી 10 હજાર અને ગોપાલભાઈ સુદામભાઈ મહાજન પાસેથી 14 હજાર મકાનના દસ્તાવેજ કરાવી આપવાના નામે મેળવ્યા હતા. ત્રણેય લોકો પાસેથી 47 હજાર પડાવ્યા બાદ પૈસા પરત માગતાં અલ્કેશ ધમકીઓ આપતો હતો. કંટાળીને સંગીતાબેને ખોખરા પોલીસ સ્ટેશનમાં અલ્કેશ પરમાર સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી અલ્કેશ રમણભાઈ પરમાર રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ આ અગાઉ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં પણ પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી લોકો સાથે છેતરપિંડી આચરવા અંગે ગુનો દાખલ થઈ ચૂક્યો છે.

રૂપિયા 31 કરોડની સ્કૂલ બેગ બનાવવાનો ઓર્ડર આપી ઠગાઈ આચરી

(એજન્સી) અમદાવાદ | તા. 31

પાલડીના વેપારીને આસામની સરકારી સંસ્થામાંથી 31 કરોડની સ્કૂલ બેગનો ઓર્ડર આપવાનું કહીને ત્રણ શખસે 24.16 લાખની ઠગાઈ કરી છે. વેપારીએ કામ મળવાના કારણે આરોપીના કહ્યા મુજબ 39.16 લાખ આપ્યા હતા, પરંતુ કામ ન થતા આરોપીઓએ 15 લાખ પરત આપ્યા હતા. બાકીના 24.16 લાખ પરત માંગતા આરોપીઓએ વેપારીને પૈસા ભૂલી જવાનું કહ્યું હતું, જેથી વેપારીએ ક્રાઈમ બ્રાન્ચના EOWમાં ફરિયાદ નોંધાવી છે.

પાલડીમાં રહેતા અમન વસાવડા રાજપથ ક્લબની પાછળ ઓફિસ ચલાવી સરકારી ટેન્ડર મેળવી કામ કરે છે. 2022માં આસામ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગમાં બોટ સપ્લાય કરવાનું કામ મળ્યું હતું,

ત્યારે મુકબઈના સુધીર ચૌધરી અને ભોપાલના ગગન સક્સેના સાથે સંપર્ક થયો હતો. બંનેએ રાજ્ય સરકારમાં લાયઝનિંગ કરતા હોવાનું જણાવ્યું હતું. 2023માં સુધીર અને ગગને અમનભાઈને ફોન કરીને હેમંતાકુમાર અધિકારી જે મટક ઓટોનોમસ કાઉન્સિલ નામની સરકારી સંસ્થા ચલાવતા હોવાનું કહીને સંપર્ક કરાવ્યો હતો. હેમંતાકુમારની સરકારી સંસ્થામાં 31.20 કરોડની સ્કૂલ બેગ બનાવવાનો ઓર્ડર અપાવવાની વાત કરી હતી, જેથી અમનભાઈએ ઓફિસમાં કામ કરતા જયદીપને 10 લાખ રૂપિયા લઈને કામ મેળવવા મળવા મોકલ્યો હતો. જયદીપે અમનભાઈના કહેવાથી 9 લાખ રૂપિયા ગગન, સુધીર અને હેમંતાને આપ્યા હતા. જે બાદ કમિશનના પણ ટુકડે-ટુકડે લખી રૂપિયા આપ્યા હતા. અમનભાઈએ કામ મેળવવા કુલ 39.16 લાખ આપ્યા હતા. કામ ન થતા 15 લાખ પરત આપ્યા હતા. જયદીપે અમનભાઈને ત્રણેય ફ્રોડ હોવાનું કહેતા બાકીના પૈસા પરત માંગ્યા હતા.

ત્રણેય અમનભાઈને ચેક મોકલ્યો હતો જે બે વખત બેન્કમાં ભારત રીટર્ન થયો હતો જેથી અમનભાઈએ પૈસા માંગતા તેને જણાએ આ પૈસા ભૂલી જવા કહ્યું હતું. અમનભાઈ સાથે સરકારી કામ અપાવવાના બહાને થયેલી 24.16 લાખની ઠગાઈ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પ્રવીણ રામની ઐતિહાસિક માંગ

જૂનાગઢને ભારતમાં ભેળવનાર સરદાર પટેલના માનમાં કેશોદ એરપોર્ટનું નામકરણ સરદારના નામે થાય

(એજન્સી) અમદાવાદ । તા. 31

આજે ૩૧ ઓક્ટોબર એટલે અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ. આ ઐતિહાસિક દિવસના અવસરે આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે ગુજરાતના મુખ્યમંત્રીને એક વિસ્તૃત પત્ર લખીને જૂનાગઢ જિલ્લાના કેશોદ એરપોર્ટનું નામ 'સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ' રાખવાની મહત્વપૂર્ણ માંગ કરી છે. પ્રવીણ રામે પોતાના પત્રમાં જૂનાગઢ અને કેશોદના ગૌરવશાળી ઈતિહાસનો ઉલ્લેખ કરી આ માંગને માત્ર નામકરણ નહીં, પરંતુ ઈતિહાસને આવનારી પેઢીઓ માટે અમર કરવાની કવાયત ગણાવી છે.'આપ' નેતા પ્રવીણ રામે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, આઝાદી સમયે જ્યારે જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનો દેશદ્રોહી નિર્ણય લીધો હતો, ત્યારે માત્ર અને માત્ર સરદાર વલ્લભભાઈ પટેલની કુનેહ, દ્રઢ ઈચ્છાશક્તિ અને આક્રમક રણનીતિના કારણે જ જૂનાગઢ ભારતનો અતૂટ હિસ્સો બની શક્યું હતું. સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ જ 'આરઝી હકુમત'ની સ્થાપના કરવામાં આવી હતી અને તેની લોકસેનાના સરસેનાપતિ તરીકે કેશોદના જ સપૂત રતુભાઈ અદાણીએ સશસ્ત્ર ક્રાંતિની જવાબદારી સંભાળી હતી. જે કેશોદના વતની હતા,'આપ' નેતા પ્રવિણ રામે વધુમાં ઉમેર્યું છે કે, લોકસેના અને સરદાર પટેલની રણનીતિથી ચારે દિશાઓમાંથી જ્યારે જૂનાગઢ પર ભારે દબાણ ઊભું કરવામાં આવ્યું, ત્યારે ભયભીત થયેલો જૂનાગઢનો નવાબ આજ કેશોદ એરપોર્ટ પરથી જ પોતાનો જીવ બચાવીને રાતોરાત પાકિસ્તાન ભાગી ગયો હતો. કેશોદ એરપોર્ટ આ ઐતિહાસિક ઘટનાનું અને સરદાર પટેલના વિજયનું સાક્ષી છે.પ્રવીણ રામે મુખ્યમંત્રીને અપીલ કરતા સ્પષ્ટ કર્યું છે કે, જે એરપોર્ટ પરથી સરદાર પટેલે પોતાની તાકાત અને મુત્સદ્દીગીરીથી નવાબને દેશ છોડીને ભાગવા મજબૂર કર્યો હતો, તે જ કેશોદ એરપોર્ટને જો 'સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ' નામ આપવામાં આવે, તો સરદાર સાહેબને આ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. આ નિર્ણયથી જૂનાગઢ મુક્તિ સંગ્રામનો સુવર્ણ ઈતિહાસ કાયમ માટે જીવંત થઈ જશે.અંતમાં, પ્રવીણ રામે આશા વ્યક્ત કરી છે કે રાજ્ય સરકાર આ ઐતિહાસિક તથ્યો, રાષ્ટ્રપ્રેમ અને સૌરાષ્ટ્રની લોકલાગણીને ધ્યાનમાં રાખીને વહેલામાં વહેલી તકે કેશોદ એરપોર્ટના નામકરણની સત્તાવાર જાહેરાત કરે.

31 ઓક્ટોમ્બર સરદાર સાહેબની જન્મજયંતિના દિવસે જ 'આપ' નેતા પ્રવિણ રામે કેશોદ એરપોર્ટનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ રાખવામાં આવે એવી પત્ર લખી મુખ્યમંત્રી પાસે કરી માંગ

GTUના પ્રોફેસર ડૉ. મનીષ ઠક્કર સામે UGCમાં ફરિયાદ : બંધ થયેલા જર્નલના પેપરને PhD થિસિસમાં મંજૂરી આપી

(એજન્સી) અમદાવાદ | તા. 31

GTUના પ્રોફેસર ડૉ. મનીષ ઠક્કર સામે PhDના સંશોધન કાર્યમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ સાથે UGCમાં ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદીએ બંધ થઈ ગયેલા જર્નલમાં પ્રકાશિત રિસર્ચ પેપરને મંજૂરી આપવા અને પેપરની પ્રકાશન તારીખમાં ગેરરીતિ થઈ હોવાની શંકા વ્યક્ત કરી તપાસની માગ કરી છે. જોકે, પ્રોફેસરે દ્વારા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને બંને રિસર્ચ પેપર વર્ષ 2022ના જ હોવાના તેમજ જનરલ એડિટર પાસેથી પણ 2022માં કન્ફર્મેશન મળેલું હોવાના પુરાવા હોવાનો દાવો કર્યો કરવામાં આવ્યો છે.

ફરિયાદીએ રજૂઆતમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીનીના 'Biomedical Systems' વિષય પરના પેપરને 'Medicinal Chemistry' નામના જર્નલમાં પ્રકાશિત થયું હોવાનું દર્શાવાયું છે. આ જર્નલ UGCની યાદીમાંથી પહેલેથી જ રદ થયેલું હોવા છતાં આ પેપરને થિસિસમાં સામેલ કરાયું હતું. UGCના નિયમ મુજબ PhD થિસિસ જમા કરાવતા પહેલાં ઓછામાં ઓછું એક માન્ય રિસર્ચ પેપર પ્રકાશિત થવું અનિવાર્ય છે. ચોંકાવનારી બાબત એ છે કે આ પેપર વર્ષ 2022માં પ્રકાશિત થયેલું બતાવાયું છે, પરંતુ પ્રકાશકની સત્તાવાર વેબસાઈટ પર તે વર્ષ 2024માં ઉપલબ્ધ થયું હોવાની વિગતો સામે આવતાં પ્રકાશન તારીખમાં મોટો ફેરફાર કરાયો હોવાની શંકા ઘેરી બની છે.

ફરિયાદમાં પ્રોફેસર પાસે પેપર ક્યારે જર્નલને મોકલવામાં આવ્યું અને ક્યારે મંજૂર થયું તે તમામ મૂળ ઈ-મેઈલ સહિતના દસ્તાવેજી પુરાવા રજૂ કરાવવાની માગ કરવામાં આવી છે. આ સાથે વિદ્યાર્થીનીના 'Stochastic Modeling' નામના અન્ય પેપરની પણ ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. એટલું જ નહીં, ડૉ. મનીષ ઠક્કરના માર્ગદર્શન હેઠળ અગાઉ જેટલા પણ વિદ્યાર્થીઓએ PhD સંશોધન પૂર્ણ કર્યું છે, તે તમામના જૂના રિસર્ચ પેપર્સ અને થિસિસની પણ ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની માગણી કરવામાં આવી છે.

ફરિયાદી દ્વારા UGC નિયમોની કલમ 12.2 હેઠળ ડૉ. મનીષ ઠક્કર સામે ત્વરિત તપાસ કમિટી રચી શૈક્ષણિક ગેરરીતિ સામે કડક શિસ્તભંગનાં પગલાં લેવા રજૂઆત કરાઈ છે. ભવિષ્યમાં GTU કે અન્ય કોઈ સંસ્થામાં તેમને PhD માર્ગદર્શક તરીકેની જવાબદારીમાંથી કાયમ માટે મુક્ત કરવા પણ જણાવાયું છે.

ક્રિસમસ સમયે કાંકરિયા કાર્નિવલની જેમ દિવાળીમાં દીપોત્સવ યોજવા કોંગ્રેસની માંગ

(એજન્સી) અમદાવાદ | તા. 31

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ક્રિસમસના તહેવાર દરમિયાન

કાંકરિયા કાર્નિવલનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. ત્યારે દિવાળીના તહેવાર દરમિયાન પણ કાંકરિયામાં દીપોત્સવ મહોત્સવ યોજવાની માગ ઉઠી છે. કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજથી લઈને લાભપાંચમ સુધી કાંકરિયા તળાવને લાખો દીવડાઓ અને આકર્ષક રોશનીથી શણગારવા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકસંગીત અને જાણીતા કલાકારોના કાર્યક્રમો યોજવા માગ કરી છે. એટલું જ નહીં કાંકરિયા કાર્નિવલની જેમ દિવાળી દીપોત્સવમાં પણ બાળકો અને પરિવારો માટે મનોરંજનના કાર્યક્રમો યોજવા અને તમામ નાગરિકો માટે પ્રવેશ સંપૂર્ણ નિઃશુલ્ક રાખવા કોંગ્રેસના મહામંત્રી રાજેશ સોનીએ પત્ર લખ્યો છે. આશરે 18 હજાર કરોડનું બજેટ ધરાવતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદીઓને દિવાળીની ભેટ તરીકે આ પ્રકારનું આયોજન કરે તેવી રજૂઆત કરવામાં આવી છે. જો દીપોત્સવ યોજાય તો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પણ પોતાના શહેરમાં જ પરિવાર સાથે દિવાળીની ઉજવણીનો આનંદ માણી શકે તે માટે આ મહોત્સવ શરૂ કરવા માંગ કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાજેશ સોનીએ જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારમાં અમદાવાદીઓ બહાર ફરવા જતા હોય છે. જો અમદાવાદમાં દીપોત્સવનું આયોજન કરવામાં આવે તો અને તેમાં જે પણ અમદાવાદીઓ આવે તેમની ટિકિટ ફ્રી કરી નાખવામાં આવે તો બહાર અન્ય કોઈ સ્થળે જઈને દિવાળીની ઉજવણી કરવાના બદલે કાંકરિયામાં તહેવારની ઉજવણી કરી શકે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

સગીરાઓના ધર્મપરિવર્તનનો પ્રયાસ, આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર

કોડીનારમાં ધર્મપરિવર્તન કેસમાં ત્રણેય આરોપી જેલ ભેગા

(એજન્સી) કોડીનાર । તા. 31

ગિર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગ્રામીણ વિસ્તારમાંથી બે સગીર વયની દીકરીઓને લલચાવી-ફોસલાવીને ધર્મ પરિવર્તન કરાવવાના ચકચારી અને અત્યંત ગંભીર પ્રકરણમાં સ્થાનિક પોલીસે ગણતરીના કલાકોમાં મોટો ફાટો પાડીને મુખ્ય ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ત્રણેય પકડાયેલા શખ્સોને અદાલત સમક્ષ રજૂ કરીને ચૌદ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી, જેની સામે કોર્ટે તમામ પાસાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ઊંઝા તાલુકાના ઉનાવા ગામે આવેલી દરગાહમાંથી બંને સગીરાઓ બુરખો પહેરેલી હાલતમાં મળી આવતા આખા પંથકમાં ભારે અરેરાટી સાથે ભારે રોષ ફેલાઈ ગયો છે. ઘટનાની સંવેદનશીલતા જોઈને રાજ્ય સરકારે આ સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ માટે તાત્કાલિક અસરથી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ એટલે કે એસઆઈટીની રચના કરવાનો આદેશ આપ્યો છે.

ગીર સોમનાથ પંથકની બે માસૂમ સગીરાઓ શંકાસ્પદ સંજોગોમાં ગુમ થઈ ગયા બાદ તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે બંને બાળકીઓને મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકા ખાતે આવેલી મીરાં દાતાર દરગાહ ખાતે છુપાવીને રાખવામાં આવી છે. આ માહિતીના આધારે કોડીનાર પોલીસે સ્થાનિક કાયદાકીય મદદ લઈને દરગાહ પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસ પણ ચોંકી ઉઠી હતી કારણ કે બંને સગીરાઓ ત્યાં ઓળખ છુપાવીને બુરખો પહેરેલી હાલતમાં મળી આવી હતી. પોલીસ ટીમે ત્વરિત કાર્યવાહી કરીને આ પ્રકરણમાં સંડોવાયેલા મુખ્ય આરોપીઓની અટકાયત કરી લીધી હતી. પકડાયેલા શખ્સોમાં કોડીનારના સ્થાનીય રહેવાસી અબ્દુલ સંધિ, ઉનાવા સ્થિત દરગાહના મૌલવી આસિફ કવાલી ઉર્ફે મરાઠી અને ધોરાજીના નિષાદ કાજીનો સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપીઓ સગીરાઓને બળજબરીથી અને લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવવાના મોટો નેટવર્ક સાથે જોડાયેલા હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

આ સમગ્ર કાળી કરતૂત પાછળ આંતરરાજ્ય કે આંતરજિલ્લા સ્તરે સક્રિય કોઈ મોટું સંગઠિત ગેરકાયદેસર નેટવર્ક કામ કરી રહ્યું છે કે કેમ તે અંગે સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ બારીકાઈથી તપાસ ચલાવી રહ્યા છે. ઘટના અંગે પોલીસે સત્તાવાર પત્રકાર પરિષદ યોજીને અત્યાર સુધી થયેલી કામગીરીની વિગતો જાહેર કરી હતી. રિમાન્ડ દરમિયાન પોલીસ અધિકારીઓ મુખ્યત્વે એ દિશામાં પૂછપરછ કરશે કે આ નાદાન વયની દીકરીઓને કોડીનારથી ઉનાવા સુધી કોણ અને કઈ રીતે લઈ ગયું હતું.

આ ઉપરાંત સમગ્ર ષડયંત્રમાં અન્ય કેટલા સ્થાનિક કે બહારના શખ્સોની સીધી કે આડકતરી ભૂમિકા રહેલી છે તેની માહિતી પણ એકત્ર કરવામાં આવી રહી છે. સગીરાઓના હિન્દુ નામો બદલીને નવા ધાર્મિક નામો રાખવાની કાગળ પર કે ગેરકાયદેસર રીતે ચાલી રહેલી પ્રક્રિયામાં અન્ય કયા કટ્ટરપંથી તત્વો સામેલ હતા તે તમામ ગંભીર પ્રશ્નોના ઉત્તરો મેળવવા પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓની આકરી પૂછપરછ હાથ ધરશે.

બીજી તરફ આ ઘટનાને લગતો આશરે છ મિનિટનો એક ભયાનક વીડિયો પણ સ્થાનિક સ્તરે અને સોશિયલ મીડિયામાં સામે આવ્યો છે, જેણે લોકોના દિલ નહલાવી દીધા છે. આ વીડિયોમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી એક પીડિત સગીરાએ સામાજિક આગેવાનો સમક્ષ પોતાની સાથે બનેલી આપવીતી વર્ણવી છે. સગીરાએ જણાવ્યા મુજબ, તેની સાથે રહેલી અન્ય સગીર બહેનપણીનું મૂળ હિન્દુ નામ બદલીને પળવારમાં 'કાજી નાયરા' કરી દેવામાં આવ્યું હતું.

રાજકોટ ગેસ રિફિલિંગ કૌભાંડમાં એસએમસીના મોટા દરોડા, 7 આરોપીઓની ધરપકડ થઈ

રાજકોટ | રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનની હદમાં લાંબા સમયથી બેરોકટોક ચાલતા રાંધણ ગેસના બાટલામાંથી ગેસ ચોરી અને ગેરકાયદે રિફિલિંગના કૌભાંડ ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલ એટલે કે એસએમસીની ટીમે ત્રાટકીને મોટો પર્દાફાશ કર્યો છે. ગઈકાલે બપોરે હાથ ધરવામાં આવેલા આ સઘન ઓપરેશન દરમિયાન કુલ ૯ અલગ-અલગ મકાનો અને ગોડાઉનો પર દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાંથી ગેસ ચોરીનું મોટું નેટવર્ક પકડાયું છે. આ કાર્યવાહીના પગલે સ્થાનિક પોલીસ બેડામાં પણ ભારે દોડધામ મચી ગઈ છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ એસએમસીની ટીમે બાતમીના આધારે નહેરૂનગર વિસ્તારમાં આવેલી વિવિધ શેરીઓમાં દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી હરદેવ કાનજી ચાવડા, મેરામ કરસન ચાવડા, રમેશ ગગુભાઈ ચાવડા, રાકેશ મહેશ બિશ્નોઈ, પૂરન્નનાથ ઘનશ્યામ કોરી, અમિત ધીરૂભાઈ ડાંગર અને આશિષ રમેશ ગોગરા સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરી છે.

વડોદરા પાણીની ટાંકી સફાઈ વખતે નીકળ્યું કાળું પાણી, સફાઈ દરમિયાન કાળું દૂષિત પાણી બહાર આવ્યું

વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં નાગરિકોને શુદ્ધ અને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવાના મ્યુનિસિપલ કોર્પોરેશનના દાવાઓની પોલ ખુલી ગઈ છે. શહેરના ટીપી-૧૩ વિસ્તારમાં આવેલી પાણીની ટાંકીની સફાઈ દરમિયાન કાળા રંગનું અત્યંત દૂષિત પાણી બહાર આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ખળભળાટ મચી ગયો છે. લાંબા સમયથી વિસ્તારના નાગરિકો દ્વારા દૂષિત પાણી મળતું હોવાની ફરિયાદો કરવામાં આવી રહી હતી. આખરે જ્યારે ટાંકીની સફાઈ કામગીરી હાથ ધરાઈ ત્યારે જમા થયેલો કાદવ અને ગંદકી બહાર આવતા પાણીની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભા થયા છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ વોર્ડ નંબર-૧ ના કોંગ્રેસના મહિલા કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં લાંબા સમયથી ગંદુ પાણી આવવાની ફરિયાદો મળતી હતી, જે અંગે તંત્ર અને સંબંધિત અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આખરે સફાઈ શરૂ કરવામાં આવી ત્યારે ટાંકીમાંથી કાળું પાણી નીકળ્યું હતું. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ટાંકીની અંદર મોટા પ્રમાણમાં કાદવ જમા થયેલો હતો અને અત્યાર સુધી સ્થાનિક નાગરિકોને આવું ગંદુ પાણી પીવા માટે મજબૂર થવું પડતું હતું.

નર્મદા મૈયાની મહાઆરતીમાં વડાપ્રધાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરી, એકતા નગર રેવા ઘાટ

(એજન્સી) એકતા નગર । તા. 31

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ એટલે કે રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વસંધ્યાએ ગુજરાતની વિશેષ મુલાકાતે પધારેલા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એકતા નગરના રેવા તટે પુનઃનિર્મિત નર્મદા ઘાટ ખાતે આયોજિત નર્મદા મૈયાની ભવ્ય મહાઆરતીમાં ભાવપૂર્વક સહભાગી થઈને ધન્યતા અનુભવી હતી. નર્મદા નદીના પવિત્ર તટે ભક્તિભાવ અને આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર વાતાવરણમાં શંખનાદ, ડમરુના નાદ, મંત્રોચ્ચાર અને દીપમાળાની ઝળહળતી રોશની વચ્ચે ગોરા ઘાટનો સમગ્ર પરિસર સંપૂર્ણપણે ભક્તિમય બની ગયો હતો, જ્યાં વડાપ્રધાનશ્રીએ દીપ પ્રજ્વલિત કરી મા નર્મદાની આરાધના કરી દેશની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

આ પવિત્ર અવસર પર સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓ તથા રાજ્યના વહીવટી વડાઓએ વડાપ્રધાનશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાનશ્રીને સત્તાવાર ઓથોરિટીના મુખ્ય કારોબારી અધિકારી દ્વારા નર્મદા ઘાટના પુનઃનિર્માણની વિશેષતાઓ તેમજ નર્મદા માતાના પ્રાગટ્ય અને નર્મદા પરિક્રમાની પવિત્ર પરંપરાને ઉજાગર કરતી થીમ આધારિત આકર્ષક મ્યુરલ્સ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ મ્યુરલ્સ દ્વારા મા નર્મદાના ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વને ખૂબ જ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે, જેને નિહાળીને મહાનુભાવોએ આનંદ વ્યક્ત કર્યો હતો. ગોરા ઘાટ ખાતે યોજાયેલી આ ભવ્ય મહાઆરતીમાં પારંપરિક ધાર્મિક વિધિઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું. ગૂગળના ધૂપની પવિત્ર સુવાસ અને હજારો દીવડાઓના અલૌકિક પ્રકાશથી સમગ્ર ઘાટ પરિસર દિવ્ય આભાથી ઝળહળી ઊઠ્યું હતું. મા નર્મદા માત્ર ગુજરાતની જીવાદોરી જ નહીં, પરંતુ દેશની કરોડો જનતાની આસ્થા, સંસ્કૃતિ અને આધ્યાત્મિક ચેતનાનું અદ્ભુત પ્રતીક છે. નર્મદા પરિક્રમા, નર્મદા તટનાં પવિત્ર તીર્થસ્થાનો અને વર્ષોથી ચાલી આવતી આરતીની આ પરંપરા ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ વિરાસતને સદૈવ જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરે છે.

રાજકોટમાં બાળકી પર દુષ્કર્મ કેસમાં આજીવન કેદ, આરોપીને આજીવન કેદની સજા

(એજન્સી) રાજકોટ । તા. 31

ગુજરાતના રાજકોટ શહેરમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ન્યાયિક સમાચાર સામે આવ્યા છે. માસુમ બાળકીઓ અને મહિલાઓની સુરક્ષા સંદર્ભે અદાલતે એક દાખલારૂપ અને કડક ચુકાદો આપ્યો છે. માત્ર છ વર્ષની અબુધ અને નિર્દોષ બાળકી પર આચરેલા ભયાનક અને રાક્ષસી કૃત્ય બદલ સ્પેશ્યલ પોક્સો અદાલતે આરોપીને દોષિત ઠેરવીને તે પોતાના કુદરતી આયુષ્યના અંત સુધી એટલે કે જીવે ત્યાં સુધી જેલમાં જ રહે તે પ્રકારની આજીવન સખત કેદની સજા ફટકારી છે. આ સખત અને મહત્વપૂર્ણ નિર્ણયથી સમાજમાં નરાધમો માટે એક સ્પષ્ટ અને મોટો કાનૂની સંદેશ ગયો છે.

આ ચકચારી અને કાળજુ કંપાવી દે તેવી ઘટનાની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, રાજકોટ શહેરના એરપોર્ટ પોલીસ મથકની સ્થાનિક હદ વિસ્તારમાં આવેલી એક ખેતવાડીમાં આ શરમજનક કિસ્સો બન્યો હતો. મૂળ રાજસ્થાન રાજ્યનો વતની અને ખેતમજૂરીનું કામ કરતો આરોપી રામદેવ ઉર્ફે રામલાલ બાબુલાલ ભીલ ત્યાં જ મજૂરી કરતા એક નિર્દોષ પરિવારની છ વર્ષની પુત્રીને પોતાની જાળમાં ફસાવી ગયો હતો. બાળકી જ્યારે વાડીના ખુલ્લા પરિસરમાં રમી રહી હતી, ત્યારે આરોપી તેને બોર ખવડાવવાની લાલચ આપીને એકાંત જગ્યાએ લઈ ગયો હતો. ત્યારબાદ આ માસુમ બાળકી પર નરાધમે હિંસક અને અત્યંત નિર્મમ રીતે દુષ્કર્મ આચર્યું હતું. આ અમાનવીય ઘટના બાદ પીડિત ખેતમજૂર પરિવારે ત્વરિત કાનૂની રસ્તો અપનાવીને એરપોર્ટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મામલાની સંવેદનશીલતા સમજીને તાત્કાલિક આરોપી રામલાલ ભીલની અટકાયત કરી હતી. તપાસ અધિકારીઓએ ટૂંકા ગાળામાં જ તમામ જરૂરી તબીબી, વૈજ્ઞાનિક અને પર્યાપ્ત પુરાવા એકત્રિત કરીને સ્પેશિયલ પોક્સો કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કર્યું હતું. અદાલતમાં કેસની સુનાવણી શરૂ થતાં જ ફરિયાદી પક્ષે તમામ કાનૂની પાસાઓ મજબૂતીથી રજૂ કર્યા હતા અને આરોપીને આકરી સજા થાય તે માટે ધારદાર દલીલો કરી હતી.

ભવન્સ સ્કૂલમાં શિક્ષકોનો મોરચો મકરપુરા પોલીસ મથકે, શાળા સંચાલકો સામે ગંભીર આક્ષેપો

(એજન્સી) વડોદરા । તા. 31

સંસ્કારી નગરી વડોદરાના મકરપુરા રોડ પર આવેલી અત્યંત જાણીતી અને પ્રતિષ્ઠિત ભવન્સ સ્કૂલ પરિસરમાંથી એક મોટો વિવાદ સામે આવ્યો છે, જ્યાં શાળાના આશરે ૮૦ જેટલા શિક્ષકો તેમજ કર્મચારીઓએ સંચાલકો સામે માનસિક સતામણીનો ગંભીર આક્ષેપ કરીને વિરોધનો વંટોળ ઊભો કર્યો છે. સત્તાવાળાઓની સતત વધી રહેલી અન્યાયી નીતિઓ અને માનસિક ત્રાસથી કંટાળીને તમામ કર્મચારીઓ એકઠા થઈને સાંજની વેળાએ મકરપુરા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. શૈક્ષણિક કાર્ય છોડીને રસ્તા પર ઉતરેલા મહિલા શિક્ષકો અને કર્મચારીઓએ સંચાલકો સામે સખત કાનૂની કાર્યવાહી કરવાની માંગણી સાથે પોલીસ વહીવટીતંત્ર સમક્ષ પોતાની આપવીતી રજૂ કરી હતી. આ અચાનક ઉદ્ભવેલા વિવાદને કારણે શૈક્ષણિક વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

વિરોધ કરી રહેલા શિક્ષકો પૈકી એક મહિલા અગ્રણીએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે શાળામાં જ્યારથી નવું મેનેજમેન્ટ સત્તા પર આવ્યું છે ત્યારથી જ શિક્ષકોની બિનજરૂરી હેરાનગતિ શરૂ કરી દેવામાં આવી છે. સંચાલકો દ્વારા બેથી ત્રણ મહિના જૂની તુચ્છ ફરિયાદો અને બાબતોને કચરામાંથી બહાર કાઢીને શિક્ષકો પાસે વારંવાર ખુલાસા માંગવામાં આવી રહ્યા છે. શાળાનું વાતાવરણ સતત ભય અને તણાવપૂર્ણ બનાવી દેવામાં આવ્યું છે. શિક્ષકોનો આરોપ છે કે મેનેજમેન્ટ દ્વારા જાણી જોઈને આવી વાહિયાત માનસિક સતામણી કરવામાં આવી રહી છે જેથી શિક્ષકોનું ધ્યાન વિદ્યાર્થીઓને ભણાવવામાંથી હટી જાય, અને પરિણામે વાલીઓ શાળા વહીવટીતંત્રને શિક્ષકો વિરુદ્ધ ફરિયાદો કરે તેવું આયોજનપૂર્વકનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. આ સમગ્ર વિવાદમાં સૌથી વધુ ગંભીર અને ચોંકાવનારો આક્ષેપ મહિલા શિક્ષકોની સુરક્ષા તેમજ ખાનગીપણા પર કરવામાં આવ્યો છે. પીડિત મહિલા શિક્ષકોના જણાવ્યા મુજબ, શાળામાં સફાઈ અને અન્ય કામગીરી સંભાળતો હાઉસ કીપિંગનો કર્મચારી સ્ટાફ મહિલા શિક્ષકો જ્યારે વર્ગખંડમાં કે શાળા પરિસરમાં પોતાની દૈનિક શૈક્ષણિક અને વહીવટી ફરજો બજાવી રહ્યા હોય છે, ત્યારે તેમની પરવાનગી કે સંમતિ વગર છૂપી રીતે તેમના વીડિયો ઉતારે છે.

રેલવે પોલીસનું મિશન સેફ સ્ટેશન

વડોદરા પાસે પુરી - અમદાવાદ એક્સપ્રેસમાંથી ગાંજો ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 31

પશ્ચિમ રેલવે સુરક્ષા દળ અને સ્થાનિક પોલીસની જાગૃત ટુકડીઓ દ્વારા આંતરરાજ્ય માર્ગો પર ચાલતી ગુનાહિત પ્રવૃત્તિઓ નાથવા માટે ચલાવવામાં આવી રહેલા વિશેષ તપાસ અભિયાન દરમિયાન એક મોટી સફળતા સાંપડી છે. ઓડિશાના પુરી શહેરથી ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદ તરફ આવી રહેલી સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાંથી આશરે બાર કિલો જેટલો નશાકારક પદાર્થ ગાંજો સાર્વજનિક તપાસ દરમિયાન ઝડપાઈ ગયો છે. રેલવે પોલીસે રૂ. ૫.૯૨ લાખથી વધુની કિંમતનો આ ગેરકાયદેસર જથ્થો કબ્જે કરીને કાયદેસરની તપાસ કામગીરી શરૂ કરી દીધી છે. પોલીસ કર્મચારીઓને જોઈને અજાણ્યો તસ્કર બેગ છોડીને ફરાર થઈ ગયો હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.

રાજ્યના રેલવે વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ આંતરરાજ્ય ટ્રેનો મારફતે થતી ગેરકાયદેસર નશાકારક દ્રવ્યોની હેરાફેરી અટકાવવા માટે 'મિશન સેફ સ્ટેશન' નામનું ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ ઝુંબેશના ભાગરૂપે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને એન્ટી નાર્કોટિક્સ વિંગની સંયુક્ત ટુકડી નંદુરબાર સ્ટેશનથી ટ્રેન નંબર ૨૦૮૯૧ પુરી-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં સઘન પેટ્રોલિંગ કરી રહી હતી. ટ્રેન જ્યારે વડોદરા જિલ્લાના વરણામા રેલવે સ્ટેશન નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે સવારના સમયે જનરલ કોચના કોરિડોર ભાગમાંથી શંકાસ્પદ સ્થિતિમાં મૂકાયેલા મરૂન અને વાદળી રંગના બે લાવારિસ થેલા મળી આવ્યા હતા.

પોલીસ ટુકડીએ સ્થળ પર જ બંને શંકાસ્પદ બેગ ખોલીને બારીકાઈથી તપાસ કરતા તેમાંથી નાર્કોટિક્સ પદાર્થ ગાંજાના પેકેટો મળી આવ્યા હતા. તોલમાપ કરતા કુલ ૧૧.૮૫૫ કિલોગ્રામ ગાંજો હોવાનું પ્રસ્થાપિત થયું હતું, જેની આંતરરાષ્ટ્રીય તથા સ્થાનિક બજાર કિંમત આશરે રૂ. ૫,૯૨,૭૫૦ અંકાય છે. તપાસ ટીમના પોલીસ અધિકારી દ્વારા આપવામાં આવેલી સત્તાવાર ફરિયાદના આધારે વડોદરા રેલવે પોલીસ મથકે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટની કડક કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ટ્રેનના જનરલ ડબ્બામાં મુસાફરી કરી રહેલો અજાણ્યો આરોપી સઘન ચેકિંગ કરી રહેલી પોલીસ ટીમથી બચવા માટે જથ્થાથી ભરેલી બેગ બિનવારસી હાલતમાં મૂકીને વચ્ચેના કોઈ સ્ટેશને અથવા ટ્રેનની ધીમી ગતિનો લાભ ઉઠાવીને નાસી છૂટ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરા રેલવે પોલીસ હવે ટ્રેન જે જે મુખ્ય સ્ટેશનો પર ઊભી રહી હતી ત્યાંના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે. આ ઉપરાંત મુસાફરોની યાદી અને સંભવિત શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર પણ ઊંડાણપૂર્વક નજર રાખવામાં આવી રહી છે જેથી નશાની કાળી કમાણી કરનાર મુખ્ય સૂત્રધાર સુધી પહોંચી શકાય.

50 લાખની ખંડણી કેસમાં ઓપરેશન, ભાજપ કોર્પોરેટરને ધમકી આપનાર જેલમાં

માસ્કમેન શ્રેય પટેલની ધરપકડથી મોટો ધમાકો

(એજન્સી) વડોદરા । તા. 31

સંસ્કારી નગરી વડોદરાના સ્થાનિક રાજકારણ અને સોશિયલ મીડિયાના ડિજિટલ પ્લેટફોર્મ પર ભારે સળવળાટ મચાવનારા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વખતે સત્તાધારી પક્ષ સામે મોરચો માંડનારા બહુચર્ચિત 'માસ્કમેન' તરીકે ઓળખાતા શ્રેય પટેલ નામના ઈસમને ગોત્રી પોલીસે પકડી પાડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. શાસક પક્ષના વરિષ્ઠ કોર્પોરેટર સ્મિત પટેલ અને તેમના નજીકના બિઝનેસ પાર્ટનર વિશેષ ઠક્કરને એક અત્યંત શંકાસ્પદ અને ખાનગી વીડિયો વાયરલ કરી દેવાની સીધી ધમકી આપીને રૂ. ૫૦ લાખની તોતિંગ ખંડણી માગવાના આ સનસનાટીભર્યા કેસમાં પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે. કોર્ટે આરોપીના ત્રણ દિવસના કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે, જેના આધારે આ ગેરકાયદેસર કાળા કારોબાર પાછળ છુપાયેલા અન્ય આકાઓ સુધી પહોંચવા માટે સુરક્ષા એજન્સીઓએ ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરા શહેર કોર્પોરેશનની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન સોશિયલ મીડિયા પર અચાનક જ એક ચહેરો ઢાંકેલો માસ્કમેન અત્યંત સક્રિય થયો હતો. ગોત્રી, ભાયલી અને વાસણા જેવા વડોદરાના પોશ વિસ્તારોમાં આ અજાણ્યા શખ્સે શાસક પક્ષ ભાજપ અને તેના સ્થાનિક ઉમેદવારો સામે આક્રમક રીતે નકારાત્મક ઝુંબેશ ચલાવી હતી. કાયદાકીય તપાસમાં સામે આવ્યું છે કે વાસણા રોડ પર આવેલા રાણેશ્વર સર્કલ નજીકની વ્રજ વિહાર સોસાયટીમાં રહેતો શ્રેય મહેન્દ્રભાઈ પટેલ જ આ માસ્કમેન પાછળનો મુખ્ય મોહરો હતો. તે છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેટર સ્મિત પટેલ અને તેમના વેપારી મિત્ર વિશેષ ઠક્કરને અ સતત બ્લેકમેઈલ કરીને નાણાં પડાવવા માટે માનસિક દબાણ બનાવી રહ્યો હતો.

તપાસ અધિકારીઓ અને પોલીસ કમિશનરેટના અહેવાલો મુજબ, આરોપી શ્રેય પટેલે કોર્પોરેટર અને વેપારીને વીડિયો ક્લિપ વાયરલ કરવાની ધમકી આપતી વખતે એક અત્યંત ચોંકાવનારો દાવો કર્યો હતો. તેણે બંને પીડિતોને કહ્યું હતું કે આ રહસ્યમય વીડિયોને સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર સાર્વજનિક કરીને તમારી રાજકીય તથા સામાજિક પ્રતિષ્ઠા ધૂળધાણી કરવા માટે વિરોધી જૂથો દ્વારા તેને રૂ. ૮૦ લાખની મોટી રકમની ઓફર કરવામાં આવી છે. આરોપીએ આગળ સોદો કરતા જણાવ્યું હતું કે જો તેઓ તેને રોકડા રૂ. ૫૦ લાખ આપી દેશે, તો તે આ વીડિયો ક્યારેય વાયરલ નહીં કરે અને તેને હંમેશ માટે ડિલીટ કરી દેશે. આ ધમકી બાદ વેપારી વિશેષ ઠક્કરે તાત્કાલિક ગોત્રી પોલીસ મથકે પહોંચીને સત્તાવાર રીતે ફોજદારી ફરિયાદ નોંધાવી હતી. આ ગંભીર આક્ષેપો સામે આવ્યા બાદ ઉચ્ચ પોલીસ અધિકારી ડીસીપી મંજીતા વણઝારાના સીધા સુપરવિઝન હેઠળ એક વિશેષ તપાસ ટુકડીની રચના કરવામાં આવી છે. પોલીસે ધરપકડ કરાયેલા આરોપી શ્રેય પટેલનો સ્માર્ટફોન, લેપટોપ અને ડિજિટલ ઉપકરણો જપ્ત કરી લીધા છે. પોલીસ ટીમ હાલમાં ઓડિયો કોલ રેકોર્ડિંગ્સ, વોટ્સએપ ચેટ્સ અને વિવાદિત વીડિયો ક્લિપના ડિજિટલ પુરાવા એકત્રિત કરીને તેને ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવાની કાનૂની કાર્યવાહી કરી રહી છે.

સાત ફૂટ લાંબો અજગર મળ્યો

જાંબુવા વીજ કચેરી અજગર રેસ્ક્યૂ કરીને સલામત ખસેડાયો

(એજન્સી) વડોદરા । તા. 31

વડોદરા નજીક આવેલા જાંબુવા વિસ્તારમાં વીજ કંપનીની કચેરી પાસેથી ગઈરાત્રે એક મહાકાય અજગર મળી આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. રાત્રિના સમયે અચાનક સાત ફૂટ લાંબા અજગરને જોઈને વીજ કચેરીના કર્મચારીઓ અને આસપાસના લોકોમાં ભારે ભય અને ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે, સમયસૂચકતા વાપરીને જીવદયા કાર્યકરોનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જેમણે ભારે જહેમત ઉઠાવીને આ અજગરનું કુશળતાપૂર્વક રેસ્ક્યૂ કરી લીધું હતું અને સુરક્ષિત રીતે વન વિભાગને સુપરત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર જંગલી જીવો કે અજગર આવી ચઢવાના બનાવો બનતા રહે છે. ગઈકાલે રાત્રે મકરપુરા પાસે આવેલી જાંબુવા વીજ કચેરીના પરિસરમાં આ વિશાળ કાય અજગર દેખાયો હતો. કર્મચારીઓએ તાત્કાલિક ધોરણે વન વિભાગ અને સ્થાનિક જીવદયા પ્રેમીઓને જાણ કરી હતી. જીવદયા કાર્યકરોની ટીમ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કોઈને પણ નુકસાન પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડ્યું હતું.

જીવદયા કાર્યકરો દ્વારા આવા જટિલ કેસોમાં હંમેશા અત્યંત સાવચેતીપૂર્વક કામ કરવામાં આવે છે. સાત ફૂટ લાંબા આ અજગરને પકડ્યા બાદ તેને વન વિભાગના અધિકારીઓને સોંપી દેવામાં આવ્યો છે, જેથી તેને કુદરતી આવાસમાં સુરક્ષિત રીતે છોડી શકાય.

રાજસ્થાન સોસાયટી નજીક દુર્ઘટના સર્જાઈ

બાજવા સિલિન્ડર બ્લાસ્ટથી ચાની લારીનો કુર્દો બોલાઈ ગયો

(એજન્સી) વડોદરા । તા. 31

વડોદરા શહેર નજીક આવેલા બાજવા-કરોડિયા રોડ પર રાજસ્થાન સોસાયટી પાસે આજે વહેલી સવારે એક ગંભીર દુર્ઘટના સામે આવી છે. મળસ્કે આશરે ૩:૩૦ થી ૪ વાગ્યાના અરસામાં એક ચાની લારીમાં અચાનક સિલિન્ડર બ્લાસ્ટ થતાં આખું કાચું કેબિન બળીને ખાખ થઈ ગયું હતું. આ ભયાનક ધડાકાના અવાજથી સમગ્ર વિસ્તારના લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા અને અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં એક શ્રમજીવી પરિવારનું ગુજરાન ચલાવતી લારી નાશ પામતા તેમની રોજીરોટી છીનવાઈ ગઈ છે.

ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. લારીમાં રહેલા સિલિન્ડરમાં બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. બનાવને પગલે સ્થાનિક રહીશોમાં મોટો ગભરાટ ફેલાયો હતો અને સવારથી જ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

જવાહરનગર પોલીસ મથકનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને કાયદેસરની તપાસ હાથ ધરી હતી. વહેલી સવારે દુકાન બંધ હોવા છતાં આ રીતે સિલિન્ડર બ્લાસ્ટ થવા પાછળ કોઈ અજાણ્યા શખ્સે અટકચાળું કર્યું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. પોલીસની પ્રારંભિક તપાસમાં અને આસપાસના સીસીટીવી કેમેરાની ચકાસણી દરમિયાન એક શકમંદ યુવક આ વિસ્તારમાં શંકાસ્પદ રીતે હિલચાલ કરતો નજરે પડ્યો છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે- તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

વૃષભ : બ. વ. ઉ.

ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે.

મિથુન : ક. છ. ઘ.

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

કર્ક : ડ. હ.

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.

સિંહ : મ. ટ.

તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.

કન્યા : પ. ઠ. ણ.

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશો જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે.

તુલા : ર. ત.

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

વૃશ્ચિક : ન. ય.

કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

મકર : ખ. જ.

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે.

મીન : દ. ચ. ઝ. થ.

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

એર શોના ઐતિહાસિક પળના સાક્ષી બનવા ભાવેણાંવાસીઓમાં ઉત્સુકતા

શૌર્ય સર્વોત્તમ - એર શો પહેલા એરફોર્સની આભમાં રોમાંચક ઝલક, હાર્ટ શેપ બનાવ્યું

(એજન્સી) ભાવનગર | તા.31

ભાવનગરમાં પ્રથમ વખત જ યોજાનારા દિલધડક સૂર્યકિરણ એર શોનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. એર શો પૂર્વે જ ભાવેણાંવાસીઓએ આભમાં એરફોર્સની રોમાંચક ઝલક નિહાળી ગૌરવપૂર્ણ ક્ષણોને કેમેરામાં કંડારી લીધી હતી. આવતીકાલે શનિવારે સવારે ૧૦ કલાકે સૂર્યકિરણ એરોબેટિક ટીમ બોરતળાવ ખાતે એર શો અંગેનું અંતિમ રિહર્સલ કરશે.૧લી નવેમ્બરને રવિવારે ભાવનગરના ગૌરીશંકર તળાવ (બોરતળાવ) ખાતે ભારતીય વાયુ સેનાની એરોબેટિક ટીમના ૯ હોક એમકે-૧૩૨ જેટ ટ્રેનર વિમાનોનો સૂર્યકિરણ એર શો યોજાવા જઈ રહ્યો છે. ભારતીય વાયુ સેના, એરફોર્સ સ્ટેશન, વડોદરા તરફથી આયોજીત આ એર શો પૂર્વે આજે શુક્રવારે સૂર્યકિરણ એરોબેટિક ટીમો ચાર જેટ વિમાનો સાથે ભાવનગર પહોંચી હતી. ભાવનગરના આભમાં વાયુ સેનાના શૌર્ય, સાહસ અને કૌશલ્યના પરાક્રમની ગર્જના કરતા આ જેટ વિમાનોએ હવાઈ નિરીક્ષણની સાથે અદ્ભૂત હવાઈ કરતબો, શિસ્તબદ્ધ ઉડાનનું રિહર્સલ કર્યું હતું. શહેરના વિવિધ વિસ્તારના ગગનમાં રોકેટગતિએ પસાર થયેલી સૂર્યકિરણ એરોબેટિક ટીમે શિસ્ત, સાહસ અને ટેકનોલોજીકલ ક્ષમતાનો પરચો દેખાડી આકાશમાં હાર્ટ શેપ બનાવી 'સદૈવ સર્વોત્તમ'ની ઝલક દેખાડી ભાવનગરના ભાવસભર આવકારને ઝીલ્યું હતું. સૂર્યકિરણ એરોબેટિકની ટીમોએ આકાશની સાથે બોરતળાવ ખાતે જમીનથી થોડે ઉપર જેટ વિમાનો ઉડાવી નાગરિકોને અનોખા રોમાંચનો અનુભવ કરાવ્યો હતો. યુવાનોએ પણ અવિસ્મરણિય ક્ષણોના વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. રવિવારે યોજાનારા એર શોના ઐતિહાસિક પળના સાક્ષી બનવા ભાવેણાંવાસીઓની ઉત્સુકતા ચરમસીમાએ પહોંચતી જોવા મળી રહી છે. જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, મહાપાલિકા અને અન્ય સરકારી વિભાગો એર શોની તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત બન્યું છે.સૂર્યકિરણ એર શો દરમિયાન જનમેદની અને વાયુસેનાના એરક્રાફ્ટની સુરક્ષા-સલામતી જળવાઈ રહે તે માટે બોરતળાવના ૧૮ કિ.મી. વિસ્તારમાં તા.૧-૧૧ને રવિવારે સવારે ૮થી બપોરે ૧ વાગ્યા સુધી કોઈપણ પ્રકારના યુએવી/ડ્રોન ઉડાવવા, તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત લેસર લાઈટ, પતંગ, બલૂન, અન્ય હવાઈ અવરોધોનો ઉપયોગ નહીં કરી શકાય. આકાશમાં જઈને ફૂટતા ફાયરવર્ક શેલ, એરિયલ શેલ કે સ્કાય શોટ પ્રકારના તમામ આકાશી ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી.ગોવાણીએ બહાર પાડ્યું છે. રવિવારે યોજાનારા એર શોને લઈ સવારે ૮થી બપોરે ૧ વાગ્યા સુધી રાજપથ ચોકડી/સિદસરથી સરદાર પટેલ સ્કૂલ, સાગવાડી નાકાથી વિક્ટોરિયા દિવાલ પાસે થઈ ઈસ્કોન રિસોર્ટ અને જવેલ્સ સર્કલ તરફ જતાં માર્ગો પર વાહનવ્યવહાર બંધ રહેશે.

ધોરાજી ભાજપ દ્વારા સરદાર જયંતિ નિમિત્તે હારતોરા અને પુષ્પાંજલિ કાર્યક્રમ

| વિજય રાડીયા | ઉપલેટા

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ધોરાજી શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા સરદાર જયંતિની ઉજવણીના ભાગરૂપે હારતોરા અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, વિવિધ આગેવાનો તેમજ ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને હારતોરા અર્પણ કરી પુષ્પાંજલિ અર્પી હતી.આ દરમિયાન કાર્યકર્તાઓ દ્વારા 'જય સરદાર'ના ગગનભેદી નારા લગાવી સરદાર સાહેબને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દેશની એકતા અને અખંડિતતાના સંદેશ સાથે ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

એમ્બ્યુલન્સમાં ગૂંજી કિલકારી : મોટી ખાવડીમાં 108ની ટીમે રસ્તામાં જ કરાવી સફળ પ્રસૂતિ

જામનગર : જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં રાત્રિના સમયે એક ગર્ભવતી મહિલા માટે 108 એમ્બ્યુલન્સ સાચા અર્થમાં સંજીવની સાબિત થઈ હતી. 23 વર્ષીય મહિલાને અચાનક તીવ્ર પ્રસૂતિ પીડા ઉપડતાં 108ની ટીમે હોસ્પિટલ પહોંચે તે પહેલાં રસ્તામાં જ એમ્બ્યુલન્સમાં સફળ નોર્મલ પ્રસૂતિ કરાવી માતા અને નવજાત શિશુ બંનેનો જીવ બચાવ્યો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, મોટી ખાવડી વિસ્તારમાં રહેતાં 23 વર્ષીય શીલા દેવી રિતેશકુમાર સિંહને રાત્રિના સમયે અચાનક તીવ્ર પ્રસૂતિ પીડા ઉપડી હતી. મહિલાની હાલત નાજુક જણાતાં પરિવારજનોએ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવા પર કોલ કરીને મદદ માગી હતી.કોલ મળતાં જ જામનગરના સમર્પણ ચોકડી લોકેશન પર તૈનાત 108 એમ્બ્યુલન્સના ઈએમટી દીપ્તિ મારૂ અને પાયલોટ રાજેશભાઈ તાત્કાલિક મોટી ખાવડી ખાતે પહોંચી ગયા હતા. સ્થળ પર પહોંચીને તપાસ કરતાં પ્રસૂતાની હાલત વધુ ગંભીર જણાઈ હતી.મહિલાને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં સમય લાગે તેમ હોવાથી અને ઈમરજન્સીની પરિસ્થિતિ સર્જાતાં ઈએમટી દીપ્તિ મારૂએ સમયસૂચકતા વાપરી એમ્બ્યુલન્સમાં જ જરૂરી તબીબી સારવાર શરૂ કરી હતી. દરમિયાન હોસ્પિટલ પહોંચે તે પહેલાં રસ્તામાં જ જરૂરી સુરક્ષા અને સાવચેતી સાથે મહિલાની સફળ નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી.108ની ટીમની ત્વરિત કામગીરી, ફરજ નિષ્ઠા અને સમયસર લેવાયેલા નિર્ણયને કારણે માતા અને નવજાત બાળક બંને સુરક્ષિત અને સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ-વાહનચાલકો વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા, ચાર શખ્સ ઝડપાયા

ભાવનગર : સુરેન્દ્રનગરના નાયબ મામલતદાર કે.કે.પિયાડે બોટાદ જિલ્લા પોલીસ કંટ્રોલમાં ફોન કરી ડમ્પરને રોકવા વર્ધી આપતા પાળિયાદ પોલીસના સ્ટાફે બાબરકોટ ચોકડી પાસે નાકાબંધી કરી હતી. મોડીરાત્રિના સમયે ડમ્પર પસાર થતાં તેને રોકવા પ્રયાસ કરતા ચાલકે પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી બોટાદ તરફ ભગાડી મુક્યું હતું. જેથી પાળિયાદ પોલીસની પીઆરઆર ગાડીએ પીછો કર્યો હતો. તેમ છતાં ડમ્પરચાલક પકડમાં આવ્યો ન હોય, કંટ્રોલ રૂમમાં જાણ કરી બોટાદ પીઆરને મદદમાં બોલાવી હતી. દરમિયાનમાં તરઘરાથી આગળ એક નંબર પ્લેટ વિનાની કાર તેમજ આગળ જતાં અન્ય એક ડમ્પર વાહને પણ ડમ્પરની મદદે આવી ત્રણેય વાહનો ભગાડી મુક્યા હતા. પોલીસ અને ડમ્પર, કારચાલકો વચ્ચે સર્જાયેલા ફિલ્મીદ્રશ્યોમાં બોટાદ ગ્રામ્ય પોલીસ પણ પીસીઆર લઈ વાહનોનો પીછો કરવા પહોંચતા આખરે બોટાદ શહેરથી લાઠીદડ રોડ અને ત્યાંથી સમઢિયાળા નં.૧થી આગળ સ્કાયમીલ પાસે ડ્રાવર્જનમાં બન્ને ડમ્પર વાહનો ઉભા રાખી દેવામાં આવ્યા હતા. જ્યારે કારમાં સવાર શખ્સો નાસી ગયા હતા. સ્થળ પર પહોંચેલી પોલીસની ટીમોએ બન્ને ડમ્પરમાંથી વિશાલ વિનોદભાઈ રાઠોડ, દીપક બોરણિયા, અશોક ધામેશા અને પ્રદીપ જાદવને નીચે ઉતારતા ચારેય શખ્સે પોલીસ સાથે ગેવર્તન કરી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી.

માણાવદરમાં 51 મૃત કાચબા પ્રકરણમાં નવો વળાંક: વન વિભાગના અધિકારીઓએ યુવકોને માર મારી ગુનો કબૂલ કરાવ્યાના આક્ષેપ

(એજન્સી) જૂનાગઢ | તા.31

જૂનાગઢના માણાવદરમાંથી ગત 25મી ઓક્ટોબરે 51 મૃત કાચબા મળી આવ્યાનાં ચકચારી પ્રકરણમાં હવે એક નવો અને ચોંકાવનારો વળાંક સામે આવ્યો છે. વન વિભાગ દ્વારા આ કેસમાં બે શખસોની ધરપકડ કરી હતી, પરંતુ કસ્ટડી દરમિયાન અધિકારીઓ દ્વારા અમાનુષી અત્યાચાર ગુજારીને ગુનો કબૂલ કરાવાયો હોવાના આક્ષેપો થયા છે.માણાવદરમાં આવેલા એન.જી. મિલ નજીત અચાનક મોટી સંખ્યામાં મૃત કાચબા મળી આવ્યાની ઘટના સામે આવતા જ વન તંત્ર હરકતમાં આવ્યું હતું અને તપાસના નામે બે શખસોને ઝડપી પાડ્યા હતા. વન વિભાગે આ કેસને ઉકેલી નાખ્યાનો દાવો કર્યો હતો, પરંતુ આ કેસમાં સંડોવણીના આક્ષેપ સાથે વન વિભાગે માણાવદરના જેન્તી બાલંભિયા, ક્રિષ્ણા પરમારની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને જામીનમુક્ત કરાયા હતા. જામીન મળતાની સાથે જ તેઓ તાત્કાલિક સારવાર માટે માણાવદર સરકારી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. બંને પીડિતોના શરીરે ઈજાના નિશાનો નજરે પડે છે, જેણે પંથકમાં ભારે ચકચાર મચાવી દીધી છે. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ભોગ બનનાર શખસોએ આપેલા નિવેદનોમાં વન વિભાગના જવાબદાર અધિકારીઓની મુશ્કેલીઓ વધારી દીધી છે. ભોગ બનનારના જણાવ્યા મુજબ, ફોરેસ્ટર દીપક વાઢેર ઉપરાંત આર.એફ.ઓ. અલ્પાબહેન બારૈયા અને એસીએફ સાજિદ મકરાણીની સીધી સંડોવણી અથવા સૂચનાથી તેને ઢોર માર મારવામાં આવ્યો હતો અને બળજબરીપૂર્વક ગુનો કબૂલ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. વન વિભાગની કસ્ટડીમાં થયેલા કથિત માનવાધિકાર ભંગ અને અત્યાચાર મામલે પોલીસે ગંભીરતા દાખવતા ભોગ બનનાર બંને ઈજાગ્રસ્તોના સત્તાવાર નિવેદનો નોંધી લઈને હાલ આ મામલે એન.સી. ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે. શું વનતંત્ર સાચા આરોપીઓ સુધી પહોંચવામાં નિષ્ફળ રહીને નિર્દોષોને બલિનો બકરો બનાવી રહ્યું છે? તેવા ગંભીર સવાલો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. આ મામલે ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ તપાસ થઈને કસૂરવાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.

મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને મંત્રીશ્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં પાલનપુર ખાતે ભવ્ય એકતા દોડનું આયોજન કરાયું

પાલનપુર | અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ તેમજ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાલનપુર મુકામે ભવ્ય 'રન ફોર યુનિટી' (એકતા દોડ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એકતા દોડ રાજ્યના નાણાં, પોલીસ હાઉસિંગ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી મંત્રી તેમજ બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ તથા વન, પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ અને વાહન વ્યવહાર રાજ્ય મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે ઉપસ્થિત સર્વે નાગરિકોને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા. આ એકતા દોડ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડથી પ્રસ્થાન થઈ ન્યૂ એ.પી.એમ.સી. સુધી પહોંચી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'એકતા પરમો ધર્મઃ'ના પાવન આદર્શને આગળ ધપાવતી આ એકતા યાત્રા રાષ્ટ્રભાવનાને વધુ સુદ્રઢ બનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણ માટે દેશના ૧૪૦ કરોડ નાગરિકો એક થઈ મા ભારતીને પરમ વૈભવના શિખરે પહોંચાડવા માટે સહભાગી બને. ગુજરાતની પાવન ધરતી કેવડિયા ખાતેથી જ્યારે વડાપ્રધાનશ્રી રાષ્ટ્રભાવનાની અપીલ કરી રહ્યા છે, ત્યારે આપણે સૌ એક થઈને વિકસિત ભારતના નિર્માણ સંકલ્પને સાકાર કરવા આગળ વધીએ.

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રોનોમી'ના દાંતીવાડા ચેપ્ટરનો શુભારંભ

પાલનપુર | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી 'ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રોનોમી' (ISA) ના દાંતીવાડા ચેપ્ટરનું વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટેની વૈજ્ઞાનિક વ્યૂહરચનાઓ પર એક વિશેષ વિચારમંથન સત્રનું પણ આયોજન કરાયું હતું.આ ઉદ્ઘાટન સત્રમાં ભારત સરકારના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ (DARE)ના સચિવ તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR), નવી દિલ્હીના મહાનિર્દેશક ડૉ. એમ. એલ. જાટ ઑનલાઇન માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ઉદ્બોધનમાં કૃષિ વિજ્ઞાનના સર્વાંગી વિકાસ, ટકાઉ ખેતી પદ્ધતિઓ અને પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે સુદ્રઢ વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ICAR, નવી દિલ્હીના સહાયક મહાનિર્દેશક (માનવ સંસાધન વ્યવસ્થાપન) ડૉ. એસ. કે. શર્માએ પ્રાકૃતિક ખેતીમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ, જમીનનું સ્વાસ્થ્ય અને કુદરતી સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમારોહના અધ્યક્ષ અને યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. આર. એસ. ચંદેલે ટકાઉ કૃષિ વિકાસ, જૈવવિવિધતાના સંરક્ષણ અને પર્યાવરણીય સંતુલન જાળવવા સાથે પ્રાકૃતિક ખેતીને આગળ ધપાવવા માટે યુવા પેઢીના પડકારોને અનુરૂપ નવીન સંશોધનો હાથ ધરવા વિદ્યાર્થીઓ તેમજ સંશોધકોને પ્રેરિત કર્યા હતા.

ગરાજીયા ગામે યુવાન ઉપર ૫ શખ્સનો જીવલેણ હુમલો

ભાવનગર : પાલિતાણા તાલુકાના ગરાજીયા ગામે જૂની અદાવતની દાઝ રાખી પાંચ શખ્સે યુવાન ઉપર જીવલેણ હુમલો કરતા તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ગરાજીયા ગામે વાડી વિસ્તારમાં રહેતા જયરાજભાઈ ઘુઘાભાઈ બારૈયાને થોડા સમય પૂર્વે ભોળા ખાંટાભાઈ ખોડા નામના શખ્સે ભરવાડ શેરીમાં નહીં ચાલવાનું કહીં તેની સાથે બોલાચાલી કરી હતી. તે બાબતની દાઝ રાખી ગઈકાલે ગુરૂવારે રાત્રિના સમયે ગામના પાદરમાં ગોપાલ ખાંડાભાઈ ખોડા, ભરત ખાંટાભાઈ ખોડા, લાલા ખાંટા ખોડા, હરેશ લાલજીભાઈ ચૌહાણ અને ભોળા ખાંટાભાઈ ખોડા (રહે, તમામ ગરાજીયા) નામના શખ્સોએ એકસંપ કરી જયરાજભાઈ ઉપર ફરશી, કુહાડી અને લાકડીઓ વડે હુમલો કરી માથા, છાતિના ભાગે ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ભાયાવદર નબળી ગુણવત્તા સહિત પાલિકાનાં જનરલ બોર્ડનો વિપક્ષ દ્વારા બહીષ્કાર

(એજન્સી) ઉપલેટા | તા.31

ઉપલેટા તાલુકાનુ ભાયાવદર નગરપાલિકાની મળેલી બોર્ડ બેઠકમાં નાગરિકલક્ષી વિકાસકામોમાં નબળી ગુણવત્તા તેમજ રસ્તાના કામોમાં ગોલમાલ સહિતના પ્રશ્નોને આગળ ધરી વિપક્ષના પાલિકા સદસ્યોએ જનરલ બોર્ડનો બહીષ્કાર કર્યો હતો.પાલિકાનો વહીવટ પ્રાઈવેટ પેઢીની જેમ ચલાવાતો હોવાના અને ગ્રાન્ટોનો દુરૂપયોગ થતો હોવાના આક્ષેપો વિપક્ષ સદસ્યોના કથન મુજબ, ભાયાવદર નગરપાલિકાનો વહીવટ પ્રાઈવેટ પેઢીની જેમ ચલાવવામાં આવતો હોય એમ વર્તવામાં આવે છે. સરકારની જંગી રકમની ગ્રાન્ટોના નાણાંનો જનતાને સંતોષ થાય એવી રીતે પૂર્ણતયા ઉપયોગ ન કરી વિકાસકામો નબળા કરવામાં આવે છે. કારોબારી અને જનરલ બોર્ડમાં થતાં ઠરાવો બાબતે વિપક્ષ નકલ માગે ત્યારે આપવામાં આવતી નથી. સામાન્ય રીતે જનરલ બોર્ડ પુરૂ થયા પછી મિનિટ બૂક લખાઈ જતી હોય છે પરંતુ અહી બોર્ડ પુરું થયા પછી ઠરાવો લખવામાં આવે છે. પાલિકામાં ચૂંટાયેલા સદસ્યો કે ચેરમેનોના બદલે ન ચૂંટાયેલા લોકો કચેરીએ પડયા પાથર્યા રહીને વહીવટ કરે છે વિગેરે બાબતોને આગળ ધરી વિપક્ષ સદસ્યોએ બહીષ્કાર કર્યો હતો.

નયનકુમાર જયંતીલાલ જીવાણી (વિરોધ પક્ષના નેતા)
દક્ષાબેન અનિલભાઇ રાડિયા
મામદભાઇ અબાભાઇ પટ્ટા
લલીતાબેન સંજયભાઇ પરમાર
લાખાભાઇ અમરાભાઇ ખાંભલા
અસ્મિતાબેન સંજયભાઇ ડઢાણીયા
નીરજ કુમાર અરવિંદભાઇ પિત્રોડા
નિમુબેન સુભાષભાઇ મકવાણા
રાજેશભાઇ દેવાભાઇ ખાંભલા

ઘેટા-બકરાનું મારણ

જેસરના કરલા ગામે દીપડાનો આતંક, ફરજામાં બાંધેલ સાત ઘેટા-બકરાનું મારણ

(એજન્સી) જેસર | તા.31

જેસર તાલુકાના કરલા ગામે ગત રાત્રિએ વહેલી સવારે ગામમાં ૧૫ ફુટ વંડી અને તાર ફેન્સીંગ ઠએકીને પ્રવેશી ફરજામાં બાંધેલ ઘેટા-બકરાના જોકમાં દીપડો ત્રાટકી સાતનું મારણ કર્યું હતું. જ્યારે ત્રણ બકરાને વાડી વિસ્તારમાં લઇ જઇ મીજબાની માણી હતી. દીપડાના આ કૃત્યથી ગ્રામજનોમાં ફફડાટની લાગણી ફેલાવા પાણી હતી.જેસર તાલુકાના કરલા ગામે ગત રાત્રિના વહેલા પાંચ કલાકે હારુનભાઈ દાદનભાઈ સોલંકીના ઘરમાં એક દિપડો ૧૫ ફૂટ વંડી અને તાર ફેન્સીંગ ઠેકીને ઘરની અંદર પ્રવેશી

ઘરના ફરજામાં બાંધેલ ઘેટા બકરા ઉપર હુમલો કર્યો હતો જેમાંથી સાત ઘેટા બકરાનું મારણ કર્યું હતું જેમાં ચાર ઘેટાનું સ્થળ પર મારણ કરી અને બીજા ત્રણ ઘેટાને વાડી વિસ્તારમાં લઈ જઈ અને આંબા નીચે મીજબાની માણી હતી. આવી જ રીતે એક વર્ષ પહેલા હારુનભાઈ સોલંકીના જ ઘેટા બકરાનું મારણ કર્યું હતું. આ બાબતે જેસર વન વિભાગમાં જાણ કરતા જેસર વન વિભાગ સ્થળ તપાસ કરી અને જરૂરી કાગળો કરવામાં આવ્યા હતા. આ બાબતે કરલા ગામના ખેડૂતો તેમજ પશુપાલકો દ્વારા અનેક વખત રજૂઆતો કરવામા આવી હતી કે કરલા ગામમાં દીપડાના આંટાફેરાથી ગ્રામજનોને છુટકારો અપાવો. પરંતુ વનતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ જાણે મારણની રાહ જોઈને બેઠા હોય તેમ નકર પરિણામનો અભાવ જોવા મળ્યો હતો પશુપાલકો તેમજ ખેડૂતોમાં આ બાબતે રોશ જોવા મળ્યો હતો. આમ ખેડુતો તેમજ પશુપાલકો દ્વારા એક જ માંગ કરવામાં આવી છે કે દીપડાઓ તેમજ સાવજોને પાંજરે પુરી બીડ વિસ્તારમાં મૂકવામાં આવે.

વિદાય લઈ રહેલા ડ્રાયવર વાઘજી ભાઈ એ અંદાજે 21 વર્ષ વિના અકસ્માત કે કોઈ પણ પ્રકારની વહીવટી ડીફોલ્ટ વિના નોકરી પૂર્ણ કરી

વયમર્યાદાના કારણે નિવૃત થતાં ચાણસ્મા ડેપો ના ડ્રાયવર વાઘજીભાઈ દેસાઈનો વિદાય સમારંભ યોજાયો

| નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ડેપો ખાતે ડ્રાયવર તરીકે ફરજ બજાવતા ચાણસ્મા તાલુકાના મૂળ વતની વાઘજી દેસાઈ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં ચાણસ્મા ડેપોના કર્મચારીઓ દ્વારા સુરાણીની વાડી ખાતે વિદાય સમારંભનું આયોજન કરાયું હતું વિદાય સમારંભમાં ઉપસ્થિત ડેપો મેનેજર મનિષા બા ચાવડાએ વિદાય માન થતા એસ ટી કર્મચારી વાઘજીભાઈ નું શેષ જીવન નિરોગી અને તંદુરસ્ત રહે અને પરીવાર સાથે આનંદમય જીવન પસાર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી સાથે ચાણસ્મા ડેપો ખાતે તેમની ફરજ દરમિયાનની કર્તવ્યનિષ્ઠાની સરાહના કરી હતી આ પ્રસંગે ચાણસ્મા

નગરના રાજકીય અને સહકારીક્ષેત્રના અગ્રણી સુનિલભાઈ પટેલ મહેસાણા એસ ટી ક્રેડીટ સોસાયટી ના ડીરેક્ટર અજ્ય ભાઈ બારોટ પૂર્વ ડીરેક્ટર દિનેશજી ઠાકોર એસ ટી ડેપોના અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ પ્રદિપભાઈ. વિદાય લઈ રહેલા એસ ટી કર્મચારી વાઘજીભાઈ દેસાઈના પરીવાર સગા સ્નેહીજનો એસ ટી ડેપો ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે કાર્યક્રમનું સંચાલન બારોટજી - લોકસાહિત્યકાર (ગંગેટવાળા દ્વારા)કરાયું હતું

તાલુકાના પૂર્વ પદાધિકારીઓને બેઠક મળી

સરદાર પટેલની 151મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ચાણસ્મામાં યોજાનારી એકતા રેલી

| નિતીન ઠાકર | ચાણસ્મા

સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ચાણસ્મા તાલુકામાં યોજાનારી એકતા રેલીના પૂર્વા યોજન માટે મામલતદાર કચેરી ખાતે મામલદાર વિજયકુમાર ગઢવીના અધ્યક્ષસ્થાને તલાટીઓ ગ્રામસેવકો સહિત સંલગ્ન કર્મચારીઓ સહિત તાલુકાના પૂર્વ પદાધિકારીઓને બેઠક મળી હતી જેમાં રેલીમાં વધારેમાં વધારે લોકો જોડાઈ સરદાર પટેલ સાહેબની જન્મજ્યંતિની ઉજવણીમાં સહભાગી થાય તે માટે બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું હતું બેઠક માં મામલતદાર વી એસ ગઢવી તા ભા.જ પ પ્રમુખ કિરણભાઈ જાની તાલુકા પંચાયત ચાણસ્માના પૂર્વ પ્રમુખ નટુભાઈ પટેલ ઈઘરા પુરવઠા મ ભો યો ના મામલતદારો તલાટીઓ ઉપસ્થિત રહ્યા હતા

પીસ્તાના ભાવ 30થી ૪૦ ટકા ઉંચા : બદામના ભાવ ૨૦ ટકા વધ્યા : ડ્રાયફ્રૂટ બોક્સમાં આ વર્ષે કાજુ તથા કિસમિસનું પ્રમાણ વધવાની શક્યતા

દિવાળી સમયે સૂકામેવાની બજારમાં પીસ્તા તથા બદામના ભાવમાં વૃદ્ધિ

(એજન્સી) મુંબઈ | તા.31

દેશમાં દિવાળીના તહેવારો હવે નજીક આવ્યા છે ત્યારે વિવિધ બજારોના વેપારીઓની નજર તહેવારોમાં નિકળતી મોસમી માગ પર રહી છે. દિવાળીના તહેવારોમાં સામાન્યપણે મીઠાઈઓ તથા વિવિધ સૂકામેવાની માગ વધતી હોય છે. તાજેતરના વર્ષોમાં જો કે ચોકલેટોની માગ પણ તહેવારોમાં વધતી જોવા મળી છે.દરમિયાન, આ વર્ષે બજારોમાં વિવિધ સૂકામેવાના ભાવ ઉંચા ગયાનું વેપારી વર્ગે જણાવ્યું હતું. ખાસ કરીને બદામ તથા પીસ્તાના ભાવ નોંધપાત્ર વધ્યા છે. આવા સંજોગોમાં હવે દિવાળીમાં ભેટ તરીકે અપાતા ડ્રાયફ્રૂટના બોક્સમાં આ વર્ષે હવે બદામ તથા પિસ્તાનું પ્રમાણ ઘટશે તથા કાજુ, કિસમીસ તથા મખાનાનું પ્રમાણ વધુ જોવા મળશે એવી શકયતા જાણકારો બતાવી રહ્યા હતા. આ વર્ષે શરૂઆતમાં અમેરિકાનું ટેરીફ યુદ્ધ તથા ત્યારબાદ ઈરાન યુદ્ધના પગલે વિશ્વના વિવિધ બજારોમાં પ્રવાહો પલ્ટાતા

જોવા મળ્યા છે.આ વર્ષે પીસ્તા બજારમાં ભાવ સરેરાશ ૩૦થી ૪૦ ટકા વધી ગયા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, બદામના ભાવમાં આશરે ૨૦ ટકાની વૃદ્ધી નોંધાઈ છે. આની સરખામણીએ ખજૂર તથા અખરોટ જેવા ગણાતા પેકાન્સના ભાવ ઓછા વધ્યા છે. આ ચીજોના ભાવ ૫થી ૧૦ ટકા વધ્યા છે. જો કે કાજુ, અખરોટ, કિસમીસ તથા મખાનાના ભાવ ગયા વર્ષની સરખામણીએ મોટાભાગે જળવાઈ રહ્યા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. એકંદરે વિવિધ સૂકામેવાની બાસ્કેટના ભાવ આ દિવાળીએ ૧૦ ટકા જેટલા ઉંચા જવાની ગણતરી નટસ એન્ડ ડ્રાયફૂટસ કાઉન્સિલના સૂત્રોએ દર્શાવી હતી. જોકે અમુક વર્ગ આ ભાવ વૃદ્ધીની ટકાવારી ૧૫ ટકા સુધી જવાની૪ શક્યતા પણ દર્શાવતો જોવા મળ્યો છે.વૈશ્વિક સ્તરે આ વર્ષેપીસ્તાના ઉત્પાદનમાં ૪૦થી ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે બદામનું ઉત્પાદન આશરે ૧૦ ટકા ઘટયું હોવાનું કોમોડિટી ટ્રેડિંગ કોર્પોરેશનના સૂત્રો જણાવી રહ્યા હતા. ઈરાન તથા અફઘાનિસ્તાનથી સપ્લાય ઘટી છે. આ ઉપરાંત ઈરાન યુદ્ધના પગલે જહાજી ભાડામાં પણ વૃદ્ધી થઈ છે. હવાઈ ભાડા પણ વધ્યા છે. હવાઈ ભાડા કિલોના ૨૦૦થી ૩૦૦ સુધી પહોંચ્યા છે આની અસર પણ સૂકામેવાની બજાર પર દેખાઈ છે. ઈરાન તથા અમેરિકામાં પીસ્તાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયાના સમાચાર મળ્યા હતા.જો કે કાજુ તથા કિસમીસના ભાવ એકંદરે જળવાઈ રહ્યા ઠે તથા ભાવ વૃદ્ધી પણ નજીવી રહી છે

EARAZA 2026

વનતારા બન્યું વૈશ્વિક મંચ, વન્યજીવોના ભવિષ્ય માટે 30 દેશોના નિષ્ણાતો જામનગરમાં

(એજન્સી) જામનગર | તા.31

જ્યારે સમગ્ર વિશ્વ પર્યાવરણીય સંકટો, લુપ્ત થતી પ્રજાતિઓ અને આબોહવા પરિવર્તનના પડકારો સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે વન્યજીવ સંરક્ષણ હવે માત્ર કોઈ એક દેશની સરહદો પૂરતું સીમિત રહી શકતું નથી. આ ગંભીર વાસ્તવિકતા વચ્ચે ગુજરાતના જામનગરમાં સ્થિત 'વનતારા' ખાતે યુરેશિયન રીજનલ એસોસિએશન ઑફ ઝૂઝ એન્ડ એક્વેરિયમ્સ (EARAZA) વાર્ષિક પરિષદ 2026નું ભવ્ય આયોજન 26થી 29 ઑક્ટોબર દરમિયાન કરવામાં આવ્યું છે."સ્ટ્રેન્ગથનિંગ ગ્લોબલ પાર્ટનરશિપ્સ ફોર વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન" (વન્યજીવ સંરક્ષણ માટે વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવી)ની થીમ હેઠળ આયોજિત આ વૈશ્વિક પરિષદમાં વિશ્વના 30 દેશોની 98 સંસ્થાઓ તેમજ ભારતના 29 પ્રાણીસંગ્રહાલયોમાંથી અગ્રણી નેતાઓ, વેટરનરી તબીબો, વૈજ્ઞાનિકો અને સંરક્ષણવાદીઓ સહિયારા જ્ઞાન અને સંકલિત કામગીરી માટે એક મંચ પર એકઠા થયા છે. પરિષદનું ઉદ્ઘાટન 3 વખતના ગ્રેમી એવોર્ડ વિજેતા સંગીતકાર અને પર્યાવરણવિદ્ રિકી કેજના પર્ફોર્મન્સથી થયું હતું. ત્યારબાદ EARAZAના પ્રેસિડેન્ટ સુશ્રી સ્વેત્લાના અકુલોવા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના પ્રોફેસર રમણ સુકુમાર અને સેન્ટ્રલ ઝૂ ઑથોરિટીના મેમ્બર સેક્રેટરી ડૉ. વી. ક્લેમેન્ટ બેન દ્વારા પરંપરાગત દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. વનતારાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર વિવાન કરાનીએ તમામ પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં જાહેરાત કરી હતી કે ઝૂ મેનેજમેન્ટ માટેનું ક્લાઉડ પ્લેટફોર્મ 'ANTZ' તમામ EARAZA સભ્યોને 1 વર્ષ માટે બિલકુલ વિનામૂલ્યે આપવામાં આવશે. આ પ્લેટફોર્મ ઓપન ડેટા એક્સચેન્જની સુવિધા આપે છે, જેનાથી સંસ્થાઓ એકબીજા સાથે મહત્ત્વની માહિતી શેર કરી શકશે. વનતારાનો અર્થ જંગલનો તારો થાય છે. પરંતુ એકલો તારો આખા આકાશને રોશન કરી શકતો નથી. અમે અહીં માત્ર અમે શું બનાવ્યું છે તે દર્શાવવા નથી આવ્યા. અમે તમારી પાસેથી શીખવા, તમારી સાથે સહયોગ કરવા અને તમારા કાર્યને સમર્થન આપવા આવ્યા છીએ, કારણ કે જ્યારે એક સંસ્થા પ્રગતિ કરે છે, ત્યારે તેણે અન્યોને પણ સાથે આગળ વધવાની તકો ઊભી કરવી જોઈએ. EARAZAના પ્રેસિડેન્ટ સ્વેત્લાના અકુલોવાએ પણ આ વિચારને સમર્થન આપતાં સંરક્ષણના વૈશ્વિક ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આજના સમયમાં સંરક્ષણ રાષ્ટ્રીય સરહદો પર અટકી શકે નહીં. જ્યારે સંસ્થાઓ ડેટા, કુશળતા અને જવાબદારી વહેંચે છે, ત્યારે દરેક પ્રોગ્રામ વધુ મજબૂત બને છે. આ કોન્ફરન્સ અમારા નેટવર્કને સાચી ભાગીદારીમાં પરિવર્તિત કરવા માટે છે. વનતારાએ સંસ્થાગત સહયોગ અને જ્ઞાનના આદાન-પ્રદાનને વેગ આપવા માટે પોતાના આધુનિક ઝૂ મેનેજમેન્ટ અને 'ઓપન ડેટા એક્સચેન્જ' ક્લાઉડ પ્લેટફોર્મ 'ANTZ'ની 1 વર્ષ માટે મફત ઍક્સેસ આપવાની જાહેરાત કરી. આ પગલું સંસાધનોની તંગી ભોગવતી સંસ્થાઓ માટે ડિજિટલ ક્ષમતાવર્ધનની દિશામાં ગેમચેન્જર સાબિત થશે. EARAZAના પ્રેસિડેન્ટ સ્વેત્લાના અકુલોવાએ એક કેન્દ્રીય વૈશ્વિક ડેટા માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે કોઈ એક સંસ્થા પોતાના સંશોધન કે અનુભવમાંથી જે શીખે, તે સચોટ માહિતી તાત્કાલિક અન્ય સંસ્થાઓ સુધી પહોંચે જેથી દુનિયાના બીજા છેડે બેઠેલા નિષ્ણાતો પણ નિર્ણાયક પગલાં ભરી શકે. આ કોન્ફરન્સ માત્ર સામાન્ય ચર્ચા પૂરતી સીમિત નથી, પરંતુ વૈશ્વિક વન્યજીવોના રક્ષણ માટેનો સચોટ નકશો રજૂ કરે છે.

News Brief

રિલાયન્સનો નફો 41%નો ઉછાળો...25,548 કરોડ પર પહોંચ્યો..Jioએ દેખાડ્યો દમ

(એજન્સી) મુંબઈ | તા.31

મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળા (Q2 FY27) માટે મજબૂત પરિણામો જાહેર કર્યા છે. જુલાઈથી સપ્ટેમ્બર 2026 વચ્ચે, કંપનીનો નફો વાર્ષિક ધોરણે 40.64% વધીને 25,548 કરોડ થયો છે

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે બીજા ત્રિમાસિક ગાળામાં પ્રભાવશાળી કામગીરી દર્શાવી છે. જુલાઈથી સપ્ટેમ્બર 2026ના સમયગાળા દરમિયાન, કંપનીનો નફો વાર્ષિક ધોરણે 40.64% વધીને 25,548 કરોડ થયો છે. આવકમાં પણ આશરે 29%નો વધારો જોવા મળ્યો છે. આ દરમિયાન, જિયો પ્લેટફોર્મ્સની કમાણીમાં 11.3%નો વધારો થયો છે.મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળા (Q2 FY27) માટે મજબૂત પરિણામો જાહેર કર્યા છે. જુલાઈથી સપ્ટેમ્બર 2026 વચ્ચે, કંપનીનો નફો વાર્ષિક ધોરણે 40.64% વધીને 25,548 કરોડ થયો છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં, રિલાયન્સે 18,165 કરોડનો નફો નોંધાવ્યો હતો.કંપનીની કમાણીમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વધુમાં, રિલાયન્સના ડિજિટલ અને ટેલિકોમ્યુનિકેશન એકમ, જિયો પ્લેટફોર્મ્સના ત્રિમાસિક પરિણામો જાહેર થયા છે, જેમાં તેની આવક 11.3% વધીને 47,485 કરોડ થઈ છે. આ ઉપરાંત, રિલાયન્સે 15,000 કરોડ સુધીની રકમ એકત્ર કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

આ હબમાં બેંકો પાસે રહેલી એસેટ્સ સપ્ટેમ્બરના અંત સુધીમાં આશરે ૧૯૩ અબજ ડોલર પર પહોંચી ગઈ

ગિફ્ટ સિટીમાં બેંકિંગ એસેટ્સમાં નોંધાયેલો ૬૦ ટકાનો ઉછાળો

(એજન્સી) અમદાવાદ | તા.31

ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય હબમાં બેંકિંગ એસેટ્સ જૂન મહિનાથી અત્યાર સુધીમાં લગભગ ૬૦% વૃાધી છે, તેમ જાણકાર વર્તુળોએ જણાવ્યું છે. દેશના ક્રેડિટ માર્કેટમાં થયેલા વિકાસથી ગિફ્ટ સિટી (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી)ને મોટું પ્રોત્સાહન મળ્યું છે, જે વિદેશી મૂડી આકર્ષવામાં સિંગાપોર અને હોંગકોંગ સાથે સ્પર્ધા કરી રહ્યું છે. ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી એ જણાવ્યું હતું કે આ હબમાં બેંકો પાસે રહેલી એસેટ્સ સપ્ટેમ્બરના અંત સુધીમાં આશરે ૧૯૩ અબજ ડોલર પર પહોંચી ગઈ છે. અગાઉ જાહેર કરાયેલા આંકડા અનુસાર, જૂનમાં આ આંકડો ૧૨૦.૬૯ અબજ ડોલર હતો.આ વર્તુળોએ જણાવ્યું હતું કે, આ સતત વૃદ્ધિ ક્રેડિટ માર્કેટ્સ

અને બેંકો દ્વારા આવી છે. બેંકિંગ એસેટ્સમાં આ ઉછાળો મુખ્યત્વે ફોરેન કરન્સી ડિપોઝિટ્સ અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઇંગ્સ (બાહ્ય વ્યાવસાયિક ઉધાર)ને આભારી છે.આ હબમાં આવેલી બેંકો ભારતીય કંપનીઓ માટે તેમની સ્થાનિક કામગીરી તેમજ વૈશ્વિક વિસ્તરણ માટે ભંડોળ પૂરું પાડવાના સૌથી મોટા સ્ત્રોતોમાં સ્થાન બનાવવા માટે સજ્જ છે.જૂનથી ઓગસ્ટના અંત સુધી ચાલેલી ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (FCNR) ડિપોઝિટ્સ માટેની ભારતની વિશેષ સ્વેપ ફેસિલિટીએ ગિફ્ટ સિટીમાં પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરી હતી. સત્તાવાળાઓ ગિફ્ટ સિટીમાં ડ્યુઅલ લિસ્ટિંગ દ્વારા ભારતીય કંપનીઓને વૈશ્વિક રોકાણકારો સુધી પહોંચવાની તક આપવાની યોજના પર પણ કામ કરી રહ્યા છે.

ભારતમાં મોટી-મોટી બ્રાન્ડ્સને ટક્કર આપવા આવી રહી છે આ નવી ઈલેક્ટ્રિક શૂટિંગ બ્રેક કાર!

(એજન્સી) મુંબઈ | તા.31

લક્ઝરી બ્રાન્ડ Denza આગામી 13 નવેમ્બર 2026ના રોજ પોતાની શાનદાર ઈલેક્ટ્રિક કાર Z9 GT ભારતમાં લોન્ચ કરશે. 1,156 hp પાવર અને 600 કિમી રેન્જ ધરાવતી આ કારની કિંમત અંદાજે 1.2થી 1.5 કરોડ રૂપિયા હોઈ શકે છે. ભારતીય બજારમાં ઈલેક્ટ્રિક કારોનું માર્કેટ જલ્દી જ વધુ રસપ્રદ બનવા જઈ રહ્યું છે. BYD ના લક્ઝરી વાહન બ્રાન્ડ Denza એ પોતાની નવી ઈલેક્ટ્રિક કાર Z9 GT નું ટીઝર જારી કરી દીધું છે. કંપની 13 નવેમ્બર 2026 ના રોજ ભારતમાં પોતાની શરૂઆત કરવા જઈ રહી છે. ટીઝરમાં કારના એક્સટીરિયર ડિઝાઈન અને કેબિનનો પહેલો લુક જોવા મળી રહ્યો છે. Z9 GT એ બે ગાડીઓમાં સામેલ હશે, જેને કંપની શરૂઆતમાં ભારતીય બજારમાં ઉતારશે.Denza Z9 GT એ ચાર દરવાજાવાળી ઈલેક્ટ્રિક શૂટિંગ બ્રેક કાર છે. તેનું ડિઝાઈન સામાન્ય લક્ઝરી કારોથી ઘણું અલગ છે. તેમાં સ્પોર્ટી લુક અને લાંબી બોડી પ્રોફાઈલ મળે છે. ભારતમાં આ પ્રકારની બોડી સ્ટાઈલવાળી કારો હાલમાં ખૂબ ઓછી જોવા મળે છે. કંપનીની શરૂઆતી ભારતીય લાઈનઅપમાં Z9 GT ની સાથે D9 લક્ઝરી MPV પણ સામેલ હશે. જો કે, બંને ગાડીઓનું ડિઝાઈન અને ઉપયોગ અલગ-અલગ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે.ભારતમાં આવનાર Denza Z9 GT માં ત્રણ ઈલેક્ટ્રિક મોટર મળવાની સંભાવના છે. તેમાંથી એક મોટર આગળ અને બે પાછળ લગાવી શકાય છે. ત્રણેય મોટર મળીને 1,156hp ની પાવર આપી શકે છે. કારમાં ઓલ-વ્હીલ ડ્રાઈવ સિસ્ટમ હશે અને કંપનીનો દાવો છે કે તે માત્ર 2.7 સેકન્ડમાં 0 થી 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. તેની ટોપ સ્પીડ 270 કિલોમીટર પ્રતિ કલાક જણાવવામાં આવી છે. આમાં 122.5kWh નો બેટરી પેક મળવાની આશા છે, જે એકવાર ચાર્જ કરવા પર 600 કિલોમીટર સુધીની WLTP રેન્જ આપી શકે છે. કંપનીના જણાવ્યા મુજબ, 1,500kW ફ્લેશ ચાર્જરથી બેટરીને 10 થી 97 ટકા સુધી ચાર્જ કરવામાં માત્ર 9 મિનિટ લાગી શકે છે.

1 એપ્રિલથી તમારી પાસે આવશે નવી નોટો? ₹10 અને ₹20ને લઈને RBIની મોટી તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.31

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) 1 એપ્રિલ, 2027થી 10 અને 20 ના મૂલ્યની પોલિમર (પ્લાસ્ટિક) ચલણી નોટો માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરી શકે છે. આ નોટોનું કદ (માપ) હાલની ચલણી નોટો જેવું જ રહેશે. આ પોલિમર નોટો હાલની કાગળની નોટોની સાથે જ ચલણમાં રહેશે. RBI 1 એપ્રિલ, 2027થી 10 અને 20 ના મૂલ્યની નવી પોલિમર નોટો માટે ફિલ્ડ ટ્રાયલ (ક્ષેત્રીય પરીક્ષણ) શરૂ કરવાની તૈયારી કરી રહી છે. તેના કદમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. એક મીડિયા અહેવાલ મુજબ, હાલનું કદ જાળવી રાખવાથી બેંકોને ફાયદો થશે, કારણ કે તેમણે તેમના ATMમાં ફેરફાર

(reconfigure) કરવા માટે વધારાનો ખર્ચ કરવો પડશે નહીં.જાહેર ક્ષેત્રની એક બેંકના વરિષ્ઠ અધિકારીના જણાવ્યાનુસાર કદમાં ફેરફાર ન કરવાથી બેંકોને ATMમાં ફેરફાર કરવા માટે થતા પ્રારંભિક ખર્ચથી બચવામાં મદદ મળશે. આ પાયલોટ પ્રોજેક્ટ ઓછા મૂલ્યની ચલણી નોટો પર ધ્યાન કેન્દ્રિત કરતો હોવાથી તેનાથી ખર્ચમાં નોંધપાત્ર બચત થવાની અપેક્ષા છે. નોંધનીય છે કે આ માત્ર એક ફિલ્ડ ટ્રાયલ છે તેથી, નવી પ્લાસ્ટિક નોટો હાલની કાગળની નોટોની સાથે જ ચલણમાં રહેશે અને જૂની કાગળની નોટો પણ સંપૂર્ણપણે કાયદેસર ચલણ (legal tender) તરીકે માન્ય રહેશે. આ પ્રોજેક્ટ હેઠળ, ટ્રાયલ માટે 10 અને 20 મૂલ્યની 1 અબજ (100 કરોડ) પોલિમર નોટો બજારમાં લાવવામાં આવશે. દેશમાં 10 અને 20ના મૂલ્યની નોટો સૌથી વધુ વપરાય છે. શાકભાજીના બજારો અને જાહેર પરિવહન (બસ/ઓટો) થી લઈને નાની છૂટક દુકાનો સુધી, આ નોટો સતત લોકોના હાથમાં ફરતી રહે છે. વારંવાર ઉપયોગમાં લેવાને કારણે, કાગળની નોટો ઘણીવાર જલ્દી ફાટી જાય છે, ખરાબ થઈ જાય છે અથવા ગંદી થઈ જાય છે.

શું તમારી પણ સાઉદી અરબની ફ્લાઈટ થઈ હતી કેન્સલ? એર ઈન્ડિયાએ મુસાફરો માટે લીધો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા.31

એર ઈન્ડિયાની ફ્લાઇટમાં સાઉદી અરેબિયા જનારા અને ત્યાંથી મુસાફરી કરનારાઓ માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. સાઉદી અરેબિયા જતી એર ઈન્ડિયાની બધી ફ્લાઇટ્સ 14 નવેમ્બર સુધી રદ કરવામાં આવી છે. આ નિર્ણય પ્રદેશમાં ચાલી રહેલી અશાંતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. એરલાઇને અસરગ્રસ્ત મુસાફરોને એક વખત મફત રિબુકિંગ અથવા રદ કરવાનો અને સંપૂર્ણ રિફંડનો વિકલ્પ પણ ઓફર કર્યો છે. પ્રદેશની વર્તમાન પરિસ્થિતિને કારણે, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ બંને ફ્લાઇટ્સ 14 નવેમ્બર સુધી રદ રહેશે. એરલાઇન્સ અનુસાર, પ્રદેશમાં વધતા લશ્કરી તણાવ અને જાહેર સલામતીની ચિંતાઓને કારણે, 14 નવેમ્બર સુધી બધી એર ઈન્ડિયાની ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન, જેદ્દાહ, રિયાધ અને દમ્મામ જતી એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ્સ 14 નવેમ્બર સુધી રદ રહેશે.આ નિર્ણયથી પ્રભાવિત મુસાફરો માટે, એર ઈન્ડિયાએ એક વખત મફત ટિકિટ રિશેડ્યુલિંગ વિકલ્પ ઓફર કર્યો છે. વધુમાં, ટિકિટ રદ કરવાનો અને રિફંડ મેળવવાનો વિકલ્પ પણ છે. એરલાઇનના જણાવ્યા અનુસાર, 30 ઓક્ટોબર અથવા તે પહેલાં ટિકિટ બુક કરાવનારા મુસાફરો તેમની ટિકિટની તારીખ મફતમાં બદલી શકશે. તેઓ 29 નવેમ્બર સુધીની મુસાફરી માટે નવી બુકિંગ કરી શકે છે, ઉપલબ્ધતાને આધીન અથવા તેમની ટિકિટ રદ કરીને સંપૂર્ણ રિફંડ મેળવી શકે છે.

બિનાન્સમાં 6.3 અબજ ડૉલરની ચોરીથી ભારતીય ક્રિપ્ટો માર્કેટમાં હડકંપ

(એજન્સી) નવી દિલ્હી | તા.31

ક્રિપ્ટો જગતનું એક મોટું નામ છે. એક દિવસ પહેલા, જ્યારે $6.3 બિલિયન, અથવા આશરે 56,000 કરોડ, તેના પ્લેટફોર્મ પરથી ચોરાઈ ગયા, ત્યારે સમગ્ર ઉદ્યોગ હચમચી ગયો. શરૂઆતમાં, એવું માનવામાં આવતું હતું કે કોઈ વિદેશી કંપનીનો ભંગ થયો છે. પરંતુ હવે તે સ્પષ્ટ થઈ રહ્યું છે કે તેની અસર ભારત સુધી પહોંચી શકે છે. તેથી, ભારતીય ક્રિપ્ટો એક્સચેન્જો ખૂબ ચિંતિત છે. કારણ એ છે કે ઘણા ક્રિપ્ટો એક્સચેન્જો તેમના ફ્યુચર્સ ટ્રેડિંગ માટે Binance માંથી લિક્વિડિટી પર આધાર રાખે છે. લિક્વિડિટીનો અર્થ એ છે કે બજારમાં કંઈક ખરીદવા અથવા વેચવા માટે પૂરતા ખરીદદારો અને વેચાણકર્તાઓ છે. ધારો કે તમારી પાસે બિટકોઈન છે અને તમે તેને તાત્કાલિક વેચવા માંગો છો. જો બજારમાં ખરીદદારો હોય, તો તમારો સોદો ઝડપથી પૂર્ણ થશે. જો કે, જો કોઈ ખરીદદારો ન હોય, તો તમારે કાં તો રાહ જોવી પડશે અથવા ઓછી કિંમતે વેચવું પડશે. આ જ કારણ છે કે ક્રિપ્ટો એક્સચેન્જ માટે લિક્વિડિટી ખૂબ જ મહત્વપૂર્ણ છે.બિનાન્સમાંથી આશરે $6.3 બિલિયન મૂલ્યની ક્રિપ્ટો સંપત્તિ ચોરાઈ ગઈ. બ્લોકચેન ઈન્ટેલિજન્સ કંપની TRM લેબ્સે પુષ્ટિ આપી છે કે આ હુમલા પાછળ ઉત્તર કોરિયન હેકર જૂથ ટ્રેડરટ્રેઈટરનો હાથ હતો. કંપની દાવો કરે છે કે આ નિષ્કર્ષને સમર્થન આપવા માટે મજબૂત ઓન-ચેઈન અને અન્ય ગુપ્ત માહિતી છે. જોકે, અંતિમ તપાસ અહેવાલની રાહ જોવાઈ રહી છે. ઘણી કંપનીઓએ ચોરાયેલા ભંડોળની સંપૂર્ણ રકમ હેકર્સ પાસે ન જાય તે માટે પગલાં લીધાં. ટેથરે $1.5 બિલિયનથી વધુ મૂલ્યના USDT ટોકન્સ સ્થિર કર્યા છે. આ ઘટના બાદ, ભારતમાં તેની અસર અનુભવાવા લાગી. CoinDCX એ તેના ફ્યુચર્સ ટ્રેડિંગને અસ્થાયી રૂપે રિડ્યુસ-ઓન્લી મોડમાં મૂક્યું. આનો અર્થ એ છે કે ગ્રાહકો તેમની હાલની પોઝિશન ઘટાડી અથવા બંધ કરી શકે છે.

LPGથી લઈને ટોલ પાસ સુધી...

આવતીકાલથી દેશમાં થશે 5 મોટા ફેરફાર, તમારા ખિસ્સાને થશે અસર

(એજન્સી) નવી દિલ્હી | તા.31

ઓક્ટોબર મહિનાના અંત સાથે જ 1 નવેમ્બર 2026થી દેશમાં સામાન્ય નાગરિકોના રોજિંદા જીવન, પેન્શનરો અને વેપારીઓ સાથે જોડાયેલા કેટલાક મહત્ત્વપૂર્ણ આર્થિક અને પ્રશાસનિક ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે. એલપીજી સિલિન્ડરના ભાવથી લઈને ડિજિટલ પેમેન્ટ, ટ્રાફિક નિયમો અને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની તારીખો સુધીના આ બદલાવોની સીધી અસર દરેકના ખિસ્સા પર જોવા મળશે. દર મહિનાની પહેલી તારીખની જેમ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ 1 નવેમ્બરે એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર કરશે. અગાઉ ઓક્ટોબરમાં 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધારવામાં આવ્યા હતા. 1 નવેમ્બરે કોમર્શિયલ રસોઈ ગેસ ઉપરાંત હવાઈ ઈંધણ (ATF) ના રેટ્સમાં પણ સુધારો જોવા મળી શકે છે, જેની અસર હોટેલ, રેસ્ટોરન્ટ અને ટ્રાન્સપોર્ટ બિઝનેસ પર પડશે. કેન્દ્ર સરકાર તરફથી હાઈવે પર ટોલ પ્લાઝાના 20 કિલોમીટરની ત્રિજ્યામાં રહેતા ખાનગી વાહન માલિકો માટે 1500 રૂપિયાનો વાર્ષિક ટોલ પાસ લાગુ કરવામાં આવી રહ્યો છે. આ સિવાય, દિલ્હીમાં વિન્ટર એક્શન પ્લાન હેઠળ અન્ય રાજ્યોના જૂના નોન-BS6 વાહનોના પ્રવેશ પર 31 જાન્યુઆરી, 2026 સુધી પ્રતિબંધ રહેશે. મુંબઈ-પૂણે એક્સપ્રેસવેના નવા કનેક્ટિંગ લિંક પર માલવાહક વાહનોની અવરજવર પર કાયમી પ્રતિબંધ મુકાયો છે. કેન્દ્ર સરકાર 1 નવેમ્બરથી જીએસટી સંબંધિત નિયમોમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહી છે. વેચાણ

પછી આપવામાં આવતા ડિસ્કાઉન્ટના નિયમો સરળ બનાવવામાં આવશે અને ટેક્સ રિફંડમાં થતો વિલંબ ઘટાડવા માટે ઓટોમેટિક એપ્રૂવલની વ્યવસ્થા કરાશે. આ ઉપરાંત, 5 કરોડ રૂપિયાથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓ માટે નવી સરળ રિટર્ન સિસ્ટમ અમલમાં આવશે. દૂરસંચાર વિભાગ (DoT)ના નિર્દેશ અનુસાર 1 નવેમ્બર 2026થી કોલિંગ નેમ પ્રેઝન્ટેશન (CNAP) નિયમ લાગુ થઈ રહ્યો છે.

આ અંતર્ગત તમામ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સે મોબાઈલ યુઝર્સની સ્ક્રીન પર કૉલ કરનારનું નામ દર્શાવવું ફરજિયાત રહેશે, જેનાથી થર્ડ-પાર્ટી કોલર આઈડી ઍપ પર નિર્ભર રહેવું નહીં પડે.80 વર્ષથી ઓછી વયના સરકારી પેન્શનરો 1 નવેમ્બરથી પોતાનું જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટિફિકેટ) જમા કરાવી શકશે, જેની છેલ્લી તારીખ 30 નવેમ્બર છે. સમયસર સર્ટિફિકેટ જમા નહીં કરાવનારની પેન્શન અટકી શકે છે. આ સિવાય, ઈન્કમ ટેક્સ વિભાગે ઓડિટના દાયરામાં આવતા કરદાતાઓ માટે આકારણી વર્ષ 2026.-27નું ITR ફાઈલ કરવાની સમયસીમા 31 ઓક્ટોબરથી વધારીને 21 નવેમ્બર, 2026 કરી છે. આ સિવાય, દિવ્યાંગ પેન્શનના નવા નિયમો માટે નવી માર્ગદર્શિકા બાકી હોવાથી તે 1 નવેમ્બરથી લાગુ નહીં થાય.

LICની જોરદાર યોજના | **10મું પાસ મહિલાઓ લઈ શકે છે લાભ**

મહિલાઓને દર મહિને 7000 કમાવવાનો મોકો, ફક્ત 10 પાસ લાયકાત

(એજન્સી) નવી દિલ્હી | તા.31

LIC મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા 'બીમા સખી' યોજના ચલાવી રહ્યું છે. આ યોજના હેઠળ 18થી 70 વર્ષની 10મું પાસ મહિલાઓ જોડાઈ શકે છે. શરૂઆતમાં તેમને દર મહિને 7,000 સુધીનું સ્ટાઈપેન્ડ અને કમિશન મળે છે. આ યોજના ગ્રામીણ મહિલાઓને વીમા એજન્ટ બની કમાણી કરવાની સુવર્ણ તક પૂરી પાડે છે. અરજી LICની વેબસાઈટ પર કરી શકાય છે.ભારતીય જીવન વીમા નિગમ (LIC) બાળકો, વડીલો અને મહિલાઓ સહિત દરેક વર્ગ માટે વિવિધ ઈન્શ્યોરન્સ યોજનાઓ ચલાવે છે. આ દરમિયાન LIC ખાસ કરીને મહિલાઓને આર્થિક રીતે સક્ષમ અને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્યથી એક વિશેષ યોજના ચલાવી રહી છે, જેનું નામ 'LIC Bima Sakhi' છે. આ સરકારી યોજના

હેઠળ મહિલાઓ શરૂઆતમાં જ દર મહિને નિયમિત 7,000 સુધીની આવક મેળવી શકે છે.ભારત પ્રવાસ માર્ગદર્શિકા શરૂઆત બાદથી આ સ્કીમ સતત લોકપ્રિય થઈ રહી છે અને મોટી સંખ્યામાં મહિલાઓ તેની સાથે જોડાઈ રહી છે. આ યોજના દ્વારા ગ્રામીણ મહિલાઓને પ્રોફેશનલ વીમા એજન્ટ બનવા અને આજીવિકા મેળવવાની સુવર્ણ તક મળી રહી છે, જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં વીમા અંગે જાગૃતિ પણ વધી રહી છે. LIC બીમા સખી યોજનામાં જોડાવા માટે યોગ્યતા અને વયમર્યાદા નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવી છે: આ યોજના માટે અરજદાર મહિલાની વયમર્યાદા 18થી 70 વર્ષ વચ્ચે હોવી જરૂરી છે.શૈક્ષણિક લાયકાતમાં માત્ર 10મું ધોરણ પાસ હોવું પૂરતું છે, જેનાથી સામાન્ય શિક્ષણ ધરાવતી મહિલાઓ માટે પણ આ યોજના કમાણીનો ઉત્તમ સ્ત્રોત સાબિત થઈ રહી છે.આ યોજનાની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં પોલિસી વેચાણ પર મળતા કમિશન ઉપરાંત પ્રથમ 3 વર્ષ સુધી નિશ્ચિત સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.LIC બીમા સખી યોજના હેઠળ મહિલાઓને સતત ત્રણ વર્ષ સુધી નક્કી કરેલું માસિક સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે: પ્રથમ વર્ષ: યોજના સાથે જોડાતા જ મહિલાઓને પ્રથમ વર્ષ દરમિયાન દર મહિને 7,000નું ફિક્સ સ્ટાઈપેન્ડ મળે છે.બીજું વર્ષ: બીજા વર્ષે માસિક 6,000નું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. ત્રીજું વર્ષ: ત્રીજા વર્ષે દર મહિને 5,000નું સ્ટાઈપેન્ડ ચૂકવાય છે.આ સમયગાળા દરમિયાન LIC દ્વારા મહિલાઓને પ્રોફેશનલ ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. વીમા વેચાણનો ટાર્ગેટ પૂર્ણ કરનાર કે તેનાથી વધુ કામ કરનાર મહિલાઓને વધારાનું કમિશન પણ મળે છે. 3 વર્ષની તાલીમ અને કાર્યકાળ પૂર્ણ કર્યા બાદ તેઓ કાયમી LIC એજન્ટ તરીકે પૂર્ણ સ્વતંત્રતા સાથે કામ કરી શકે છે.આ યોજના હેઠળ કામ કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે અને ગ્રામીણ વિસ્તારમાં રહેતી મહિલાઓને વિશેષ પ્રાથમિકતા મળે છે.હાલમાં કાર્યરત LIC એજન્ટો અને કર્મચારીઓના સંબંધીઓ આ યોજના માટે અયોગ્ય ગણાશે.એજન્ટ તરીકે કામ કરતી વખતે પ્રથમ વર્ષમાં કરવામાં આવેલી પોલિસીઓમાંથી ઓછામાં ઓછી 65% પોલિસીઓ ચાલુ રહેવી ફરજિયાત છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો વદ - 07

અમેરિકન ચૂંટણી અબજો ડોલરની 'મફત રેવડી'નો અખાડો

યુ.એસ.ની મિડટર્મ ચૂંટણીમાં 50 મોટા દાતાઓએ કુલ 2.77 અબજ ડોલરનું દાન કર્યું છે. આ ભંડોળમાંથી 1.67 અબજ ડોલર રિપબ્લિકન પાર્ટીને અને 83.2 કરોડ ડોલર ડેમોક્રેટિક પાર્ટીને મળ્યા છે. એલોન મસ્કે એકલા હાથે 44.6 કરોડ ડોલરથી વધુનું દાન રિપબ્લિકનને આપ્યું, જ્યારે જ્યોર્જ સોરોસે 10.2 કરોડ ડોલર ડેમોક્રેટ્સને આપ્યા. આ ચૂંટણી ખર્ચ દર્શાવે છે કે અમેરિકન ચૂંટણીઓ હવે અબજો ડોલરનો નાણાકીય અખાડો બની ગઈ છે.આ ચૂંટણીમાં આવેલા ૨.૭૭ અબજના દાનમાંથી આશરે ૧.૬૭ અબજ ડોલર જેટલું પ્રચંડ ભંડોળ રિપબ્લિકન પાર્ટી અને ટ્રમ્પને મળ્યું છે. તેની સરખામણીએ ડેમોક્રેટિક પાર્ટી અને ઉદારવાદી જૂથોને લગભગ ૩૦ ટકા હિસ્સો મળ્યો છે, જે આશરે ૮૩.૨ કરોડ ડોલર થાય છે. બાકી બચેલો આશરે ૧૦ ટકા હિસ્સો, જે લગભગ ૨૬.૪ કરોડ ડોલર છે, જે એવા દાતાઓ અને જૂથો તરફથી આવ્યો છે જેઓ બંને પક્ષોને સમાંતર દાન આપે છે : મસ્કે એકલા હાથે ૪૪.૬ કરોડ ડોલરથી પણ વધુ રકમનું દાન કર્યું છે. મસ્કે પોતાની આગવી 'અમેરિકા પીએસી' સ્થાપી અને પેન્સિલવેનિયા, મિશિગન, વિસ્કોન્સિન જેવા મહત્વપૂર્ણ બેટલગ્રાઉન્ડ રાજ્યોમાં મતદારોને રિપબ્લિકન તરફ વાળવા માટે ટેકનોલોજી, નાણાં અને વ્યક્તિગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મની આખી તાકાત જોતરી દીધી. આ ઉપરાંત એલિઝાબેથ અને રિચાર્ડ ઉઇહલીને કન્ઝર્વેટિવ સુપર પીએસીમાં આશરે ૧૫ કરોડ ડોલર ઠાલવ્યા છે : જ્યોર્જ સોરોસે વ્યક્તિગત અને પોતાના પારિવારિક ટ્રસ્ટ મારફતે ૧૦.૨ કરોડ ડોલરથી વધુ રકમ ડેમોક્રેટિક સુપર પીએસીમાં આપી છે. આ ઉપરાંત ન્યૂયોર્કના પૂર્વ મેયર અને મીડિયા મુઘલ માઈકલ બ્લૂમબર્ગે લગભગ ૮.૪ કરોડ ડોલરનું દાન આપીને ડેમોક્રેટિક ઉમેદવારોને મજબૂત કર્યા છેવિશ્વની સૌથી શક્તિશાળી લોકશાહી ગણાતા સંયુક્ત રાજ્ય અમેરિકાની ચૂંટણીઓ માત્ર જનાદેશ કે વૈચારિક યુદ્ધ પૂરતી સીમિત નથી રહીત વાસ્તવમાં તે વિશ્વનું સૌથી મોટું, જટિલ અને રહસ્યમય નાણાકીય અખાડો બની ચૂકી છે. વ્હાઈટ હાઉસની ગાદી કે કેપિટોલ હિલની સત્તા સુધી પહોંચવાનો માર્ગ બેલેટ પેપર પર મત અંકિત થાય તે પહેલાં અબજો ડોલરના વ્યવહારોમાંથી પસાર થાય છે. ૩ નવેમ્બરે જ્યારે અમેરિકામાં મીડટર્મ ચૂંટણી થવાની છે અને ટ્રમ્પની વિશ્વસનિયતા દાવ ઉપર લાગી છે ત્યારે સમજવા જેવું એ પણ છે કે, તેની પાછળ ધનકૂબેરોના અબજો ડોલર પણ દાવ ઉપર લાગ્યા છે.અમેરિકન ચૂંટણી ભંડોળની પાયાની વ્યવસ્થાને સમજવા માટે ફેડરલ ઈલેક્શન કમિશનના કાયદાકીય માળખાને અને તેના ઐતિહાસિક પરિવર્તનોને ઓળખવા પડે. વર્ષો પહેલાં ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને કોર્પોરેટ પ્રભાવને રોકવા માટે નિયમો અત્યંત કડક રાખવામાં આવ્યા હતા. કોઈપણ સામાન્ય નાગરિક પોતાના પસંદગીના ઉમેદવારને સીધેસીધું દાન આપે તો તેના પર કાનૂની મર્યાદા લાદવામાં આવી હતી, જે મુજબ કોઈ એક વ્યક્તિ ચૂંટણી દીઠ વધુમાં વધુ ઈ૩,૫૦૦ જેવી મર્યાદિત રકમ જ પ્રત્યક્ષ રીતે ઉમેદવારના સત્તાવાર ખાતામાં જમા કરાવી શકે. જોકે, ચૂંટણીનો પ્રચાર ટેલિવિઝન, રેડિયો, વિશાળ રેલીઓ અને ખાસ કરીને અત્યાધુનિક ડિજિટલ સ્પેસ સુધી વિસ્તરતાં ઉમેદવારો માટે આ મર્યાદિત રકમ ઊંટના મોંમાં જીરા સમાન બની ગઈ. સત્તાના આકાંક્ષીઓને અબજો ડોલરની જરૂર હતી અને આ જરૂરિયાતને સંતોષવા કાયદાકીય છટકબારીઓનો પાયો નંખાયો.આ વ્યવસ્થામાં સૌથી મોટો ભૂકંપ વર્ષ ૨૦૧૦માં આવ્યો, જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટે પોતાનો સીમાચિહ્નરૂપ સિટીઝન્સ યુનાઈટેડ વર્સિસ ચુકાદો સંભળાવ્યો. સર્વોચ્ચ અદાલતે બંધારણના પ્રથમ સુધારા હેઠળ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની એવી વ્યાખ્યા કરી કે રાજકીય પ્રચાર પાછળ ખર્ચવામાં આવતા નાણાં પણ એક પ્રકારનું મુક્ત ભાષણ છે. આ ચુકાદાએ કોર્પોરેશનો, ધનિક ઉદ્યોગપતિઓ અને મજૂર યુનિયનો માટે ચૂંટણીઓમાં અમર્યાદિત નાણાં રેડવાના દરવાજા કાયમ માટે ખોલી નાખ્યા. આ કાનૂની ક્રાંતિમાંથી જન્મ થયો એક નવા રાક્ષસી તંત્રનો, જેને આપણે 'સુપર પીએસી' એટલે કે સુપર પોલિટિકલ એક્શન કમિટીઝ તરીકે ઓળખીએ છીએ.સામાન્ય પોલિટિકલ એક્શન કમિટી અને સુપર પીએસી વચ્ચેનો તફાવત જમીન-આસમાન જેટલો છે. સામાન્ય પીએસીમાં દાન સ્વીકારવાની નિશ્ચિત મર્યાદાઓ હોય છે અને તે ઉમેદવાર સાથે સીધો સંપર્ક રાખી શકે છે. બીજી તરફ, સુપર પીએસી ઉમેદવાર કે તેના પક્ષના સત્તાવાર પ્રચાર સાથે 'સીધું સંકલન' નથી કરી શકતા તેવો કાગળ પર નિયમ છે.

વિદ્યાર્થીઓના અભ્યાસથી માંડી નોકરી-ધંધા સુધી અવરોધ; નવી બસ શરૂ કરવા રમજાન રાયમાની રજૂઆત

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નલિયા-નખત્રાણા વચ્ચે દોડતી એસટી બસ વારંવાર રસ્તામાં ખોટકાતી હોવાના કારણે મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વાયા કાદિયા નાના-મોટા, હીરાપર, ટોળિયા, રસલિયા, નેત્રા અને સુજાપર સહિતનાં ગામોના લોકો આ બસ સેવાનો લાભ લે છે, પરંતુ વારંવાર બસ બગડતી હોવાથી મુસાફરો સમયસર પોતાના ગંતવ્યસ્થાને પહોંચી શકતા નથી.ખાસ કરીને શાળાએ જતા વિદ્યાર્થીઓને બસની અનિયમિતતાને કારણે મુશ્કેલી પડી રહી છે. પરીક્ષા અને અભ્યાસના મહત્વના દિવસોમાં સમયસર શાળાએ ન પહોંચી શકવાની સ્થિતિ વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ચિંતાનો વિષય બની છે. નોકરી-ધંધા માટે અવરજવર કરતા મુસાફરો પણ પરેશાન થઈ રહ્યા છે.આ અંગે મોટા કાદિયાના અનસૂયાબેન સોલંકીના જણાવ્યા મુજબ, નખત્રાણા તથા નલિયા એસટી કંટ્રોલ રૂમમાં ફોન કરી રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફોન ઉપાડવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ સમગ્ર સમસ્યા અંગે રમજાન રાયમાએ યાદીમાં જણાવ્યું હતું કે, નલિયા-નખત્રાણા રૂટ પર વારંવાર બસ બગડવાની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે અને મુસાફરોની સુવિધા માટે નવી તથા સારી સ્થિતિમાં હોય તેવી એસટી બસ શરૂ કરવામાં આવે.કાદિયા નાના-મોટા, હીરાપર, ટોળિયા, રસલિયા, નેત્રા અને સુજાપર સહિતનાં ગામોના લોકોની માંગ છે કે એસટી વિભાગના જવાબદાર અધિકારીઓ આ સમસ્યાને ગંભીરતાથી લઈ વિદ્યાર્થીઓ અને મુસાફરોની હાલાકી દૂર કરવા વહેલી તકે યોગ્ય પગલાં ભરે.

શ્રી સોમનાથ ટ્રસ્ટની પ્રામાણિકતાનો વધુ એક કિસ્સો: મહેશ્વરી ભવનના રૂમબોયે યાત્રિકને ભૂલાયેલી ગોલ્ડ રિંગ પરત કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ:તા.૩૧. શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓને ઉત્તમ સુવિધાઓ અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવામાં શ્રી સોમનાથ ટ્રસ્ટ હંમેશા અગ્રેસર રહ્યું છે. હાલમાં જ ટ્રસ્ટ સંચાલિત મહેશ્વરી ભવન ખાતે સ્ટાફની નિષ્ઠા અને પ્રામાણિકતાનું વધુ એક ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે, જેણે યાત્રિકોના મનમાં સોમનાથની છાપને વધુ ઉજ્જવળ બનાવી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટના મહેશ્વરી ભવનમાં રૂમ નંબર 510 માં રોકાયેલા યાત્રિક શ્રી પારેખ દેવાંગ એન. જ્યારે રૂમ ચેકઆઉટ કરીને નીકળ્યા, ત્યારે તેઓ પોતાની કિંમતી સોનાની વીંટી રૂમમાં જ ભૂલી ગયા હતા. ચેકઆઉટ બાદ જ્યારે મહેશ્વરી ભવનના ફરજ પરના રૂમબોય કલ્પેશ બામણીયા રૂમ ચેક કરવા ગયા, ત્યારે તેમને આ ગોલ્ડ રિંગ મળી આવી હતી. તેમણે પોતાની કર્તવ્ય નિષ્ઠા અને ટ્રસ્ટના સંસ્કાર પ્રમાણે તુરંત જ ફરજ પરના અધિકારીને આ અંગે જાણ કરી હતી. ત્યારબાદ ટ્રસ્ટ દ્વારા યોગ્ય ખરાઈ કરીને આ ગોલ્ડ રિંગ તેના મૂળ માલિક શ્રી દેવાંગભાઈ પારેખને સહી સલામત પરત કરવામાં આવી હતી. પોતાની કિંમતી વસ્તુ હેમખેમ પરત મળતા યાત્રિકે રૂમબોય કલ્પેશ બામણીયા અને શ્રી સોમનાથ ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. દેશના યશસ્વી પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા હેઠળ, ટ્રસ્ટ યાત્રીઓને પ્રેમપૂર્ણ આતિથ્ય અને ઉત્તમ દર્શન અનુભવ આપવા માટે સતત કાર્યબદ્ધ છે. સોમનાથ ટ્રસ્ટના કર્મઠ અને પ્રામાણિક યુવાનો દ્વારા પ્રતિવર્ષ યાત્રિકોનો ભૂલાયેલો લાખો રૂપિયાની કિંમતનો સામાન જેમ કે કિંમતી મોબાઈલ, સોનાના ઘરેણાં, અને રોકડ રકમ તેમને હેમખેમ પરત કરવામાં આવે છે.આજના સમયમાં જ્યાં લોકોની કિંમતી વસ્તુઓ ખોવાઈ જવાનો ભય રહેતો હોય છે, ત્યાં શ્રી સોમનાથ ટ્રસ્ટના સ્ટાફે પોતાની અખંડ નિષ્ઠાથી એ સાબિત કર્યું છે કે સોમનાથ માત્ર આસ્થા અને ભક્તિનું જ નહીં, પરંતુ 'નિષ્ઠાનું તીર્થ' પણ છે.

નોબલ યુનિવર્સિટી અને ક્લિન અપ ઈન્ડિયા ના સંયુક્ત પ્રયાસોથી 100થી વધુ સ્વયંસેવકોએ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૩૧. તાજેતરમાં વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી, નાગરિક ફરજ અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા ગિરનાર, ભવનાથ સ્થિત નારાયણ ધરો અને ઓસમ ડુંગર, પાટણવાવ ખાતે સ્વચ્છતા અભિયાનો યોજવામાં આવ્યાં હતાં. ક્લિન અપ ઈન્ડિયાના સહયોગથી MBA સેમેસ્ટર-3ના વિદ્યાર્થીઓએ મલ્ટી- ડિસિપ્લિનરી એક્શન પ્રોજેક્ટ (MAP) અંતર્ગત આ પહેલમાં ભાગ લીધો હતો. જ્યારે તા. 24 ઓક્ટોબર, 2026ના રોજ ઓસમ ડુંગર ખાતે નોબલ યુનિવર્સિટી ના NSS યુનિટ, ક્લિન અપ ઈન્ડિયા ટીમ અને ફેકલ્ટી ઑફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા અભિયાનમાં 100થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. આ અગાઉ ભવનાથ સ્થિત નારાયણ ધરો ખાતે ક્લિન અપ ઈન્ડિયાના 30 સ્વયંસેવકોએ સફાઈ કામગીરી કરી હતી. ગિરનાર ખાતે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સહયોગથી યોજાયેલા અભિયાનમાં પણ સ્વયંસેવકોએ રોપવે મારફતે ગિરનારની ટોચ સુધી પહોંચીને આસપાસનો કચરો એકત્રિત કર્યો હતો. આ પ્રવૃત્તિઓની શ્રેણીને આગળ વધારતાં ઓસમ ડુંગર ખાતે યોજાયેલા અભિયાન માં સ્વયંસેવકોએ પ્લાસ્ટિક સહિતનો અન્ય કચરો એકત્રિત કરીને કુદરતી સ્થળોની સ્વચ્છતા જાળવવામાં યોગદાન આપ્યું હતું. આ અભિયાનોનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા કેળવવાની સાથે જાહેર અને પ્રવાસન સ્થળોની સ્વચ્છતા જાળવવા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. મલ્ટી-ડિસિપ્લિનરી એક્શન પ્રોજેક્ટ (MAP) અંતર્ગત યોજાયેલી આ પ્રવૃત્તિઓ દ્વારા MBA વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર સામાજિક જવાબદારી નિભાવવાનો વ્યવહારુ અનુભવ મળ્યો હતો. સાથે જ, ટીમવર્ક, નેતૃત્વ, સહકાર અને નાગરિક ફરજ પ્રત્યેની સમજ વિકસાવવાની તક મળી હતી. આ પહેલ દ્વારા એવો સંદેશ આપવામાં આવ્યો હતો કે કુદરતી અને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવી એ માત્ર તંત્રની જ નહીં, પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. પ્રવાસન સ્થળોએ કચરો ન ફેંકવો, પ્લાસ્ટિકનો બિનજરૂરી ઉપયોગ ટાળવો અને આસપાસ સ્વચ્છતા જાળવવી જેવા નાના પ્રયાસો પર્યાવરણ સંરક્ષણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. નોબલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક જ્ઞાનની સાથે સામાજિક સંવેદનશીલતા, સેવાભાવ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી વિકસે તે માટે આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ પ્રશંસનીય પહેલ બદલ નોબલ યુનિવર્સિટીના પ્રમુખ ડૉ.નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી. ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે. ડી.પંડ્યા તથા કુલપતિ ડૉ.એચ. એન.ખેર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી, તેમ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને ડીન ડૉ.જય તલાટીએ એક યાદીમાં જણાવ્યું હતું.

શ્રી કષ્ટભંજનદેવ દાદાને ગુલાબ-ઓર્કિડ ના મિક્સ ફૂલોનો શણગાર અને સીતાફળનો અન્નકૂટ ધરાવાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

સારંગપુર તા.૩૧. ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમાન સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તા.31-10-2026ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને ગુલાબ-ઓર્કિડના મિક્સ ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો દાદાને સીતાફળનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા અને ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂ.શા. સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. અનેક ભક્તો દ્વારા સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું હતું. મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દર્શન અને મહાપ્રસાદનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

શ્રી સોમનાથ મંદિરના સંકલ્પકર્તા સ્વર્ગીય સરદાર પટેલને જન્મજયંતિએ સોમનાથ ટ્રસ્ટની શ્રદ્ધાંજલિ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા.૩૧. અખંડ ભારતના શિલ્પી અને શ્રી સોમનાથ મંદિરના ભવ્ય પુનઃનિર્માણના સંકલ્પકર્તા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા સોમનાથ ખાતે સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને શાસ્ત્રોક્ત શ્લોકોચ્ચાર

સાથે પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રખર રાષ્ટ્રવાદી અને ઈતિહાસકાર કનૈયાલાલ મુનશીના શબ્દોમાં કહીએ તો 'જો સરદાર ન હોત તો આપણી આંખો સોમનાથનું પુનઃ નિર્માણ ન જોઈ શકી હોત.' સરદાર સાહેબની અદમ્ય ઈચ્છા શક્તિ અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણને કારણે જ જ્યોતિર્લિંગ સોમનાથ નું પુનઃસ્થાપન શક્ય બન્યું હતું ત્યારે, શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રી સોમનાથ મહાદેવ સમક્ષ સંકલ્પ લઈને વિધિવત પૂજા સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. આ સંકલ્પમાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સોમનાથની ધરોહરને જાળવી રાખવાના નિર્ધારનું સ્મરણ કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમમાં ટ્રસ્ટના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક એવા સરદાર પટેલને આદરાંજલિ અર્પણ કરેલ.

મીઠી ધારીયાલ ના ખેડૂતોને સાથે રાખી પૂર્વ કાન્તિ જી પટેલે માઇનોર કેનાલમાં પાણી છોડવા માંગ કરી

નિતીન ઠાકર ચાણસ્મા

આ વર્ષે વરસાદ ઓછો થયો હોવાથી ચોમાસું નબળું રહ્યું છે જેના કારણે ખેડૂતોની ચોમાસુ ખેતી નિષ્ફળ જવા પામી છે પરંતુ રવિ રિઝન નું વાવેતર જેવું કે રાયડો અજમો જીરુ સુવા નું વાવેતર કર્યા બાદ ચાણસ્મા પંથક ના મીઠી ધારીયાલ નજીક આવેલી માઈનોર કેનાલમાં નર્મદા વિભાગ દ્વારા પાણી નહી છોડવામાં આવતાં મીઠી ધારીયાલ ના ખેડૂતો માટે રવિ સિઝનના પાક માટે પિયત નહી કરી શકવાના કારણે કફોડી હાલત થવા પામી છે જેથી ખેડૂતો ને સાથે રાખી ધારાસભ્ય દિનેશજી ઠાકોર ની રાહબરી નીચે મીઠી ધારીયાલ ના પૂર્વ સરપંચ .અને પાટણ જિલ્લા કોંગ્રેશ ના અગ્રણી કાંન્તિ જી ઠાકોર દ્વારા માઈનોર કેનાલમાં પાણી છોડવા ઉગ્ર માંગ કરતું આવેદનપત્ર ચાણસ્મા મામલતદારને આપ્યું હતું.

બોરધા શાળાના બે જ્ઞાનશિલ્પીઓ નિવૃત્ત: એકે દીર્ઘ સેવાઓથી, તો બીજાએ ટૂંકા ગાળાની અસરકારક કામગીરીથી વિદ્યાર્થીઓના દિલ જીત્યા

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

પાવીજેતપુર તાલુકાની બોરધા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા અને ૩૧ ઓક્ટોબરના રોજ સરકારી સેવાઓમાંથી વય નિવૃત્ત થઈ રહેલા બે લોકપ્રિય શિક્ષકો શ્રી વેચાતભાઇ રાઠવા અને શ્રીમતી સંગીતાબેન ગામીતનો વય નિવૃત્તિ સન્માન સમારોહ સમગ્ર ગામના સહયોગથી ભારે હર્ષોલ્લાસ અને ભાવુક વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે યોજાયેલી ભવ્ય શોભાયાત્રા અને સન્માન સમારોહને કારણે સમગ્ર પંથકમાં આ વિદાય પ્રસંગ ઐતિહાસિક અને યાદગાર બની રહ્યો હતો.આ વિદાય સમારોહમાં વય નિવૃત્ત થઈ રહેલા આદરણીય શિક્ષક શ્રી વેચાતભાઇ રાઠવાએ શૈક્ષણિક ક્ષેત્રે પોતાના જીવનના અમૂલ્ય ૩૭ વર્ષ સુધી ઉત્કૃષ્ટ અને નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપીને અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ કર્યું છે. તેમની આ દીર્ઘ અને સમર્પિત સેવા બદલ સમગ્ર પંથક તેમનો ઋણી રહેશે.કાર્યક્રમની શરૂઆત જૂની પ્રાથમિક શાળા બોરધાથી નવી પ્રાથમિક શાળા સુધી યોજાયેલી એક ભવ્ય રેલી/શોભાયાત્રા સ્વરૂપે થઈ હતી. આ શોભાયાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ, શાળા પરિવાર તેમજ આખું ગામ ઉત્સાહભેર જોડાયું હતું. શાળાના ઉત્સાહી આચાર્ય શ્રી સંજયભાઈ રાઠવા તથા ગામના યુવા સરપંચ શ્રી સંજયભાઈ રાઠવાની ટીમે છેલ્લા એક મહિનાથી રાત-દિવસ મહેનત કરીને આ સમગ્ર વિદાય સન્માન કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું હતું.આ ભવ્ય કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થતા બંને શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે તેમના સહકર્મચારીઓ, મિત્ર વર્તુળ અને સગા-સંબંધીઓ દ્વારા વિવિધ પ્રકારની યાદગાર ભેટસોગાદો અને સન્માન પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્નેહભર્યા સન્માનથી વાતાવરણ ગૌરવમય બની ગયું હતું અને સમગ્ર કાર્યક્રમ ઐતિહાસિક સ્મૃતિ બની રહ્યો હતો.૧૯૬૧ માં શિક્ષક તરીકે ની કારકિર્દી શરૂ કરી ૨૦૦૧ માં ૪૦ વર્ષ સુધી શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ અને ઉદાહરણ રૂપ સેવાઓ આપી વય નિવૃત્તિ પામી નિવૃત્ત થયેલા નિવૃત્ત થઈ રહેલા શિક્ષક શ્રી વેચાતભાઇ રાઠવાને પ્રાથમિક શિક્ષણ આપનાર (એકડો ઘૂંટાવનાર) તેમના ગુરુ શ્રી પારસિંગભાઈ રાઠવા સાહેબે ૮૫ વર્ષની ઉંમરે કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહીને આ પ્રસંગની ગરિમા વધારી હતી અને 'સોનામાં સુગંધ ભળવી' ઉક્તિને સાર્થક કરી હતી.આ જ શાળામાં છેલ્લા ૨૬ વર્ષથી અવિરત સરકારી સેવા આપનાર મહિલા શિક્ષિકા શ્રીમતી સંગીતાબેન ગામીત પણ આ જ શાળામાંથી વય નિવૃત્ત થયા હતા. લાંબા સમયની સેવાને કારણે પુરા ગામ સાથે તેમનો એક પરિવાર જેવો અતૂટ નાતો બંધાઈ ગયો હતો. વિદાયની એ ક્ષણોમાં સમગ્ર ગ્રામજનો અને વિદ્યાર્થીઓ પોતાના વહાલા શિક્ષિકાને વિદાય આપતા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા, જેના કારણે સમગ્ર માહોલ અત્યંત ભાવુક બની ગયો હતો.વેચાતભાઈ રાઠવા બોરધા પ્રાથમિક શાળા માં છેલ્લા બે વર્ષથી ફરજ બજાવતા હતા પરંતુ તેઓ વર્ષ ૧૯૮૯ થી વર્ષ ૨૦૦૦ એટલે કે ૧૧ વર્ષ સુધી પ્રાથમિક શાળા સાઢલી ખાતે તેમજ વર્ષ ૨૦૦૦ થી વર્ષ ૨૦૨૪ સુધી એટલે કે ૨૪ વર્ષ સાલોજ પ્રાથમિક શાળા ખાતે જેમાં ૧૭ વર્ષ સુધી તેમની ગ્રુપઆચાર્ય તરીકે ની સેવાઓ નો અદભૂત અનુભવ બોરધા પ્રાથમિક શાળા ને મળ્યો હતો.તેમના ભત્રીજા અને જિલ્લા ટીબી એચઆઈવી કો-ઓર્ડીનેટર શ્રી વાલસિંગભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે, 'વેચાતભાઇ એક શાંત અને સૌમ્ય સ્વભાવના ધની છે. એક શ્રેષ્ઠ શિક્ષકને છાજે તેવું તેમનું વર્તન અને વ્યવહાર રહ્યો છે. અમારા પરિવારમાંથી પ્રથમ સરકારી સેવામાં જોડાનાર આ વિરલ વિભૂતિથી અમને જીવનમાં આગળ વધવાની ઘણી બધી પ્રેરણા મળી છે.'આ કાર્યક્રમમાં જિલ્લા ટીબી એચઆઈવી કો-ઓર્ડીનેટર વાલસિંગભાઈ રાઠવા, સજવા જિલ્લા પંચાયત સદસ્ય ભરતભાઈ રાઠવા, બોરધા તાલુકા પંચાયત સદસ્ય રમેશભાઈ રાઠવા, પાણીબાર તાલુકા પંચાયત સદસ્ય મહેશભાઈ રાઠવા, બોરધા ગ્રામ પંચાયતના યુવા સરપંચ સંજયભાઈ રાઠવા, નાનીઅમરોલ ગ્રામ પંચાયત સરપંચ પ્રતિનિધિ એડવોકેટ પિયુષભાઈ રાઠવા સહિત પાવીજેતપુર તાલુકાના શિક્ષક સંઘના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો.

સમગ્ર શિક્ષા જૂનાગઢ અંતર્ગત નિવાસી અધિક કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને ગવર્નિંગ બોડીની બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦. સમગ્ર શિક્ષા જિલ્લા પ્રોજેક્ટ કચેરી જૂનાગઢ અંતર્ગત કલેકટર કચેરી, સભાખંડ હોલ ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.એસ. બારડના અધ્યક્ષસ્થાને ગવર્નિંગ બોડીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી સુશ્રી લત્તાબેન ઉપાધ્યાય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢના પ્રાચાર્યશ્રી આશાબેન રાજ્યગુરુ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર રણવીરભાઈ પરમાર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વંથલી સુશ્રી સુરભીબેન પાઘડાર, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી બલદેવભાઈ પરી, પીએમ શ્રી ધંધુસર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રી ધીરૂભાઈ દાસા વગેરે ગવર્નિંગ બોડીની બેઠકના કમિટીના સભ્યોએ હાજરી આપી હતી. બેઠકમાં સમગ્ર શિક્ષા જિલ્લા કચેરીના તમામ મદદનીશ જિલ્લા કો. ઓર્ડીનેટરશ્રીઓ હાજર રહીને પોતાની શાખાને લગતી સમગ્ર શિક્ષાની વિવિધ યોજનાઓની વિગતવાર માહિતી પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરેલ હતી અને અધ્યક્ષશ્રીને તમામ બાબતોથી અવગત કરવામાં હતા. આ તકે અધ્યક્ષશ્રીએ સરકારશ્રીની બાળ કેન્દ્રી શિક્ષણની વિવિધ યોજનાઓથી જૂનાગઢ જિલ્લાના છેવાડાના બાળકોને સરળતાથી અને ત્વરિત રીતે લાભાન્વિત કરાવી શકાય તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડેલ હતું. આ સમગ્ર બેઠકનું આયોજન જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી સુશ્રી લત્તાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન અને રાહબરી હેઠળ કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જિલ્લાના પ્રભારી સચિવશ્રી દિલીપ રાણાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢ તા.૩૧ જૂનાગઢના પ્રભારી સચિવ શ્રી દિલીપ રાણાના અધ્યક્ષ સ્થાને આજે કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.કલેકટરશ્રી યોગેશ ચૌધરી, ડીડીઓશ્રી જયંતસિંહ રાઠૌર, કમિશનરશ્રી આઈ.આર. વાળા, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી.એસ.બારડ સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં જિલ્લાના પીવાના પાણીની આગામી સમયની સંભવિત જરૂરિયાતોને પહોંચી વળવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લાના ગરીબી રેખા હેઠળ આવતા પરિવારો માટે રોજગારીની તકો અને યોજનાથી વંચિત ન રહે તે માટે માર્ગદર્શન આપ્યું હતું અને પરિવારોને પીએમ સ્વ નિધિ જેવી દરેક યોજનાનો લાભ લેવા માટે અને દરેક યોજનાનું પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે સૂચના આપવામાં આવી હતી. જિલ્લાને ટીબી મુક્ત બનાવવા માટે દરેક ટીબીયુક્ત દર્દીઓને જરૂરી સારવાર મળી રહે અને જિલ્લો ટીબી મુક્ત બને તે માટે સર્વગ્રાહી પગલા લેવા સૂચના આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગના અધિકારીઓએ ટીબીના દર્દીઓની સંખ્યામાં ઘટાડો થાય તે માટે કરવામાં આવી રહેલી કામગીરી અને મેળવેલી સિદ્ધિઓ અંગેની પણ માહિતી આપી હતી.જિલ્લાના કુપોષિત બાળકો માટે પણ સમીક્ષા કરેલ ,જેમાં કુપોષિત બાળકોને યોગ્ય સારવાર મળે અને પોષણયુક્ત કીટ સંપૂર્ણ મળી રહે તે માટે આઈસીડીએસ શાખાના અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આગામી સમયમાં યોજાનાર ગિરનારની લીલી પરિક્રમામાં પીવાના પાણીની સમસ્યા અંગે સમીક્ષા કરેલ અને પરિક્રમામાં આવતા યાત્રાળુઓને તાત્કાલિક સારવાર મળી રહે અને જરૂર પડે શહેરમાં ઈમરજન્સી સારવાર મળે તે માટે આરોગ્ય વિભાગને પણ માર્ગદર્શન આપ્યું હતું.

જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં અનધિકૃત (ગેરકાયદેસર) નળ જોડાણો નિયમિત કરાવવા બાબત.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૪૧. મહાનગરપાલિકા, જૂનાગઢના વિસ્તારમાં વસવાટ કરતા તમામ નાગરિકોને જણાવવામાં આવેલ છે કે, જૂનાગઢ શહેરમાં વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અંતર્ગત પાણીની પાઈપ લાઈનો નાખવાની તથા નવા રસ્તાઓ બનાવવાની કામગીરી દરમિયાન ભવિષ્ય માં રસ્તાઓનું પુનઃખોદકામ ન કરવું પડે તે હેતુથી સંબંધિત મિલકતો સુધી પાણીનાં નળ જોડાણો આપવા માટે જરૂરી કનેક્શન પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.તેમ છતાં, કેટલાક મિલકત ધારકો દ્વારા આ કનેક્શન પોઈન્ટનો ઉપયોગ કરી આજદિન સુધી પાણીનાં નળ જોડાણો નિયમોનુસાર નિયમિત કરાવવામાં આવેલ નથી અને અનધિકૃત નળ જોડાણો મારફતે પાણીનો વપરાશ કરવામાં આવતો હોવાનું મહાનગરપાલિકાના ધ્યાને આવેલ છે. આવા અનધિકૃત જોડાણો મહાનગર પાલિકા ના પ્રવર્તમાન નિયમો વિરુદ્ધ હોઈ, સંબંધિત નિયમો અનુસાર કાર્યવાહી પાત્ર છે.આથી, તમામ અનધિકૃત નળ જોડાણ ધારકોને સૂચનાઓ આપવામાં આવે છે કે,૧.અનધિકૃત નળ જોડાણ નિયમિત કરાવવાની સમયમર્યાદા:જે નાગરિકોએ અનધિકૃત અથવા ગેરકાયદેસર નળ જોડાણ મેળવેલ હોય, તેઓએ તાત્કાલિક જૂનાગઢ મહાનગરપાલિકાની પાણી પુરવઠા શાખાનો રૂબરૂ સંપર્ક કરી નિયત અરજી ફોર્મ ભરવાનું રહેશે. આ સાથે જરૂરી આધાર-પુરાવા રજૂ કરી, પ્રવર્તમાન નિયમો અનુસાર લાગુ પડતા ચાર્જ તથા દંડની રકમ ભરીને પોતાનું નળ જોડાણ કાયદેસર રીતે નિયમિત કરાવી લેવાનું રહેશે. આ માટે તા. ૧૫ /૧૧/૨૦૨૬ સુધીની સમયમર્યાદા આપવામાં આવે છે. ૨. અનધિકૃત જોડાણો વિરુદ્ધ તપાસ અને કાયદેસરની કાર્યવાહી: ઉપરોક્ત સમય મર્યાદામાં પોતાના નળ જોડાણો નિયમિત નહીં કરાવનાર તથા નિયત ચાર્જ/દંડની રકમ નહીં ભરનાર આસામીઓ વિરુદ્ધ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સ્પેશિયલ ચેકિંગ સ્ક્વોડ મારફતે સઘન તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે યોજાઈ "રન ફોર યુનિટી"

લુણાવાડા સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેચ્યુને પુષ્પાંજલિ અર્પણ કરી ભવ્ય એકતા દોડનું કરાયું આયોજન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ભારતના અખંડ શિલ્પી, 'ભારત રત્ન' લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી ગૌરવવંતી જન્મજયંતી નિમિત્તે આજે મહીસાગર પોલીસ દ્વારા લુણાવાડા ખાતે 'રન ફોર યુનિટી' (એકતા દોડ)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મહીસાગર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી પી. સી. બરંડાની પ્રેરક આગેવાની અને અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં પ્રારંભે મહાનુભાવો અને ઉપસ્થિતોએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવી રાખવાના શપથ ગ્રહણ કરી સરદાર પટેલના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો અને પ્રભારી મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા મહિલા પોલીસ ચોકી સામે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવપૂર્વક ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે લુણાવાડા સ્ટેટ મહારાજા શ્રી સિદ્ધરાજસિંહજી, સંતરામપુર સ્ટેટ મહારાજા શ્રી પરાંજયાદિત્યસિંહજી તેમજ બાલાસિનોર નવાબ શ્રી સુલતાન સલાઉદ્દીન ખાન બાબીનું પ્રભારી મંત્રી શ્રી પી. સી. બરંડાના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન બાદ તેઓ પણ રાષ્ટ્રીય એકતા પર્વે આયોજિત આ એકતા દોડમાં ઉત્સાહભેર જોડાયા હતા. 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી અંતર્ગત યોજાયેલી આ એકતા દોડ મહિલા પોલીસ ચોકી ખાતેથી શરૂ થઈ લુણાવાડા નગરના માર્ગો પરથી પસાર થઈ વાસિયા

પોલીસ મથકે સંપન્ન થઈ હતી. આ દોડમાં પોલીસ જવાનો સાથે વિશાળ સંખ્યામાં નગરજનોએ ઉત્સાહપૂર્વક જોડાઈને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંકલ્પ વ્યક્ત કર્યો હતો. "રન ફોર યુનિટી" દ્વારા સમાજમાં રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા અને ભાઈચારાનો સંદેશ વધુ મજબૂત બનાવવાનો ઉમદા હેતુ સિદ્ધ થયો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં લોકોની ઉત્સાહપૂર્ણ ભાગીદારીથી વાતાવરણમાં દેશપ્રેમ અને એકતાનો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં પંચમહાલ રેન્જ ડી.આઈ.જી. સુશ્રી વિધિ ચૌધરી, મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફીન હસન, નગરપાલિકા પ્રમુખ શ્રી કીર્તિભાઈ સહિતના પદાધિકારીઓ, વહીવટી અને પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ સ્ટાફ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહીસાગર જિલ્લામાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી: કુલ ૫૮ સ્થળોએ યોજાયા કાર્યક્રમો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લામાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ'ની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બનાસકાંઠાના ભીલડી ખાતેથી 'પીએમ કિસાન સન્માન નિધિ યોજના'ના ૨૪મા હપ્તાની રકમ ડી.બી.ટી. (DBT) મારફતે ખેડૂતોના બેંક ખાતામાં સીધી જમા કરાવવાના રાજ્ય કક્ષાના સમારોહનું આયોજન કરાયું હતું. જિલ્લામાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, અધિકારીઓ તેમજ ખેડૂત ભાઈ-બહેનોએ આ કાર્યક્રમનું એલ.ઈ.ડી. સ્ક્રીન પર જીવંત પ્રસારણ અત્યંત રસપૂર્વક નિહાળ્યું હતું. આ ૨૪મા હપ્તા અંતર્ગત મહીસાગર જિલ્લાના કુલ ૧,૫૫,૮૪૨ પાત્રતા ધરાવતા લાભાર્થી ખેડૂતોના આધાર લિંક્ડ બેંક ખાતામાં કુલ ૩૧.૨૨ કરોડની માતબર સહાય સીધી જમા કરવામાં આવી છે. આ સહાયથી જિલ્લાના ખેડૂત પરિવારોમાં સર્વાંગી આનંદ

અને સંતોષની લાગણી પ્રસરી ગઈ છે. જિલ્લામાં છેવાડાના ખેડૂત સુધી આ ઉત્સવ પહોંચે તેવા ઉદ્દેશ સાથે પંચાયત સીટ દીઠ ૨ કાર્યક્રમ મુજબ ગ્રામ્ય સ્તરે ૫૬ કાર્યક્રમો, નગરપાલિકા વિસ્તારમાં ૨ કાર્યક્રમો તેમજ એક જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ મળી સમગ્ર મહીસાગર જિલ્લામાં કુલ ૫૮ સ્થળોએ સુવ્યવસ્થિત કાર્યક્રમો સંપન્ન થયા હતા. આ તમામ સ્થળોએ વિવિધ પદાધિકારીશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં ધરતીપુત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે પ્રતિમાને પુષ્પાંજલિ અને સુતરની દ્વારા નરસિંહ મહેતા યુનિ. પરીવારે શ્રધ્ધાંજલી અર્પણ કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૧, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે ભારતના લોખંડી પુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ઉજવણી અંતર્ગત યુનિ. ભવનનાં વિદ્યાર્થીઓ દ્વારા કવિઝ કોમ્પીટિશન દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના જીવનચરિત્ર, તેમના રાષ્ટ્રપ્રેમ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા યોગદાન તથા દેશી રજવાડાંઓના એકીકરણમાં ભજવેલી ઐતિહાસિક ભૂમિકા વિશે વિદ્યાર્થીઓએ વિસ્તૃત જ્ઞાન આપલે કર્યુ હતુ. યુનિ.નાં વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવનમાંથી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા, શિસ્ત અને સંગઠનશક્તિ જેવા મૂલ્યોને જીવનમાં ઉતારવાનો સંદેશ આપ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલનાં ૧૫૧માં જન્મ દિવસનાં મંગળ પ્રભાતે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં પ્રાંગણમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ સમાજ ના દરેક વર્ગ સુધી પહોંચે તેવા હેતુથી કૂલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ અને કુલસચિવ ડો.આર.જી.પરમારની આગેવાની માં 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના અધ્યાપકો, યુનિ.નાં બિનશૈક્ષણિક અને શૈક્ષણિક કર્મયોગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ એકતાની ભાવના સાથે ભાગ લઈને દેશની એકતા, અખંડિતતા અને ભાઈચારાને જાળવી રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત યુનિ.નાં વિદ્યાર્થીઓ, કર્મયોગી ભાઇ બહેનોને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કવન, વ્યક્તિત્વ, દ્રઢ મનોબળ, નિર્ણયશક્તિ અને દેશના એકીકરણ માટે કરેલા અથાગ પ્રયત્નો વિશે જાણકારી આપતા કૂલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે સરદાર પટેલે દેશને એકતાના તાંતણે બાંધીને અખંડ ભારતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી સમીક્ષા બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦, જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં આર.ટી.ઓ, પોલીસ અને જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા જૂનાગઢ શહેરના મુખ્ય માર્ગોની ભૌતિક ચકાસણી કરી રસ્તા પરના ખાડા પુરાવવા, તૂટેલા સ્પીડ બ્રેકરનો સમારકામ, નવા સ્પીડ બ્રેકર્સ બનાવવા, સ્પીડ બ્રેકર અંગેના સાઈન બોર્ડ લગાવવા જેવા નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં મધુરમ ગેટ થી મોતીબાગ, સ્વામિનારાયણ મંદિરથી કલેકટર કચેરી, કાળવા ચોક થી દામોદર કુંડ, સક્કરબાગ પ્રાણીસંગ્રહાલય થી મજેવડી ગેટ- સરદાર દરવાજા -ગાંધી ચોક, મજેવડી ગેટથી આર.ટી.ઓ. કચેરી જેવા માર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ જૂનાગઢ શહેરના મુખ્ય માર્ગો, જિલ્લાના રાજ્ય અને પંચાયત માર્ગો તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નવા સ્પીડ બ્રેકર્સનું યોગ્ય આયોજન કરવા, તૂટેલા સ્પીડ બ્રેકર્સનું સમારકામ કરવા તેમજ સ્પીડ બ્રેકર્સ પર સફેદ પટ્ટા (ઝેબ્રા માર્કિંગ) કરાવવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત વાહનચાલકોને અગાઉથી જાણ થાય તે માટે સ્પીડ બ્રેકર્સ અંગેના સૂચનાત્મક સાઈનબોર્ડ લગાવવા પણ જણાવાયું હતું. જૂનાગઢ શહેર અને જિલ્લામાં રોડ- રસ્તાની કામગીરી દરમિયાન અકસ્માતો ન સર્જાય તે માટે યોગ્ય ડાયવર્ઝન વ્યવસ્થા ઊભી કરી નાગરિકોને તેની અગાઉથી જાણકારી આપવા પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત નાગરિકોને માર્ગ સલામતી અંગે જાગૃત કરી ટુ-વ્હીલર ચાલકોને હેલ્મેટ અને ફોર-વ્હીલર વાહનચાલકોને સીટ બેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા પ્રેરિત કરવા જણાવાયું હતું.

ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ અને સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતિ નિમિત્તે ડાંગ જિલ્લા કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ ..

ડાંગ | ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન અને ભારત રત્નથી સન્માનિત સ્વર્ગીય ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ઈન્દિરા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્રપ્રત્યેના યોગદાનને યાદ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ સાથે જ આજના જ દીને ભારત દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતિની પણ કોંગ્રેસ દ્વારા ઉમ્ભાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને હાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. દેશની એકતા અને અખંડિતતા માટે સરદાર પટેલે આપેલા યોગદાનને યાદ કરી તેમને વંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ ઈન્દિરા ગાંધીજીના



જીવનચરિત્ર, તેમના રાજકીય જીવન, દૂરંદેશી નેતૃત્વ, સાહસ અને દ્રઢ નિર્ણયશક્તિ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે તેમણે જાહેર જીવનમાં મહિલાઓની ભાગીદારી અને નેતૃત્વની ક્ષમતાનું આગવું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

જૂનાગઢ જિલ્લાના વરિષ્ઠ નાગરિકો માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા 'જિલ્લા કક્ષાની સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધા-૨૦૨૬' યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૩૦. ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સિનિયર સિટીઝન ભાઈઓ-બહેનોમાં રમતગમત પ્રત્યે જાગૃતિ વધે, શારીરિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તથા સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન મળે તે હેતુથી જૂનાગઢ શહેર / ગ્રામ્ય જિલ્લા કક્ષાની સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધા-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા આગામી તા. ૦૧/૧૧/૨૦૨૬, રવિવારના રોજ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ તથા ટેનિસબોલ ક્રિકેટ જેવી વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન ભાઈઓ-બહેનો ભાગ લઈ શકશે. નોંધણી કરાવેલ તમામ સ્પર્ધકોએ સવારે ૦૮:૦૦ કલાકે સ્પર્ધાના સ્થળે ફરજિયાત હાજર રહેવાનું રહેશે તેમજ ઓળખની ખરાઈ માટે આધાર કાર્ડની અસલ નકલ અને ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. સિનિયર સિટીઝન નાગરિકોમાં ઉત્સાહ, તંદુરસ્ત જીવનશૈલી અને સામાજિક જોડાણને પ્રોત્સાહન આપવાના આશયથી યોજાનારી આ સ્પર્ધામાં તમામ નોંધાયેલા સ્પર્ધકો સમયસર ઉપસ્થિત રહી સ્પર્ધાને સફળ બનાવવા સહકાર આપે તેવી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જુનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે દિવ્યેશભાઈ વરુ (મોબાઈલ નં. ૭૬૨૨૯ ૧૦૨૩૬) નો સંપર્ક કરી શકાશે.

વંથલી તાલુકાનાં લુવાસર ગામનાં સોંદરવા અરૂણભાઈએ પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન તથા કલા વિભાગમાં પીએચ.ડી કમ્પલીટ કર્યુ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૮, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે આજે પીએચ.ડીનાં અભ્યાસાર્થી લુવાસર ગામના વતની અરૂણકુમાર હીરાભાઈ સોંદરવાએ પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન તથા કલા વિભાગ માં ગુજરાતની પસંદગીની પુસ્તકાલયોમાં દુર્લભ સામગ્રીનું જતન અને સંરક્ષણ એક અભ્યાસ વિષયે પોતાનું સંશોધન પત્ર માર્ગદર્શક ડો. ભરતકુમાર બાવાભાઇ રામાણીની ઉપસ્થિતીમાં બાહ્ય રેફરી સમક્ષ રજુ કરતાં અરૂણભાઇનું પ્રસ્તુત થીસીસ ગ્રાહ્ય રહેતા યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. આર.જી.પરમારે અરૂણભાઇ સોંદરવાને શુભાકામના પાઠવી તુરંત પ્રોવિઝનલ પ્રમાણપત્ર અને નોટીફિકેશન અર્પણ કર્યુ હતુ. રજીસ્ટ્રાર ડો. આર.જી.પરમારે વિદ્યાર્થીનાં સંશોધિત જ્ઞાને બિરદાવતા કહ્યુ હતુ કે ગુજરાતની પસંદગીની પુસ્તકાલયોમાં દુર્લભ સામગ્રીનું જતન એ માત્ર પુસ્તકો સાચવવાનો વિષય માત્ર પસંદ કરી અરૂણકુમારે રાજ્ય અને દેશના જ્ઞાન-વારસાને જીવંત રાખવાનો પ્રયાસ થવા પર પોતાનાં અભ્યાસને કેન્દ્રીત કરી પોતાનું શોધપત્ર તૈયાર કર્યુ છે. ઉલ્લેખનિય છે કે ગુજરાત સમૃદ્ધ સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સાહિત્યિક વિરાસત ધરાવતું રાજ્ય છે. રાજ્યના વિવિધ પુસ્તકાલયો અને સંશોધન સંસ્થાઓમાં હજારો વર્ષ જૂની હસ્તપ્રતો, તાડપત્રો, કાપડ પર લખાયેલા ગ્રંથો, દુર્લભ મુદ્રિત પુસ્તકો, સરકારી ગેઝેટ, નકશા અને પ્રાચીન દસ્તાવેજો ઉપલબ્ધ છે. આ અમૂલ્ય જ્ઞાનસંપદાને આવનારી પેઢીઓ માટે સાચવી રાખવા 'જતન અને સંરક્ષણ' એક અત્યંત મહત્વનો અભ્યાસ વિષય બની રહ્યો છે. શોધકર્તા અરૂણભાઇએ જણાવ્યુ હતુ કે પ્રાચીન હસ્તપ્રતો, જૈન સાહિત્ય અને સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો સંગ્રહ, તાડપત્રો, હાથ બનાવટના કાગળ પર લખાયેલી ચિત્રિત હસ્તપ્રતો અને દુર્લભ ગ્રંથો. ઈતિહાસને રજૂ કરતા સદીઓ જૂના દુર્લભ પુસ્તકોનો સંગ્રહ રાજવંશ સમયના નકશા, શાહી દસ્તાવેજો અને દુર્લભ વિદેશી પુસ્તકો. સૌથી જૂની સાહિત્યિક સંસ્થાઓમાંની એક, જ્યાં દુર્લભ હસ્ત પ્રતો અને પ્રાચીન સાહિત્ય ને સાચવવા ભૌતિક અને પરંપરાગત સંરક્ષણ, તાપમાન અને ભેજનું નિયંત્રણ, કીટકો, વાઈરસ કે ફૂગથી બચાવવા માટે રાસાયણિક પ્રક્રિયાઓ કરવી. લીમડાના પાન, કપૂર અને કુદરતી જડીબુટ્ટીઓનો ઉપયોગ કરીને હસ્તપ્રતોની જાળવણી કરવી. જૂના કાગળમાં રહેલા એસિડને દૂર કરીને કાગળની આયુષ્ય લંબાવવી. ક્ષીણ થઈ ગયેલા પાનાઓને જાપાનીઝ ટિશ્યુ પેપર કે વિશિષ્ટ ગુંદર વડે મજબૂતી આપવી. હસ્તપ્રતો અને દુર્લભ ગ્રંથોને હાઈ-રિઝોલ્યુશન સ્કેનર વડે ડિજિટલ સ્વરૂપ આપવું મૂળ નકલને નુકસાન ન થાય તે માટે સંશોધકોને ડિજિટલ કોપી ઉપલબ્ધ કરાવવા જેવા મારા અભ્યાસ માળખાને આજે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા સ્વિકૃત કરી મને પ્રોવિઝનલ ડીગ્રી અને નોટીફિકશેન આપવા બદલ રજીસ્ટ્રાર ડો.રમેશભાઈ પરમાર, પીએચ.ડી. સેલનાં ડો.ઓમ જોષી, તરલા ચુડાસમા, રાહુલ ચૌહાણ, હેતલ કારેથા, અમીત ટોપનદાસાણી સહિત યુનિ. નાં કર્મયોગીઓનો સહયોગ મારા અભ્યાસને પ્રોત્સાહક રહ્યો.

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની રાષ્ટ્રીય એકતાની ભાવનાને જનજન સુધી પહોંચાડવા જાફરાબાદ પાલિકા દ્વારા 'રન ફોર યુનિટી'નું આયોજન કરાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તા.૩૧ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે જાફરાબાદ નગરપાલિકા વિભાગ દ્વારા 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર સાહેબે દેશનાં વિવિધ રજવાડાંઓનું એકીકરણ કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું. તેમની અડગ દ્રઢતા, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના આદર્શોને સ્મરણમાં રાખીને નાગરિકોમાં એકતા, અખંડિતતા અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને તેવા હેતુથી આ દોડ યોજાઈ હતી. જાફરાબાદ પારેખ મહેતા હાઈસ્કુલ ખાતેથી યોજાયેલી આ 'રન ફોર યુનિટી'ને ધારાસભ્ય અધિકારીઓ પદાધિકારીઓ જાફરાબાદ નગરપાલિકાના ચિફ ઓફિસ ભાવનાબેન ગોસ્વામી તેમજ પ્રમુખ શ્રી રવિનાબેન પ્રફુલ્લભાઇ બારૈયા દ્વારા તીરથાણીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય હિરાભાઇ સોલંકી દ્વારા જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે ૩૧ ઓક્ટોબરના દિવસને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ કરીને સરદાર સાહેબને યોગ્ય સન્માન આપવામાં આવ્યું છે. વધુમાં તેમણે દેશમાંથી અરાજકતાવાદી પરિબળોને નાબૂદ કરવા, બંધારણીય લોકશાહીની રક્ષા કરવા તેમજ દેશની આંતરિક સુરક્ષા, અખંડિતતા અને એકતાને વધુ મજબૂત બનાવવા સૌને સંકલ્પબદ્ધ થવા અપીલ કરી હતી. ખાતે પૂર્ણ થઈ હતી. આ દોડમાં પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના સહભાગીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય નગરપાલિકા ચિફ ઓફિસ ભાવનાબેન ગોસ્વામી, મામલતદાર સાહેબ નગરપાલિકા પ્રમુખ રવિનાબેન પ્રફુલ્લભાઇ બારૈયા, પ્રફુલ્લભાઇ બારૈયા, કોળી સમાજના અગ્રણી મનોહરભાઈ બારૈયા, પાલિકા ચેરમેન કનૈયાલાલ સોલંકી, મુસ્લિમ અગ્રણીઓ, પાલિકા ઉપપ્રમુખ તેમજ પાલિકા સદસ્યો, હોમ ગાર્ડ ના જવાનો, સહિત ઉપસ્થિત મહાનુભાવો, ટાઉન પોલીસ પીએસઆઇ, ચૌહાણ, મરીન પોલીસ પીએસઆઇ એમ.બી. ગોહિલ, મરીન પોલીસ સ્ટાફ, ટાઉન પોલીસ સ્ટાફ, અધિકારીઓ તથા પદાધિકારીઓ શિક્ષકો , શિક્ષીકાઓ , વેપારી એસોસિયેશન, આંગણવાડી કાર્યકરો, આંગણવાડી બહેનો, કર્મચારીઓએ રાષ્ટ્રીય એકતા ના શપથ લીધા હતા જેમાં રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા માટે પોતાને સમર્પિત રાખવા તેમજ દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રસરાવવા નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનો સંકલ્પ લીધો હતો.

મહાભારત ના પ્રત્યેક પાત્રો ના સ્વભાવ અને વિશેષતા અલગ અલગ છે

મહાભારત ના પાત્ર અગ્નિ પુત્રી દ્રૌપદી ના જીવન ની વિવિધ ઘટનાઓ વિશે વિચારશો ને તો સમજાશે કે ભારતીય સ્ત્રીઓનું જીવન એ કાચ ના વાસણ જેવું હોય છે એટલે જ એના માટે મનફાવે એ લખી કે બોલી શકાય છે. મહાભારત ના પ્રત્યેક પાત્રો ના સ્વભાવ અને વિશેષતા અલગ અલગ છે છતાંય માત્ર 'દ્રૌપદી'ના પાત્ર વિશે સૌથી વધારે લખાયું છે. ઘણી વખત લેખકો દ્રૌપદી ના પાત્ર ને ઓછું આંકી ને 'પ્રેમ' શબ્દ સાથે જોડી ને લખે છે ત્યારે મહાભારત ના સૌથી તાકતવર પાત્ર ને અન્યાય થતો હોય તેવું લાગે છે. માન્યું કે દ્રૌપદી ને અર્જુન સાથે પ્રેમ હતો પણ ક્યારેય એ અર્જુન ને પામી શકી નહતી. પાંચ પાંડવો સાથે દ્રૌપદી એ હિમાલય તરફ પ્રયાણ કર્યો ત્યારે પહેલા દ્રૌપદી એ અંતિમ શ્વાસ લીધો હતો. જ્યારે યુધિષ્ઠિર ને પાંચેય પહેલા દ્રૌપદી નું મૃત્યુ કેમ થયું? પૂછ્યું ત્યારે એનો ઉતર 'પાંચ પાંડવો ની પત્ની દ્રૌપદી એ અર્જુન ની વિશેષ કાળજી રાખી ને ભેદભાવ કર્યો હતો એટલે એનું ભાગ્ય ટૂંકું પડતા બધા પહેલા મૃત્યુ પામી હતી' મહાભારત ના પ્રસંગો કહે છે કે અગ્નિ પુત્રી દ્રૌપદી એ જીવન પર્યંત રાજા યુધિષ્ઠિર ની સૌથી વધારે સંભાળ રાખી હતી. વાસ્તવિકતા તો એ છે કે દ્રૌપદી ના વિધિવત લગ્ન તો અર્જુન સાથે થયા હતા એટલે એ અર્જુન ની પત્ની હતી પણ કુંતી ના આદેશ નું પાલન કરવા પાંચ પાંડવો ની પત્ની મજબૂરી માં બનવું પડ્યું હતું.

ભલે લૌકિક વિચારો થી વિચારી ને "આંધળા નો આંધળો" વાક્ય નો આક્ષેપ દ્રૌપદી પર મુકાયા કરે છે પરંતુ મહાભારત ગ્રંથ માં 'દ્રૌપદી ના ખડખડાટ હાસ્ય ના પડઘા દુર્યોધન માટે અપમાનજનક હતા. મહાભારત ની અગ્નિ પુત્રી દ્રૌપદી અપ્રિતમ સૌંદર્ય ધરાવે છે એટલે તો સ્વયંવર માં દ્રૌપદી ને હારી ચૂકેલ દુર્યોધન નું મન એના તરફ આકર્ષિત થયા કરતું હતું. જ્યારે મય દાનવ એ બનાવેલ ઈન્દ્રપ્રસ્થ ની સભા માં દુર્યોધન પ્રવેશ્યો ત્યારે એને સ્થળ ના જગ્યા એ જળ દેખાતા એણે એના કપડાં ઊંચા કર્યા ને પડતા પડતા રહી ગયો. આ દ્રશ્ય જોતાજ મહેલની અટારી પર ઉભેલ દ્રૌપદી એ અટ્ટહાસ્ય કરતા એના પડઘા ચારેય બાજુ ગુંજ્યા હતા. આ હાસ્ય એ દુર્યોધન ના દિલ ને ડંખી જતા "મહાભારત" ના યુદ્ધ નું નિર્માણ થયું હતું. રાજસૂય યજ્ઞ બાદ રાજા યુધિષ્ઠિર એની દ્રૌપદી સહિત ની પત્ની અને કુટુંબ કબીલા તથા સગા સબંધીઓ સાથે નદી માં ગીત સંગીત ની ધૂન માં એકબીજા પર રંગો ઉડાડતા નદી એ સ્નાન કરવા નીકળ્યા ત્યારે પણ દુર્યોધન નું કામી મન અતિ સુંદર લાગતી અગ્નિ પુત્રી દ્રૌપદી માં આસક્ત બન્યું હતું. આ વાત થી એના પરાક્રમી પાંચ પતિ અવગત હતા છતાંય પત્ની નું રક્ષણ કરવામાં પ્રત્યેક મોરચે અસફળ રહ્યાં હતા. જ્યારે ભર સભા માં કર્ણ એ દ્રૌપદી માટે અપમાન જનક શબ્દો નું ઉચ્ચારણ કર્યું ત્યારે પાંડવો ને ખૂબ ગુસ્સો આવ્યો હતો પણ પત્ની ને જુગાર ની રમત માં દાવ માં મૂકતા ક્ષણ પણ વિચાર્યું નહતું.

જ્યારે ૧૨ વર્ષ ના અજ્ઞાત વાસ દરમિયાન વિરાટ રાજા ની માનીતી રાણી સૌરાંધ્રી ના મહેલ માં દ્રૌપદી સામન્ય દાસી ની ફરજ નિભાવતી હતી ત્યારે માથે ઘૂંઘટ રાખી ને રહેતી હતી. કહેવાય છે કે ખુદ રાણી સૌરાંધ્રી ખુદ ને ખૂબ સુંદર માનતી હતી એણ પણ દ્રોપદી નું મુખ ક્યારેય જોયું નહતું. અચાનક એકવાર વિરાટ રાજા ના મહેલ માં રાણી સૌરાંધ્રી ને એકલા આવવા દૂત એ સંદેશો સંભળાવ્યો. આ કારણોસર રાણી સૌરાંધ્રી એ દ્રૌપદી ને સાથે લીધા વગર વિરાટ રાજા ના મહેલ માં જવા નીકળ્યા હતા. મહેલ માં અન્ય બીજું કોઈ ન હોવાથી દ્રૌપદી એ માથાં પરથી ઘૂંઘટ કાઢી ને અરીસા ની સામે બેઠા હતા ત્યાં અચાનક રાણી સૌરાંધ્રી ના ભાઈ કીચક નું આગમન થતા જ એણે જેને એ દાસી માનતો હતો એ દ્રૌપદી નું અપ્રિતમ સૌંદર્ય નિહાળતા જ એ કામુક બની ને એને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવા લાગ્યો. જ્યારે વિરાટ રાજા ના મહેલ માં રસોયો બનેલ ભીમ ની નજરે કિચક ની અભદ્ર ક્રિયાઓ પડી ત્યારે એણે કિચક નો વધ કર્યો હતો. જ્યારે અગ્નિ પુત્રી દ્રૌપદી એટલી સુંદર હતી ને કે એના સ્વયંવર ની ઘોષણા થતા જ દેશ વિદેશ ના રાજા ઓ મત્સ્ય વેધ પર હાથ અજમાવી ને એને મેળવવા તત્પર થાય હતા. સ્વયંવર માટે ઉત્સુક રાજાઓ અને રાજકુમારો તો સાંભળીને જ સજાગ થઈ ગયા. ઘણાએ તો લાંબી મૂછો ને પકડી ને વાકડી બનાવવા માં લાગી ગયા..કેટલાક એ

દ્રૌપદી ના જીવન ના રંગો

- રુપાલી દવે

તો શસ્ત્રો ને મજબૂતીથી પકડી રાખ્યા હતા, બીજા બધા પાઘડીનો સાફો સરખો કરવા લાગ્યા. ગવૈયા એ રાગ રાગિણી ના આલાપ દ્વારા જણાવ્યું કે ધરા ની સૌથી સુંદર રાજકુમારી રંગમંચ ની અંદર સખીઓ સાથે પ્રવેશી રહી છે. આમંત્રિત મહેમાનો ના સોના ચાંદી થી જડિત સિહાસન નો ની હારમાળા થી થોડે દૂર રાજપરિવાર ના સદસ્ય સ્ટેજ પર બિરાજેલા હતા. ઘૂંઘટમાં છુપાયેલ મુખ નાં દર્શન કરવા બધા તત્પર હતા. બધા માત્ર દ્રૌપદીના કંકણ થી સજ્જ કોમળ હાથ દૂર થી જોઈને પણ રાજાઓ અને રાજકુમારો ના મન અને હૃદય આસક્ત થઈ જતાં હતાં. લાલ કલર નાં રેશમી કાપડમાં સોનાના તારના વણાટ વાળી કંચૂકિય અને હીરા, પનના, મોતી, વગેરે રત્નો દ્વારા તૈયાર કરાયેલા સફેદ ઘાઘરા માં સોના ચાંદીના તાર નો ભરપૂર ઉપયોગ થયો હતો. સોનેરી કલરની ઓઢણીમાં સોનાના તાર થી મોટી સંખ્યામાં નાના નાના હીરા ટાક્યા હતા એના કારણે વધારે જગમગી રહી હતી. નાભિ સુધીનો નવરત્ન જડિત હાર સુંદર શોભી રહ્યો હતો. હીરાજડિત સોનાના બાજુબંધ અને કોણી સુધી હાથીદાંત માં સોનાના તાર વડે મોતી, જુદા જુદા રત્નો વગેરે થી અલનકૃત કરેલા કંગનનો દ્રૌપદીના હાથની શોભા વધારી રહ્યા હતા. આંખ નીચે સહેજ ઓઢેલ ઓઢણી માં એના કમલ ની પાંખડી જેવા હોઠની જોનારા નું દિલ ઘાયલ કરી નાખતું હતું. ઘોષણા થતાંજ દ્રૌપદી કમળ ના ફૂલોનો વિવિધ રત્નો થી સજાવેલ હાર હાથ માં પકડી ને રંગભવન માં ધીમી ધીમી ચાલે પ્રવેશી ત્યારે એના પગના નૂપુર નો છન છન અવાજ એ કેટલાય રાજાઓ ને મૂર્છિત કરી દીધા. દ્રૌપદી ની ચાલે એની પાતળી કમર પરનો રત્નજડિત અસંખ્ય ઘુઘરીઓ થી યુક્ત કંદોરા ની હલચલ થતો જોઈને ઉપસ્થિત વિરો ની આખો ચકળવકળ થવા લાગી. આમંત્રિત રાજાઓ અને રાજકુમારો ની એના આગમન ને કારણે થયેલા હાલ જોઈને સહેજ હસતી હતી ત્યારે એના કમળની પાંખડી જેવા હોઠ અર્ધ ખુલતા ત્યારે અન્ય એ જોઈને કામ વાસના માં બળવા લાગ્યા હતા. દ્રૌપદી રંગમંડપ માં સખીઓ સાથે ધીમે ધીમે આગળ વધી રહી હતી. દુર્યોધન આગળ થી પસાર થઈ ત્યારે દુશાસન હળવેથી કર્ણ ને બોલ્યો કે તમને નથી લાગતું કે આપણે વિશ્વ મોહિની ને મેળવવાની તક ભાતૃશ્રી નાં કારણે ગુમાવી દીધી, પ્રયત્ન કર્યો હોત તો કદાચ આ સુંદરી આપણા બન્ને માંથી કોઈ એક ની શયન ગૃહ માં રાણી બની ફરતી હોત. કર્ણ માટે દુર્યોધન એનો સૌથી મિત્ર હતો, એ તન મનથી હમેશાં મિત્રના સુખનો વિચાર કર્યા કરતો હતો. મિત્રને એના જીવનમાં દરેકમાં પ્રથમ રાખતો હતો એટલે જ તો દુર્યોધન ના સમજાવવા થી સ્વયંવર માં બાણ નહિ ઉઠવવાં નું નક્કી કર્યું હતું. સાક્ષાત વિશ્વ મોહિની દ્રૌપદી નું રૂપ નજીકથી જોઇને એને દુશાસન ની વાત સાંભળી ને અફસોસ થયો. હકીકત તો એ હતી કે દ્રૌપદી સૌંદર્ય ને નજીક થી નિહાળી ને દુર્યોધન નું આખું શરીર લોખંડ ના પૂતળાં જેવું બની ગયું હતું. એની ખુલ્લી આંખો અને ખુલ્લું મોં જોઇને દ્રૌપદીની સખીઓ મજાક મસ્તી કરતી બોલી કે રાજકુમાર શ્રી, ' આપનું મુખ બંધ કરવાની તસ્દી તો લ્યો, રૂપ સૌંદર્ય ની ધની એવી અમારી સખીને નાનકડું જંતુ તો નથી માની લીધું ને, એવું વિચારશો નહિ કે એ આપના મુખમાં આવે એ ભેગા આપ એને ગળી જશો. અમારી સખીને મેળવવા માટે વીરતા સાબિત કરવી પડશે સમજ્યા. એવું નહતું કે માત્ર દુર્યોધન જ દ્રૌપદી ને સ્વયંવર માં જીતવા માંગતા હતા એના મામા શકુની પણ દ્રૌપદી ના સૌંદર્ય થી અંજાઈ ગયા હતા પણ પોતાના મનની સ્થિતિ ની દુર્યોધન ના જાણી જાય એટલે સતેજ હતા. પાચ પાંડવોની દશા ખૂબ વિહવળ પ્રેમી જેવી થઈ ગઈ હતી. એતો એવા સ્તબ્ધ થઇ ગયા હતા કે એના મોં માંથી તો શબ્દ પણ નીકળી રહ્યા નહતા.

ઘરના બાથરૂમમાં પડી ગયા હતા, 8 દિવસ પહેલાં જ ઉજવ્યો હતો 57મો બર્થડે...

'શૂટઆઉટ એટ લોખંડવાલા' ફેમ ડિરેક્ટર સંજય ગુપ્તાનું અવસાન

અશોક પંડિત બોલ્યા- 'આ અત્યંત આઘાતજનક છે' અશોક પંડિતે સંજય ગુપ્તાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપતાં લખ્યું છે, 'આ અત્યંત દુઃખદ અને ચોંકાવનારા સમાચાર છે. હમણાં જ ખબર પડી કે અમારા પ્રિય મિત્ર અને શ્રેષ્ઠ દિગ્દર્શક સંજય ગુપ્તા હવે અમારી વચ્ચે રહ્યા નથી. ઘરે માથામાં ઈજા થવાને કારણે તેમનું નિધન થયું. ફિલ્મ ઉદ્યોગે વધુ એક પ્રતિભાશાળી વ્યક્તિને ખૂબ જલ્દી ગુમાવી દીધી. તેઓ અદભુત વાર્તાકાર હતા, હંમેશાં જીવંતમિજાજી રહેતા અને ફિલ્મો બનાવવા માટે અત્યંત ઉત્સાહી હતા. તેમનું જવું અમારા ઉદ્યોગ માટે ખૂબ મોટું નુકસાન છે. મારા મિત્ર, તમારી ખૂબ યાદ આવશે.
તેમના પરિવાર અને નજીકના લોકો પ્રત્યે મારી ઊંડી સંવેદનાઓ. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે.' સંજય ગુપ્તાએ બોલિવૂડમાં ક્રાઈમ, ગેંગસ્ટર ડ્રામા, એક્શન અને અંડરવર્લ્ડ પર આધારિત ફિલ્મો દ્વારા પોતાની અલગ ઓળખ બનાવી હતી. તેમની સૌથી ચર્ચિત ફિલ્મોમાં અમિતાભ બચ્ચન અને સંજય દત્ત સ્ટારર 'કાંટે', હૃતિક રોશનની 'કાબિલ', સંજય દત્તની 'જિંદા' અને જૉન અબ્રાહમની 'શૂટઆઉટ એટ વડાલા'નો સમાવેશ થાય છે.

(એજન્સી) મુંબઈ | તા.31

'કાબિલ', 'શૂટઆઉટ એટ લોખંડવાલા', 'મુંબઈ સાગા' જેવી શ્રેષ્ઠ ફિલ્મોનું ડિરેક્શન કરી ચૂકેલા સંજય ગુપ્તાનું આજે સવારે નિધન થયું છે. ડિરેક્ટરે 23 ઑક્ટોબરે 57મો જન્મદિવસ મનાવ્યો હતો.

અહેવાલ અનુસાર, ડિરેક્ટર 30 ઑક્ટોબરે મુંબઈ સ્થિત પોતાના ઘરના રસોડામાં પડી ગયા હતા. જોકે, આ અંગેની જાણકારી આજે સવારે મળી. દરમિયાન સંજય ગુપ્તાના નજીકના મિત્ર અને ફિલ્મ નિર્માતા અશોક પંડિતે એક પોસ્ટ કરીને જણાવ્યું છે કે, તેમના માથામાં થયેલી ઈજાને કારણે તેમનું નિધન થયું છે. ટૂંક સમયમાં તેમના અંતિમ સંસ્કાર સંબંધિત માહિતી શેર કરવામાં આવશે. સંજયના નજીકના મિત્ર હનીફ ચુનાવાલાએ ન્યૂઝ એજન્સી ANI સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી છે કે, રસોડામાં પડી જવાથી થયેલી ઈજાને કારણે સંજયનું નિધન થયું.

સંજય ગુપ્તા સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય હતા. તેમણે X (અગાઉ ટ્વિટર) અકાઉન્ટ પરથી કરેલી છેલ્લી પોસ્ટમાં સિંગર દલેર મહેંદીને મંચ પર અપમાનિત કરવામાં આવતાં નારાજગી વ્યક્ત કરીને તેમનો બચાવ કર્યો હતો. તેમણે લખ્યું હતું, 'મીકા સિંહ, દલેર પાજી મારા મોટા ભાઈ જેવા છે, જેમને હું ખૂબ પ્રેમ અને સન્માન કરું છું. તેઓ મ્યુઝિક વર્લ્ડના દિગ્ગજ છે, જેમની માફી કોઈ પણ શરત વિના માંગવી જોઈએ.'

મીકા સિંહે સંજય ગુપ્તા સાથેની તસવીર શેર કરીને લખ્યું, 'આજનો દિવસ મારા માટે ખૂબ જ ચોંકાવનારો અને હૃદયદ્રાવક રહ્યો. મારા મોટા ભાઈ સંજય ગુપ્તાજી હવે અમારી વચ્ચે રહ્યા નથી. ભાઈ, તમે મારા માટે કોઈ ગોડફાધરથી ઓછા નહોતા. તમે જ મને બોલિવૂડમાં પહેલી તક આપી હતી. તમારા પ્રેમ, માર્ગદર્શન અને હંમેશાં સાથ આપવા બદલ હું જીવનભર તમારો આભારી રહીશ.'

'સ્કેમ 1992'ના ડિરેક્ટર હંસલ મહેતા સંજય ગુપ્તાને યાદ કરીને ભાવુક થઈ ગયા. તેમણે લખ્યું, 'હજી નહીં, ભાઈ સંજય ગુપ્તા. ગુપ્સ. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કદાચ તેઓ એકમાત્ર એવા વ્યક્તિ હતા, જેમને મેં મારા બોસ માન્યા. પરંતુ બોસથી પણ વધારે તેઓ મારા પ્રિય મિત્ર હતા. અમે સાથે મળીને જિંદગીના અનેક ખરાબ અને સારા તબક્કાઓ જોયા. આ બધાની વચ્ચે અમારી એક વસ્તુ હંમેશાં એકસરખી રહી- સારી વસ્તુઓને જીવવાનો અને તેમનો આનંદ માણવાનો શોખ.'

Pree Diwali Party...

(એજન્સી) મુંબઈ | તા.31 ફિલ્મમેકર આનંદ પંડિતે શુક્રવારે રાત્રે પ્રી-દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં ફિલ્મ જગતની અનેક મોટી હસ્તીઓ સામેલ થઈ હતી. ટાઈગર શ્રોફ પર થયેલા હુમલા બાદ જેકી શ્રોફે પહેલીવાર કોઈ પાર્ટીમાં હાજરી આપી છે.
આ ઉપરાંત સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'રામાયણ'ની એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ પણ પતિ જેકી ભગનાની સાથે પહોંચી હતી. અજય દેવગને પણ પરંપરાગત લુકમાં પાર્ટીમાં હાજરી આપી, જ્યારે રાજપાલ યાદવે રેડ કાર્પેટ પર મસ્તી કરી.

રકુલ, ઉર્વશી ને અમિષાનો ગ્લેમરસ અવતાર; ટાઈગર પર હુમલા બાદ જેકી શ્રોફની પહેલીવાર પાર્ટીમાં હાજરી

ફિલ્મમેકર રામ ગોપાલ વર્માને કાનૂની નોટિસ:₹29.67 કરોડ ચૂકવવા પડશે

(એજન્સી) મુંબઈ | તા.31

ફિલ્મમેકર રામગોપાલ વર્માને રૂ.29.67 કરોડની બાકી રકમ ન ચૂકવવા બદલ કાનૂની નોટિસ આપવામાં આવી છે. ફિલ્મ પ્રોડક્શન કંપની 'એકલાતાંત ફિલ્મ્સ'એ આ રકમ ન ચૂકવવાનો આરોપ લગાવ્યો છે.

ટ્રેડ એનાલિસ્ટ અતુલ મોહનની મેગેઝિન કમ્પ્લીટ સિનેમાના 24 અને 31 ઑક્ટોબર 2026ના અંકોમાં પ્રકાશિત જાહેર નોટિસ અનુસાર, કંપનીએ રામગોપાલ વર્માને 30 ઑક્ટોબર 2026 સુધીમાં સંપૂર્ણ રકમ ચૂકવવા જણાવ્યું છે. આમ નહીં થાય તો કંપનીએ તેમના પ્રોજેક્ટ્સના અધિકારો રોકી રાખવાની અને કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

નોટિસ મુજબ, આ સમગ્ર વિવાદ 10 એપ્રિલ 2010ના રોજ થયેલા એક કરાર સાથે જોડાયેલો છે. તેમાં 17 એપ્રિલ 2013ના રોજ બોમ્બે હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા એક આદેશનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કંપનીનો દાવો છે કે રામગોપાલ વર્મા પર મૂળ બાકી રકમ ઉપરાંત 11.38 કરોડ રૂપિયાનું વ્યાજ પણ જમા થઈ ચૂક્યું છે. વ્યાજ સહિત કુલ દેવાદારી રૂ.29.67 કરોડથી વધુ થઈ ગઈ છે. કંપનીએ 15 ઑક્ટોબર 2026ના રોજ રામગોપાલ વર્માને કાનૂની નોટિસ મોકલી હતી.

₹200 કરોડની છેતરપિંડી કેસમાં નોરા ફતેહીને સમન

2 નવેમ્બરે કોર્ટમાં હાજર થવાનો આદેશ; જેકલીનના ઠગ બોયફ્રેન્ડ સુકેશ પાસેથી મોંઘી ગિફ્ટ્સ લીધાનો આરોપ

જેકલિન પણ આ મામલામાં આરોપી : એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિઝ આ મામલામાં મુખ્ય આરોપી છે. EDની તપાસમાં સામે આવ્યું હતું કે, સુકેશે છેતરપિંડીના આ પૈસાથી જેકલીન ફર્નાન્ડિઝને કરોડો રૂપિયાની કિંમતી ગિફ્ટ્સ આપી હતી. આમાં લક્ઝરી બેગ, હીરાના દાગીના, મોંઘા ઘોડા અને બિલાડીઓ સામેલ હતાં. આ કારણે EDએ જેકલીનને પણ આ મની લોન્ડરિંગ કેસમાં આરોપી બનાવી હતી.

(એજન્સી) મુંબઈ | તા.31

ઠગ અને જેકલીન ફર્નાન્ડિઝના એક્સ બોયફ્રેન્ડ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા 200 કરોડ રૂપિયાની છેતરપિંડી અને મની લોન્ડરિંગ કેસમાં નોરા ફતેહીને સમન્સ જારી કરવામાં આવ્યું છે.
ન્યૂઝ એજન્સી ANI મુજબ, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નોરા ફતેહીને 2 નવેમ્બરે કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટે તેને આ કેસમાં સરકારી સાક્ષી તરીકે પોતાનું નિવેદન નોંધાવવા માટે બોલાવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) તરફથી દાખલ કરવામાં આવેલી ત્રીજી સપ્લિમેન્ટરી ચાર્જશીટના આધારે કોર્ટે આ આદેશ જારી કર્યો છે.

હકીકતમાં, સુકેશ પર આરોપ છે કે, તેણે રેનબેક્સીના ભૂતપૂર્વ પ્રમોટર શિવિન્દર સિંહની પત્ની અદિતિ સિંહ સાથે આશરે 200 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. નોરા પર આ જ છેતરપિંડીના પૈસાથી મોંઘી ભેટ લેવાનો આરોપ છે.

આ પહેલાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા કેસમાં નોરા ફતેહીની અનેક વખત પૂછપરછ કરી હતી. નોરા પર આરોપ છે કે, તેને સુકેશ અથવા તેના સહયોગીઓ પાસેથી લક્ઝરી કાર, મોંઘી બેગ અને જ્વેલરી જેવી વસ્તુઓ મળી હતી.

નોરા અને સુકેશને સામસામે બેસાડીને પૂછપરછ કરવામાં આવી ચૂકી છે. આ દરમિયાન નોરાએ પોતે 1 કરોડ રૂપિયાથી વધુ કિંમતની લક્ઝરી કાર ભેટમાં મળ્યાની વાત કબૂલી હતી. આ કાર નોરાને 2020માં આયોજિત એક ઈવેન્ટ દરમિયાન ચેન્નાઈમાં ભેટ આપવામાં આવી હતી. જોકે, નોરા ફતેહીએ હંમેશાં કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હોવાનો ઈનકાર કર્યો છે.

જેકલીને લીધા હતા અનેક મોંઘા ગિફ્ટ
- ED મુજબ, જેકલીન સાથે મિત્રતા થયા બાદ સુકેશે તેના પર 7 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા હતા. સુકેશે જેકલીનને આ વસ્તુઓ ગિફ્ટમાં આપી હતી...
- મોંઘી જ્વેલરી- ચાર પર્શિયન બિલાડીઓ
- 57 લાખ રૂપિયાનો એક ઘોડો
- બહેરીનમાં રહેતા જૅકલીનના માતા-પિતાને 1.89 કરોડની બે ગાડીઓ (પોર્શ અને મસેરાટી)
- જૅકલીનના ભાઈને SUV
- જૅકલીનની બહેનને સવા કરોડની BMW કાર

'મને ચૂપ જ રહેવા દો, પંજાબીને લડતા ન શીખવાડો'

(એજન્સી) મુંબઈ | તા.31

શુક્રવારે દિલ્હીમાં યોજાયેલા 'ઑરા ટૂર 2026'ના પરફોર્મન્સ દરમિયાન દિલજીત દોસાંઝે કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેના એ નિવેદનનો જવાબ આપ્યો છે, જેમાં તેણે કહ્યું હતું કે, 'કલાકારોએ સરકાર વિરુદ્ધ તેમને સમર્થન આપવું જોઈએ, નહીં તો તેમની ફિલ્મો (સતલજ) પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે છે.' હવે દિલજીતે તેના જવાબમાં કહ્યું છે કે, 'પંજાબીઓને લડવાનું કેવી રીતે તે શીખવવાની જરૂર નથી.' હવે સામે આવ્યું છે કે, થોડા સમય પહેલાં અભિજીત દીપકે દિલજીતના શિકાગો કોન્સર્ટમાં હાજરી આપી હતી. તેણે એક પોસ્ટ જારી કરીને માફી પણ માંગી છે. દિલજીતે દિલ્હી કોન્સર્ટના મંચ પર કહ્યું, 'હું તમને સૌને પ્રેમ કરું છું, કારણ કે હું એક કલાકાર છું. હું ચૂપ છું, તો મને ચૂપ જ રહેવા દો. હું તમારા સૌનું સમર્થન કરું છું, પરંતુ પંજાબીઓને લડવાનું ન શીખવાડો.'

દિલજીતની ટીકા અંગે પોતાનો ખુલાસો કરતાં અભિજીતે લખ્યું, 'દિલજીત પાજીના નામે, પાજી, જૂનમાં જ્યારે અમે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, ત્યારે તમારી ટિપ્પણીથી મને થોડું દુઃખ થયું હતું. તેનું કારણ એ નહોતું કે મને તમારી સાથે વ્યક્તિગત રીતે કોઈ ફરિયાદ હતી, પરંતુ એટલા માટે હતું કે મેં હંમેશાં તમને એવા વ્યક્તિ તરીકે જોયા છે, જે પોતે પણ ખોટા સામે અવાજ ઉઠાવે છે.'

તેણે આગળ લખ્યું, 'સાચું કહું તો હું હંમેશાંથી તમારો પ્રશંસક રહ્યો છું અને આજે પણ છું. હું આજે પણ તમારા ગીતો સાંભળું છું. આ જ વર્ષના મે મહિનામાં, ભારત પરત ફરતાં થોડા સમય પહેલાં, હું શિકાગોમાં તમારો કોન્સર્ટ જોવા પણ આવ્યો હતો.

તુકારામ મુંઢેની કાર્યવાહી સામે અજય દેવગન બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યો...

(એજન્સી) મુંબઈ | તા.31

બોલિવૂડ એક્ટર અજય દેવગને પાન મસાલાની જાહેરાત કરવા બદલ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) તરફથી મળેલી કાનૂની નોટિસને બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. અજય દેવગણે પોતાની અરજીમાં FDAના નિયમોની બંધારણીય માન્યતા પર પ્રશ્ન ઉઠાવ્યા છે. તેનો તર્ક છે કે, જાહેરાતમાં એક એક્ટર તરીકે કામ કરવા બદલ તેને સીધી નોટિસ આપવી ખોટી છે. આ મામલે કાર્યવાહી કરવાની જવાબદારી જાહેરાત આપનારી કંપની અને ઉત્પાદકની હોવી જોઈએ, એક્ટરની નહીં.
અજય દેવગનની અરજી પર 4 નવેમ્બરે બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને ન્યાયમૂર્તિ અદ્વૈત સેઠનાની ડિવિઝન બેન્ચમાં સુનાવણી થવાની શક્યતા છે. આ મામલે FDA કમિશનર તુકારામ મુંઢેએ શુક્રવારે જણાવ્યું કે, 'તપાસ પૂર્ણ થઈ ગઈ છે, જેમાં સ્પષ્ટ થયું છે કે, અજય દેવગન, શાહરુખ ખાન અને ટાઈગર શ્રોફે રાજ્યના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે.' હવે મામલો આવતા અઠવાડિયે સંયુક્ત કમિશનર સમક્ષ મોકલવામાં આવશે. આ પ્રક્રિયા હેઠળ અધિકારીઓ બિન-ફોજદારી મામલાઓમાં લાંબી અદાલતી કાર્યવાહી વિના દંડ ફટકારી

શકે છે. મહારાષ્ટ્ર FDAએ ઓગસ્ટ 2026માં અજય દેવગણ ઉપરાંત શાહરુખ ખાન અને ટાઈગર શ્રોફને પણ વિમલ ઈલાયચીની જાહેરાતને લઈને કારણદર્શક નોટિસ ફટકારી હતી. વિભાગનો આરોપ છે.

યામી ગૌતમ એક્ટિંગ છોડીને ખેતી કરવાની હતી!

(એજન્સી) મુંબઈ | તા.31

ટીવીથી કરિયરની શરૂઆત કરનાર યામી ગૌતમે 2012માં 'વિક્કી ડોનર'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું. પહેલી ફિલ્મ હિટ રહી, પરંતુ આગળની સફર સરળ રહી નહોતી. 'ટોટલ સિયાપા', 'એક્શન જૅક્સન', 'સનમ રે', 'જૂનૂનિયત', 'સરકાર 3' અને 'બત્તી ગુલ મીટર ચાલુ'ના બોક્સ ઑફિસ પર નિરાશાજનક પ્રદર્શન વચ્ચે તેણે એક્ટિંગ છોડીને હિમાચલ પ્રદેશમાં ખેતી કરવાનો વિચાર કર્યો હતો. યામીએ જણાવ્યું કે તેણે ત્યાં જમીન ખરીદી હતી. જો 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' સફળ ન થઈ હોત, તો તે બેગ પેક કરીને ઘરે પરત ફરી જાત. જોકે, 'ઉરી' અને 'બાલા'ની સફળતાએ તેની કારકિર્દીને નવી દિશા આપી. ત્યારબાદ 'OMG 2' અને 'આર્ટિકલ 370' જેવી ફિલ્મોમાં તેણે પોતાની એક્ટિંગકેપેસિટી સાબિત કરી. 'આર્ટિકલ 370'માં જૂની હક્સરનું પાત્ર ભજવવા બદલ તેને 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં બેસ્ટ એક્ટ્રેસનું સન્માન મળ્યું. આજની સક્સેસ સ્ટોરીમાં યામી ગૌતમની કારકિર્દી સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો. યામી ગૌતમે કારકિર્દીમાં અનેક ઉતાર-ચઢાવ જોયા. બોલિવૂડમાં પગ મૂકતા પહેલાં તેણે ટેલિવિઝન પર કામ કર્યું હતું. 'ચાંદ કે પાર ચલો' અને 'યે પ્યાર ન હોગા કમ' જેવા શોથી તેને ઓળખ મળી. ત્યારબાદ તેણે ફિલ્મો તરફ વળાંક લીધો .

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

કોલકાતામાં ભવ્ય ફિટનેસ ઉત્સવ યોજાયો

પૂરી કોસ્ટલ મેરેથોન 2026 પૂર્વે કોલકાતામાં ફિટનેસનો સંગમ

(એજન્સી) કોલકાતા । તા. 31

આગામી ૧૩ ડિસેમ્બરે ઓડિશાના પૂરી ખાતે યોજાનારી બહુપ્રતિક્ષિત પૂરી કોસ્ટલ મેરેથોન ૨૦૨૬ પૂર્વે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાના સોલ્ટ લેક સ્થિત જીડી ગ્રાઉન્ડ ખાતે એક ભવ્ય ૫ કિલોમીટરની પ્રોમો રનનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારની વહેલી સવારે આયોજિત આ દોડમાં ૧,૦૦૦ થી વધુ નોંધાયેલા સ્પર્ધકોએ ભાગ લઈને પોતાના આરોગ્ય અને રમતગમત પ્રત્યેનો અજોડ ઉત્સાહ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં બિન-વ્યવસાયિક દોડવીરો, અનુભવી એથ્લેટ્સ અને સામાન્ય નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સવારે ૫:૩૦ વાગ્યે બિબ વિતરણની પ્રક્રિયા શરૂ થઈ હતી અને સવારે ૬:૪૫ વાગ્યે દોડને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. દોડવીરોને પ્રોત્સાહિત કરવા માટે મફત નોંધણીની સુવિધા રાખવામાં આવી હતી. ભાગ લેનાર તમામ નાગરિકો માટે હાઈડ્રેશન સપોર્ટ, ફોટોગ્રાફ્સ અને નાસ્તાની મફત વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૫૦૦ સહભાગીઓને ખાસ પ્રમોશનલ ટી-શર્ટ પણ આપવામાં આવ્યા હતા.

ઓડિશાના રમણીય દરિયાકિનારે આયોજિત થનારી આ દોડ ભારતની સૌપ્રથમ "સમુદ્ર કિનારાની રેતી અને પરંપરાગત રોડ" પર યોજાનારી દોડ છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોમો રનનો મુખ્ય હેતુ પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દોડવીરો વચ્ચે સંબંધો મજબૂત કરવાનો અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો હતો.

હાયલો ઓપન 2026માં સેમિફાઈનલ ભારતીય ધમાકો

પીવી સિંધુ અને અનમોલ વચ્ચે જંગ, લક્ષ્ય સેન સેમિફાઈનલમાં

(એજન્સી) બર્લિન । તા. 31

જર્મનીના સાઅરલેન્ડહાલે ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત હાયલો ઓપન ૨૦૨૬ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતીય શટલરોએ પોતાનો પ્રચંડ દબદબો જાળવી રાખીને દેશનું નામ રોશન કર્યું છે. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ અને ભારતની ઉભરતી સ્ટાર ખેલાડી અનમોલ ખર્બે પોતપોતાની ક્વાર્ટર ફાઈનલ મેચોમાં શાનદાર વિજય મેળવીને મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ સાથે જ મહિલા વિભાગમાં ઓલ-ઈન્ડિયન સેમિફાઈનલનો તબક્કો નિશ્ચિત થઈ ગયો છે, જ્યાં ભારતની બે દિગ્ગજ ખેલાડીઓ ફાઈનલમાં પહોંચવા માટે સામસામે ટકરાશે. બીજી તરફ પુરુષ સિંગલ્સમાં સ્ટાર ખેલાડી લક્ષ્ય સેને પણ પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ અદ્ભુત પુનરાગમન કરીને સેમિફાઈનલની ટિકિટ મેળવી લીધી છે.

મહિલા સિંગલ્સની મહત્વપૂર્ણ ક્વાર્ટર ફાઈનલ મેચમાં બીજી સીડેડ પીવી સિંધુએ શરૂઆતથી જ પોતાની આક્રમક રમતનો પરિચય આપ્યો હતો. સિંધુએ ડેનમાર્કની ખેલાડી અમાલી શુલ્ઝને માત્ર ૨૮ મિનિટના ટૂંકા સમયગાળામાં ૨૧-૧૨, ૨૧-૧૦થી સીધી ગેમ્સમાં પરાજય આપ્યો હતો. મેચની શરૂઆતથી જ સિંધુએ રેલીઓ પર પોતાનું સંપૂર્ણ નિયંત્રણ રાખીને હરીફ ખેલાડીને ક્યારેય લીડ મેળવવાની તક આપી નહોતી. બંને ગેમમાં સિંધુના ઝડપી સ્મેશ અને સચોટ ડ્રોપ શોટ્સ સામે ડેનિશ ખેલાડી લાચાર નજરે પડી હતી. આ જીત સાથે જ સિંધુએ શુલ્ઝ સામેનો પોતાનો વિજયી રેકોર્ડ વધુ મજબૂત બનાવી દીધો છે. આ અગાઉ ચાલુ વર્ષે થાઈલેન્ડ ઓપનમાં પણ સિંધુએ આ જ ખેલાડીને હરાવી હતી.

ભારતીય કેમ્પમાં ખુશીનો માહોલ

હાયલો ઓપન ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓના આ અદ્ભુત પ્રદર્શનથી ભારતીય બેડમિંતન સમુદાયમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિદેશી ધરતી પર ભારતીય શટલરોનું આ પ્રકારનું પ્રદર્શન દેશમાં રમતના વધતા સ્તરને દર્શાવે છે. મીડિયા અહેવાલ મુજબ, સેમિફાઈનલ મુકાબલાઓ ભારતીય રમતપ્રેમીઓ માટે અત્યંત રસપ્રદ બની રહેશે કારણ કે મહિલા વિભાગમાં ભારતની ગોલ્ડ અને સિલ્વર બંને મેડલની દાવેદારી લગભગ પાકી થઈ ગઈ છે.

આગામી મેચો પર રમતપ્રેમીઓની નજર

અત્યાર સુધીના પરિણામો દર્શાવે છે કે ભારતીય બેડમિન્ટન ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય મંચ પર સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે. શનિવારે યોજાનારા સેમિફાઈનલ મુકાબલાઓ પર સૌની નજર ટકેલી છે. રમતપ્રેમીઓને આશા છે કે લક્ષ્ય સેન પણ પુરુષ સિંગલ્સની ફાઈનલમાં પહોંચીને ભારત માટે ડબલ ધમાકો સુનિશ્ચિત કરશે. જર્મનીના કોર્ટ પર ભારતીય ખેલાડીઓનું આ પ્રદર્શન આવનારી મોટી સ્પર્ધાઓ માટે પણ સકારાત્મક સંકેત આપી રહ્યું છે.

જેમીમા રોડ્રિગ્સ ઈજામાંથી મુક્ત થતા આશા જાગી, દક્ષિણ આફ્રિકા પ્રવાસમાં વાપસીની આશા, ભારતીય મહિલા ક્રિકેટર ફિટ જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર અને વિસ્ફોટક મધ્યમ ક્રમની બેટ્સમેન જેમીમા રોડ્રિગ્સે પોતાની હેમસ્ટ્રિંગની ગંભીર ઈજામાંથી સંપૂર્ણપણે સાજી થઈ ગઈ હોવાની સત્તાવાર જાહેરાત કરીને દેશના લાખો રમતપ્રેમીઓને મોટી ખુશાલી આપી છે. ઓગસ્ટ મહિનાથી ક્રિકેટના મેદાનથી દૂર રહેલી ૨૫ વર્ષીય આ યુવા ખેલાડી હવે બોર્ડના તબીબી વિભાગ દ્વારા ફિટ જાહેર કરાતાં આગાઉથી નક્કી થયેલા દક્ષિણ આફ્રિકાના મહત્ત્વપૂર્ણ પ્રવાસ દરમિયાન ભારતીય રાષ્ટ્રીય ટીમમાં વાપસી કરવા માટે આતુરતાથી રાહ જોઈ રહી છે.

જેમીમા રોડ્રિગ્સને ગત ૩ ઓગસ્ટના રોજ વિદેશી ધરતી પર કાર્ડિફ ખાતે રમાયેલી સ્પર્ધા દરમિયાન મેદાન પર ફિલ્ડિંગ કરતી વખતે જમણા પગની હેમસ્ટ્રિંગમાં ગંભીર ખેંચાણ આવ્યું હતું. ત્યારબાદ કરવામાં આવેલી તબીબી તપાસ અને મેડિકલ ટીમના અહેવાલોમાં સામે આવ્યું હતું કે તેને હાઈ-ગ્રેડ મસલ ટીયર એટલે કે પેશીઓ ફાટી જવાની મોટી ઈજા થઈ હતી. આ ગંભીર તબીબી પરિસ્થિતિને કારણે તેને તાત્કાલિક ધોરણે સ્પર્ધામાંથી બહાર થઈ જવું પડ્યું હતું અને દેશ માટે મહત્વપૂર્ણ ગણાતી કેટલીક મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ ગુમાવવાનો વારો આવ્યો હતો.

આ કમનસીબ ઈજાના કારણે જેમીમા યુનાઈટેડ અરબ અમીરાત ખાતે યોજાયેલા મહિલા ટી૨૦ એશિયા કપ તેમજ જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. જોકે, આ બંને ઐતિહાસિક સ્પર્ધાઓમાં ભારતીય મહિલા ટીમે શાનદાર પ્રદર્શન કરીને સુવર્ણ પદક અને ટ્રોફી પોતાના નામે કર્યા હતા. આ ઉપરાંત, તાજેતરમાં જ ભારતીય ધરતી પર ઝિમ્બાબ્વે સામે રમાયેલી એકદિવસેય અને ટી૨૦ ઘરઆંગણાની શ્રેણીમાં પણ જેમીમા ભાગ લઈ શકી નહોતી. આ શ્રેણીમાં ભારતીય મહિલા ટીમે ૩-૦થી ક્લીન સ્વીપ કરીને ભવ્ય વિજય મેળવ્યો હતો, જેમાં જેમીમાની ગેરહાજરી વર્તાઈ હતી. લાંબા સમયના આરામ અને તબીબી સારવાર બાદ ૨૫ વર્ષીય બેટ્સમેને સોશિયલ મીડિયા પર પોતાના પ્રશંસકો સાથે આ આશાસ્પદ સમાચાર શેર કર્યા હતા. તેણે પોતાના પુનરાગમન અંગેની અપડેટ આપતા ખુલાસો કર્યો હતો કે સતત ત્રણ મહિનાની સખત કસરતો, ફિઝિયોથેરાપી અને પુનર્વસન પ્રક્રિયા બાદ હવે તેની હેમસ્ટ્રિંગને તબીબો દ્વારા રમવા માટે સંપૂર્ણપણે યોગ્ય અને ફિટ જાહેર કરવામાં આવી છે.

ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન વિશ્વ સ્તરે ચમક્યું

વર્લ્ડ આર્મરેસલિંગ ચેમ્પિયનશિપ 2026માં ભારતનો દબદબો

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

પૂર્વ દિલ્હીની ધ લીલા એમ્બિયન્સ કન્વેન્શન હોટેલ ખાતે આયોજિત ૪૭મી વર્લ્ડ આર્મરેસલિંગ અને ૨૮મી વર્લ્ડ પેરા આર્મરેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬ના પ્રથમ બે દિવસની ફાઈનલ મેચોમાં ભારતીય રમતવીરોએ શાનદાર દેખાવ કરીને કુલ ૨૦ ચંદ્રકો પોતાના નામે કર્યા છે. આ ઐતિહાસિક સફળતા સાથે ભારત કુલ ચંદ્રકોની યાદીમાં રશિયા, કઝાકિસ્તાન અને તુર્કી પછી ચોથા ક્રમે પહોંચી ગયું છે. ભારતમાં પ્રથમ વખત આયોજિત આ વૈશ્વિક સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂ અને સાંસદ અનુરાગ સિંહ ઠાકુર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભારતના માસ્ટર્સ ખેલાડીઓએ ૪ સુવર્ણ, ૧ રજત અને ૭ કાસ્ય ચંદ્રકો જીતીને દેશનું નામ રોશન કર્યું છે. જીન્સીમોલ સેબસ્ટિયને ગ્રાન્ડ માસ્ટર મહિલા ૮૦ કિગ્રા વર્ગમાં બંને હાથની સ્પર્ધામાં ડબલ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, જે ભારત માટે એકમાત્ર ડબલ ગોલ્ડ જીત હતી. આ ઉપરાંત યોગેશ ચૌધરી અને શૌકત વીટીએ પણ સુવર્ણ અને કાસ્ય ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. મિનીમોલ જોસ, પ્રીથા સી, પ્રિયા પય્યાન અને મિની કે. જેવી ખેલાડીઓએ પણ પોતપોતાના વર્ગમાં મેડલ જીતીને ભારતીય મહિલા શક્તિનો પરિચય આપ્યો હતો. ભારત ના નાના વયના રમતવીરોએ પણ વૈશ્વિક મંચ પર શાનદાર દેખાવ કર્યો હતો. યુથ મેન ૬૫ કિગ્રા વર્ગમાં જીમીસન મારવેઈને રજત ચંદ્રક મેળવ્યો હતો, જ્યારે આભાસ રાણા, લાઈથાનસંગા, અજય કુમાર અને વિષ્ણુપ્રિયા પી. એ કાસ્ય ચંદ્રકો જીત્યા હતા. સબ-જ્યુનિયર કેટેગરીમાં આર્યન સિંહ, યુમનમ ચિંગખેઈ સિંહ અને શેન સલિશે કાસ્ય ચંદ્રકો મેળવીને ભારતની બેગમાં વધુ સફળતા ઉમેરી હતી.

ભારત પાકિસ્તાન મુકાબલો રોમાંચક રહ્યો

હોંગકોંગ ઈન્ટરનેશનલ સિક્સીસ 2026 માં ભારત પાકિસ્તાન સામે હાર્યું

(એજન્સી) ઓકલેન્ડ । તા. 31

હોંગકોંગ ઈન્ટરનેશનલ સિક્સીસ ૨૦૨૬ ની ગ્રુપ 'સી' અંતર્ગત ૩૦ ઓક્ટોબરે મોંગ કોક ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે એક રોમાંચક મુકાબલો રમાયો હતો. આ મેચમાં પાકિસ્તાને શાનદાર પ્રદર્શન કરતા ભારતને હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત ઓવરોમાં ૮૮ રનનો સ્કોર ખડો કર્યો હતો, જેના જવાબમાં પાકિસ્તાની બેટરોએ આક્રમક રમત દાખવીને ૧૩ બોલ બાકી રહેતા ચાર વિકેટે વિજય મેળવી લીધો હતો. આ મેચમાં પાકિસ્તાની કેપ્ટન અબ્બાસ આફ્રિદી અને ખ્વાજા નાફે વિજયના મુખ્ય શિલ્પકાર રહ્યા હતા.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ છ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને માત્ર ૮૮ રન જ બનાવી શકી હતી. ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલા શશાંક સિંહે ૧૧ બોલમાં ૪૦ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. આ ઉપરાંત ઈનિંગની શરૂઆત કરતા નીતિશ રાણાએ ૧૪ બોલમાં ૧૯ રન બનાવ્યા હતા જ્યારે નીચલા ક્રમે બેટિંગ કરતા ટી. નટરાજને ૬ બોલમાં અણનમ ૧૨ રનનું યોગદાન આપ્યું હતું. બાકીના અન્ય બેટ્સમેનો ક્રીઝ પર ટકી શક્યા ન હતા અને ભારતીય ટીમ મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહી હતી.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમ તરફથી કેપ્ટન અબ્બાસ આફ્રિદીએ માત્ર ૮ બોલમાં ૩૫ રન ફટકાર્યા હતા, જ્યારે ખ્વાજા નાફેએ ૧૨ બોલમાં ૪૧ રનની તોફાની ઈનિંગ રમી હતી. ભારતીય બોલિંગ આક્રમણ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું હતું. અનુભવી ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાએ ફેંકેલી એકમાત્ર ઓવરમાં પાકિસ્તાની બેટરોએ ૬, ૬, ૬, ૬, ૬ ના ધોરણે કુલ ૩૧ રન ઠોકી દીધા હતા. આ ઉપરાંત ટી. નટરાજને પણ એક ઓવરમાં ૨૮ રન આપ્યા હતા, જેના કારણે ભારતને આ મુકાબલામાં શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

મીડિયા અહેવાલ મુજબ ભારતીય બોલરોમાં રાહુલ તેવતિયા અને શશાંક સિંહે એક-એક વિકેટ જરૂર ઝડપી હતી, પરંતુ તે પૂરતી સાબિત થઈ નહીં. પાકિસ્તાન તરફથી અબ્દુલ સમદ અને ઈરફાન ખાને પણ અણનમ રહીને ટીમને સરળતાથી વિજય અપાવ્યો હતો.

ભારત ન્યુઝીલેન્ડ મુકાબલો રોમાંચક રહ્યો

ઓકલેન્ડ ટી20 મેચ માં ભારતનો મોટો પરાજય થયો

(એજન્સી) ઓકલેન્ડ । તા. 31

ન્યુઝીલેન્ડ સામે રમાયેલી ચોથી ટી-૨૦ મેચમાં ભારતીય ટીમને ૮૭ રનથી શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો છે. અગાઉની મેચોમાં શાનદાર

પ્રદર્શન કરીને ૩-૦ ની અજેય સરસાઈ મેળવી ચૂકેલી ભારતીય ટીમ આ મેચ જીતીને શ્રેણી ક્લીન સ્વીપ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરી હતી. જોકે, કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ અય્યરની વિવાદાસ્પદ રણનીતિ અને પ્લેઈંગ-૧૧ માં કરવામાં આવેલા ફેરફારો ટીમ માટે ભારે સાબિત થયા છે, જેના કારણે ક્રિકેટ વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

અગાઉની મેચમાં યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ અભિષેક શર્મા સાથે મળીને પાવરપ્લેમાં ૧૧૮ રનનો રેકોર્ડબ્રેક સ્કોર બનાવ્યો હતો. છતાં આ મેચમાં મેનેજમેન્ટે વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ-૧૧ માંથી બહાર રાખીને તેના સ્થાને ઈશાન કિશનને તક આપી હતી. સવાલ એ ઊભો થાય છે કે શાનદાર ફોર્મમાં ચાલી રહેલા ખેલાડીને અચાનક શા માટે પડતો મૂકવામાં આવ્યો? કેપ્ટન શ્રેયસ અય્યરે ટોસ દરમિયાન ટીમ 'નિર્દયી' બનીને રમશે તેમ જણાવ્યું હતું, પરંતુ મેદાન પર આ રણનીતિ સંપૂર્ણપણે ઊંધી પડી હતી.

મેચમાં ન્યુઝીલેન્ડે ભારત સામે ૨૬૦ રનનો વિશાળ લક્ષ્યાંક મૂક્યો હતો. આટલા મોટા સ્કોરનો પીછો કરવા ઉતરેલી ભારતીય બેટિંગ લાઈનઅપ શરૂઆતથી જ દબાણમાં દેખાઈ હતી. ઓપનિંગ જોડીમાં કરવામાં આવેલા બદલાવની સીધી અસર ટીમની રમત પર જોવા મળી હતી અને નિયમિત અંતરે વિકેટો પડવાને કારણે ભારતીય ટીમ નિર્ધારિત લક્ષ્યથી ઘણે દૂર રહી ગઈ હતી. વિજયી સંયોજનમાં છેડછાડ કરવાના કોચ અને કેપ્ટનના નિર્ણય પર સવાલો ઉઠી રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રશંસકો પણ યુવા ખેલાડીઓને પડતા મૂકવાના આ નિર્ણયથી નાખુશ છે.

વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ ઈતિહાસ રચાયો

મનીષા ભાનવાલાએ રચ્યો ઈતિહાસ, રમતગમત મંત્રીએ પાઠવ્યા અભિનંદન



(એજન્સી) અસ્તાના । તા. 31

વિશ્વ કુસ્તીના મંચ પર ભારતીય રમતગમતના ઈતિહાસમાં એક સુવર્ણ અને અવિસ્મરણીય પ્રકરણ લખાઈ ગયું છે. કઝાકિસ્તાનના અસ્તાના ખાતે રમાઈ રહેલી વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતની સ્ટાર મહિલા પહેલવાન મનીષા ભાનવાલાએ પોતાની અદ્ભુત ક્ષમતા, ઝનૂન અને આક્રમક રમતથી સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. મહિલાઓની પચાસથી પંચાવન કિલોગ્રામથી વધુની એટલે કે ૫૯ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કેટેગરીના અત્યંત રોમાંચક ફાઈનલ મુકાબલામાં મનીષાએ શાનદાર વાપસી કરીને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો છે. સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા પહેલવાન બનીને તેણે દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. આ ઐતિહાસિક સિદ્ધિ બાદ સમગ્ર દેશમાં વિજયી ઉત્સવનો માહોલ છે. ફાઈનલ મુકાબલાની ક્ષણો શ્વાસ થંભાવી દે તેવી અને રોમાંચથી ભરપૂર હતી. ટાઈટલ મેચમાં મનીષાનો સામનો અમેરિકાની મજબૂત ખેલાડી એબીગેઈલ એલિઝાબેથ નેટ સાથે થયો હતો. મેચની શરૂઆતમાં જ અમેરિકી પહેલવાને આક્રમક પકડ બનાવીને મનીષા પર સતત દબાણ સર્જ્યું હતું અને એક સમયે ૦-૬ની મજબૂત લીડ મેળવી લીધી હતી. કોઈપણ સામાન્ય ખેલાડી આટલા મોટા તફાવતથી માનસિક દબાણ હેઠળ આવી જાય, પરંતુ મનીષાએ હિમ્મત હાર્યા વગર પોતાની પંચાંગ શક્તિ અને રણનીતિક સંયમનો પરિચય આપ્યો હતો. મેચની અંતિમ મિનિટોમાં તેણે અદ્ભુત કાઉન્ટર એટેક કરીને ૮-૬થી જીત મેળવી લીધી હતી. આ જીત ભારતીય મહિલા કુસ્તી માટે એક સીમાચિહ્નરૂપ સફળતા સાબિત થઈ છે.

મનીષા ભાનવાલાના આ ઐતિહાસિક કૌશલ્ય અને વિજયી પ્રદર્શન બાદ કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ ખુશી વ્યક્ત કરીને ખેલાડીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

શૂટઆઉટ // સનાથ જયસૂર્યાએ જર્સી લોન્ચ કરી, મુંબઈ રોયલ્સની નવી જર્સી

ઈન્ડિયન સોફ્ટબોલ ક્રિકેટ લીગ જર્સી લોન્ચ થઈ

(એજન્સી) મુંબઈ । તા. 31

દેશના આર્થિક અને મનોરંજન કેન્દ્ર સમાન મુંબઈ શહેરના જાણીતા ફાઈવ સ્ટાર હોટેલ પરિસરમાં રમતગમત અને ગ્લેમર જગતનો એક અનોખો અને ભવ્ય સંગમ જોવા મળ્યો હતો. આગામી સમયમાં રમાનારી ઈન્ડિયન સોફ્ટબોલ ક્રિકેટ લીગની બીજી સીઝન માટે મુંબઈ રોયલ્સ અને મહારાષ્ટ્ર સુપર સ્ટ્રાઈકર્સ નામના બે અગ્રણી ફ્રેન્ચાઈઝી ટુકડીઓની અધિકૃત જર્સીનું અત્યંત ભવ્ય અને આકર્ષક સમારોહમાં અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઝળહળતા કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટના મહાન પૂર્વ ઓલરાઉન્ડર અને શ્રીલંકાના પૂર્વ કપ્તાન સનાથ જયસૂર્યાએ ખાસ હાજરી આપીને સમગ્ર આયોજનની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ ખાસ પ્રસંગે દેશની અનેક અગ્રણી હસ્તીઓ, રમતવીરો, બોલીવુડ તેમજ મનોરંજન ક્ષેત્રના સિતારાઓ અને ઉદ્યોગપતિઓએ ઉપસ્થિત રહીને નવી ટીમો અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ વધતી જતી લોકપ્રિય ક્રિકેટ સ્પર્ધાને આંતરરાષ્ટ્રીય મંચ પર મજબૂત ઓળખ આપવા માટે દેશ-વિદેશના દિગ્ગજ રમતવીરો આગળ આવ્યા છે. ભારતીય ક્રિકેટ ઈતિહાસના પ્રખ્યાત પૂર્વ બેટ્સમેન સુરેશ રૈના અને અનુભવી સ્પિન બોલર હરભજન સિંહ આ મહત્ત્વપૂર્ણ લીગ સાથે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સત્તાવાર રીતે જોડાયેલા છે. આ દિગ્ગજોના જોડાણથી લીગનું સ્તર અને પ્રતિષ્ઠા અત્યંત ઊંચા સ્તરે પહોંચી ગયા છે. જર્સી લોન્ચિંગના ખાસ આયોજનમાં આઈએસસીએલના સ્થાપક અને પ્રમુખ ગંગાધર રાજુ તેમજ ચેરમેન બીએચ અનિલ કુમારની દૂરંદેશી આગેવાની હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું, જેમાં ફ્રેન્ચાઈઝી માલિકો ગિરીશ ગૌડા અને કિરણ સુરતકલે સક્રિય ભૂમિકા ભજવી હતી. જલગાંવના પૂર્વ મેયર લલિત કોલ્હે સહિત અનેક મહાનુભાવોએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

રમતના મેદાન સાથે ગ્લેમરનો તડકો ઉમેરવા માટે બંને ફ્રેન્ચાઈઝીએ દેશની સર્વોચ્ચ સૌંદર્ય સ્પર્ધાની વિજેતાઓને પોતાની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરી છે. મુંબઈ રોયલ્સ ટીમે મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૬ની વિજેતા સાધ્વી સાઈલને પોતાની ઓફિશિયલ બ્રાન્ડ એમ્બેસેડર બનાવી છે, જ્યારે મહારાષ્ટ્ર સુપર સ્ટ્રાઈકર્સ ટીમે મિસ ઈન્ડિયા યુનિવર્સ ૨૦૨૬ની વિજેતા મનિકા વિશ્વકર્માને પોતાની સાથે જોડી છે. આ ગ્લેમરસ સુંદરીઓની હાજરીથી લીગના પ્રચાર અને ફેન ફોલોઈંગમાં મોટો ઉછાળો આવશે તેમ માનવામાં આવી રહ્યું છે. જર્સી લોન્ચિંગ દરમિયાન બંને ગ્લેમર ક્વીન્સે નવી જર્સી સાથે સ્ટેજ પર આવીને ચાહકોને આકર્ષ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદની અને માધ્યમોને સંબોધતા શ્રીલંકાના દંતકથા સમાન ઓલરાઉન્ડર સનાથ જયસૂર્યાએ જણાવ્યું હતું કે આ એશિયાઈ પ્રદેશમાં ક્રિકેટ રમત પ્રત્યેનો ઉત્સાહ અને ઝનૂન અદ્ભુત તેમજ અકલ્પનીય છે.

નંબર ૩ માટે દાવો અત્યંત મજબૂત બન્યો

દેવદત્ત પડિક્કલ નું ધમાકેદાર પ્રદર્શન થી ન્યૂઝીલેન્ડમાં ધમાકો

(એજન્સી) અસ્તાના । તા. 31

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ન્યૂઝીલેન્ડ પ્રવાસે પહોંચી છે જ્યાં એક તરફ ટી-૨૦ શ્રેણી ચાલી રહી છે, ત્યારે બીજી તરફ આગામી મહત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીની પૂર્વતૈયારીના ભાગરૂપે ઈન્ડિયા એ ટીમ ન્યૂઝીલેન્ડ એ સામે અનઓફિશિયલ ટેસ્ટ રમી રહી છે. આ પ્રવાસમાં યુવા ડાબોડી બેટ્સમેન દેવદત્ત પડિક્કલ પોતાના અદ્ભુત ફોર્મમાં જોવા મળી રહ્યો છે. ક્રાઈસ્ટચર્ચ ખાતે રમાઈ રહેલી બીજી અનઓફિશિયલ ટેસ્ટ મેચમાં તેણે ૮૦ રનની મજબૂત ઈનિંગ્સ રમીને ટેસ્ટ ટીમમાં નંબર ૩ ના સ્થાન માટે પોતાનો દાવો ખૂબ જ મજબૂત બનાવી દીધો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ મેચમાં ટોસ જીતીને ન્યૂઝીલેન્ડ એ ટીમે ભારતને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. ભારતીય ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને ઓપનર યશસ્વી જયસ્વાલ મેચના પ્રથમ સ્પેલમાં જ ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન ભેગો થઈ ગયો હતો. પ્રારંભિક આંચકા બાદ સાઈ સુદર્શન અને દેવદત્ત પડિક્કલ વચ્ચે બીજી વિકેટ માટે ૯૦ રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ

હતી. સુદર્શન ૪૧ રન બનાવી આઉટ થયો હતો, પરંતુ પડિક્કલે પોતાની એકાગ્રતા જાળવી રાખી ૧૪૦ બોલમાં ૧૨ ચોગ્ગા સાથે ૮૦ રન ફટકાર્યા હતા. દુર્ભાગ્યવશ તે ફ્રેઝર શીટના બોલ પર બોલ્ડ થતાં પોતાની શતકથી ૨૦ રન દૂર રહી ગયો હતો.

આ પ્રવાસ દરમિયાન રમાયેલી તમામ ઈનિંગ્સમાં પડિક્કલના બેટમાંથી સતત રનનો વરસાદ થઈ રહ્યો છે. ન્યૂઝીલેન્ડ એ સામેની આ શ્રેણીની ૩ ઈનિંગ્સમાં તેણે ૧૦૩.૬૬ ની અસાધારણ સરેરાશથી કુલ ૩૧૧ રન બનાવી લીધા છે, જેમાં ૧ શતક અને ૧ અર્ધશતક સામેલ છે. તેનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર ૧૯૯ રન રહ્યો છે.

મેલોની સરકાર સામે દેશવ્યાપી વિરોધનો વંટોળ, શિક્ષણ કાપ અને મોંઘવારી સામે બળવો

ઈટાલીમાં ભડકે બળી મોંઘવારીની ઝાળ 40 દેશોમાં જનઆક્રોશ

(એજન્સી) રોમ । તા. 31

ઈટાલીમાં સતત વધી રહેલી અસહ્ય મોંઘવારી, મકાનોના આસમાને પહોંચેલા ભાડાં અને શિક્ષણ બજેટમાં કરવામાં આવેલા ભારે કાપ સામે દેશભરમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. દેશના મુખ્ય ટ્રેડ યુનિયન દ્વારા આપવામાં આવેલા ચોવીસ કલાકના દેશવ્યાપી બંધના આહ્વાનને પગલે ૪૦થી વધુ નાના-મોટા શહેરોમાં લાખો વિદ્યાર્થીઓ, શ્રમિકો અને સામાન્ય કર્મચારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની આગેવાની હેઠળની સરકાર દ્વારા સ્થાનિક સુવિધાઓ કાપીને લશ્કરી ખર્ચ વધારવાના નિર્ણય સામે સમગ્ર દેશમાં વિરોધનો પ્રચંડ વંટોળ ઉઠ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

આંદોલનની આગ સૌથી વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. ટ્યુરિન શહેરમાં જ્યારે પ્રદર્શનકારીઓએ અગ્રણી સરકારી ઈમારતો તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સ્થિતિ વણસી હતી. ભીડને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ વોટર કેનનનો સખત મારો ચલાવવો પડ્યો હતો. સાંજના સમયે હજારો આંદોલનકારીઓ દેશની સંસદ તરફ આગળ વધતા વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું. સુરક્ષા માટે મુકાયેલા કડક બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કરી રહેલા ૮ પ્રદર્શનકારીઓની સ્થળ પરથી જ અટકાયત કરવામાં આવી હતી.

આ સમગ્ર જનઆંદોલનની મુખ્ય ધુરા દેશનું યુવાધન અને વિદ્યાર્થી સંગઠનો સંભાળી રહ્યા છે. રાજધાનીમાં રહેઠાણની સમસ્યા વિકટ બની છે, જ્યાં એક સિંગલ રૂમનું માસિક ભાડું ૧,૨૦૦ યુરો જેટલું ઊંચું પહોંચી ગયું છે. આ પરિસ્થિતિને કારણે સામાન્ય પરિવારો પર અસહ્ય આર્થિક બોજ પડી રહ્યો છે. આંદોલનકારી વિદ્યાર્થીઓએ કડક શબ્દોમાં આક્ષેપ કર્યો છે કે વર્તમાન સત્તાધીશો દેશના ભવિષ્ય સમાન શિક્ષણ અને જનકલ્યાણના બજેટમાં કાપ મૂકીને તે રકમ યુદ્ધ સામગ્રી અને લશ્કરી સાધનો પાછળ વેડફી રહ્યા છે, જે નાગરિકો સાથે અન્યાય છે.

સૌથી વધુ અસર રાજધાની અને જેનોઆ બંદર પર જોવા મળી હતી. રાજધાનીમાં હજારો પ્રદર્શનકારીઓએ ઐતિહાસિક કોલોસિયમ સુધી વિરાટ કૂચ યોજી હતી અને મુખ્ય માર્ગો પર ટેન્ટ લગાવીને અનિશ્ચિત મુદત સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. બીજી તરફ, જેનોઆ બંદર પર આશરે ૧૫,૦૦૦ જેટલા બંદર કર્મચારીઓ અને સામાન્ય નાગરિકોનો જમાવડો થયો હતો. તેમણે સ્થાનિક વેપારી બંદરોનો ઉપયોગ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં શસ્ત્રો અને દારૂગોળો મોકલવા માટે કરવા સામે આકરા પ્રહારો કર્યા હતા.

અગાઉ મિલાન શહેરમાં થયેલી ભારે તોડફોડ અને હિંસાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા જાહેર પ્રદર્શનો અંગેના નિયમો વધુ સખત બનાવી દેવામાં આવ્યા છે. છતાં વધતા જતા જનઆક્રોશને શાંત પાડવાના પ્રયાસરૂપે સત્તાધીશો દ્વારા ટ્રક ડ્રાઈવરો અને ખેડૂતો માટે ૧૭૫.૨ મિલિયન યુરો (આશરે ૧૯૫ મિલિયન ડોલર)ના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી વર્ષ ૨૦૨૭ના બજેટમાં ૩૦ વર્ષથી ઓછી વયના કર્મચારીઓને વાર્ષિક ૨,૫૦૦ યુરોનું ખાસ બોનસ આપવાની દરખાસ્ત પર પણ સરકાર વિચારણા કરી રહી હોવાનું માનવામાં આવે છે.

હિન્દુઓનું અપમાન કરનાર રબ્બી બહિષ્કૃત

હિન્દુઓના અપમાન પર ઈઝરાયલે માફી માગી

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

હિન્દુ ધર્મ, પવિત્ર ગૌપૂજા અને ભારતીય તબીબો વિરુદ્ધ અત્યંત આપત્તિજનક તેમજ વિવાદિત ટિપ્પણી કરનારા ઈઝરાયલી-અમેરિકન ધર્મગુરુ રબ્બી યોસી મિઝરાહીના નિવેદન પર ઈઝરાયલ સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સમગ્ર મામલે ઉગ્ર આક્રોશ ફેલાયા બાદ મધ્ય-પશ્ચિમ ભારત માટેના ઈઝરાયલી રાજદૂત યાનીવ રેવાચે ધર્મગુરુની વાતોને અત્યંત ઘૃણાસ્પદ ગણાવીને આકરા શબ્દોમાં નકારી કાઢી છે. તેમણે ભારતીયો અને સમગ્ર હિન્દુ સમુદાય સમક્ષ ઈઝરાયલ દેશ તરફથી બિનશરતી માફી માગીને બંને દેશો વચ્ચેની મિત્રતાની ગરિમા જાળવી રાખી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની તીવ્ર પ્રતિક્રિયા આપતાં ઈઝરાયલી દૂત યાનીવ રેવાચે પોતાની ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે યોસી મિઝરાહી દ્વારા હિન્દુ ધર્મ અને તેની પરંપરાઓ સામે જે ઝેરી તથા વિવાદિત વાતો ઉચ્ચારવામાં આવી છે, તેનાથી તેમને વ્યક્તિગત અને દેશગત રીતે ભારે ઘૃણા થઈ રહી છે. તેમણે આ ધર્મગુરુને કટ્ટરપંથી અને અજ્ઞાની ગણાવતા કહ્યું હતું કે આ વ્યક્તિ કોઈ પણ સંજોગોમાં ઈઝરાયલ દેશ કે તેના સંસ્કારોનું પ્રતિનિધિત્વ કરતી નથી. પોતાના નિવેદનમાં રાજદૂતે ભારત અને ઈઝરાયલ વચ્ચેના ઐતિહાસિક અને ગાઢ સંબંધોનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઈઝરાયલી નાગરિકો અને સમગ્ર યહૂદી સમાજના મનમાં ભારત દેશ, અહીંની પ્રાચીન સંસ્કૃતિ અને તેની વિવિધ ધાર્મિક આસ્થાઓ પ્રત્યે અત્યંત ઊંડું સન્માન છે. એક અજ્ઞાની વ્યક્તિના મૂર્ખતાપૂર્ણ અને વિવાદિત નિવેદનને કારણે બંને મિત્ર રાષ્ટ્રો વચ્ચેના મજબૂત સંબંધોને જે કોઈ આઘાત પહોંચ્યો છે, તે બદલ ઈઝરાયલ દિલથી દિલગીરી વ્યક્ત કરે છે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રબ્બી યોસી મિઝરાહીએ ભારતીય સંસ્કૃતિ અને ગૌપૂજાની મજાક ઉડાવી હતી. વીડિયોમાં તેમણે ભારતીયો અને તબીબો વિશે પણ અશોભનીય આક્ષેપો કર્યા હતા. આ ઉપરાંત તેમણે ભારતની રાજધાનીના વાહનવ્યવહાર અને નાગરિકોની રહેણીકેહણી અંગે પણ હાસ્યાસ્પદ ટિપ્પણીઓ કરી હતી. આ વીડિયો સામે આવ્યા બાદ ભારતીય નાગરિકો અને વિશ્વભરમાં પથરાયેલા હિન્દુ સમુદાયમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ હતી, જેના પરિણામે ઈઝરાયલી રાજદૂતે તાત્કાલિક સામે ચાલીને વલણ સ્પષ્ટ કરવું પડ્યું હતું.

તપાસ કરતા સામે આવ્યું છે કે વિવાદો સર્જવા એ આ રબ્બી માટે નવી વાત નથી. ભૂતકાળમાં પણ તેઓ પોતાના બેજવાબદાર અને કટ્ટરપંથી નિવેદનોને કારણે અનેક વખત મોટી મુશ્કેલીઓમાં મુકાઈ ચૂક્યા છે. વર્ષ ૨૦૧૫માં હોલોકોસ્ટમાં માર્યા ગયેલા યહૂદીઓના આંકડા અંગે તેમણે કરેલા ખોટા અને ભ્રામક દાવાઓ બાદ ભારે હંગામો મચ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૬માં ૧૬ જેટલા મુખ્ય ઓર્થોડોક્સ રબ્બીઓએ ભેગા મળીને તેમના વિચારોની જાહેર ટીકા કરી હતી અને ૨૦૧૯માં બ્રિટન ખાતેની સભાઓ દરમિયાન પણ તેમના વિરોધમાં દેખાવો થયા હતા.

મુખ્યધારાના યહૂદી સમુદાયે કર્યો બહિષ્કાર

આ વિવાદિત ધર્મગુરુની પૃષ્ઠભૂમિ અંગે વધુ સ્પષ્ટતા કરતાં રાજદૂતે ઉમેર્યું હતું કે ઈઝરાયલ અને બ્રિટન સહિત વિશ્વભરના મુખ્યધારાના યહૂદી સમુદાયોએ આ વ્યક્તિનો સંપૂર્ણપણે બહિષ્કાર કરેલો છે. કટ્ટરપંથી વિચારો ધરાવતા આ રબ્બીથી મોટાભાગના સભ્યોએ ઘણા સમય પહેલાં જ યોગ્ય અંતર જાળવી લીધું છે. તેથી તેના દ્વારા કરવામાં આવેલી કોઈ પણ બિનજવાબદાર કે વાંધાજનક ટિપ્પણીને સમગ્ર યહૂદી સમાજ કે ઈઝરાયલ રાષ્ટ્રનું અધિકૃત નિવેદન ગણી શકાય નહીં.

ન્યૂઝ બ્રીફ

પોલેન્ડમાં રાજકીય હાઈવોલ્ટેજ ડ્રામા વકર્યો

વોર્સો | યુરોપિયન દેશ પોલેન્ડમાં સરકાર અને વિપક્ષ વચ્ચે ન્યાયતંત્ર પર પૂર્ણપણે આધિપત્ય જમાવવાની હોડમાં અચાનક રાજકીય સ્થિતિ વણસી ગઈ છે અને મોડી રાત્રે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો છે. બંધારણીય ટ્રિબ્યુનલના પ્રમુખ બોગદાન સ્વીવેચકોવ્સ્કીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશમાં પ્રચંડ વિરોધનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્ભવેલી આ અણધારી કટોકટી અને તખ્તાપલટની આશંકાઓને પગલે સેનેગલમાં આયોજિત સમર યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવા જઈ રહેલા રાષ્ટ્રપતિ કારોલ નાવરોકી પોતાનો વિદેશ પ્રવાસ અધવચ્ચેથી જ રદ્દ કરીને દેશની રાજધાની પહોંચ્યા છે. સરકારના આ એકતરફી નિર્ણયના વિરોધમાં હજારો આંદોલનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે. આ પૂર્વ-આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થિતિ ત્યારે અત્યંત ચિંતાજનક બની ગઈ જ્યારે ઉત્તેજિત ટોળાએ બંધારણીય અદાલતના પવિત્ર પરિસરમાં પ્રવેશવાનો હિંસક પ્રયાસ કર્યો હતો. સ્થળ પર તૈનાત કરવામાં આવેલા સુરક્ષા દળો સાથે આંદોલનકારીઓની સીધી ઝડપ થઈ હતી.

અમેરિકા ઈરાન યુદ્ધ ખતમ કરવા તૈયાર થઈ ગયા, ટ્રમ્પે કહ્યું અમને ઉતાવળ નથી

વાશિંગ્ટન | વૈશ્વિક રાજકારણના મંચ પરથી એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતસભર સમાચાર સામે આવ્યા છે, જેમાં લાંબા સમયથી ચાલી રહેલા તણાવને દૂર કરવા માટે મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યા છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ગંભીર સંઘર્ષનો કાયમી અંત લાવવા માટે હવે મધ્યસ્થીના પ્રયાસો પૂરઝડપે આગળ વધી રહ્યા છે. દેશના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ઈરાન સાથેની વાતચીત સકારાત્મક દિશામાં આગળ વધી રહી છે, જોકે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વોશિંગ્ટનને આ યુદ્ધ ત્વરિત ખતમ કરવાની કોઈ જ ઉતાવળ નથી. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થાપવા માટે આઠ મહત્વની શરતો ધરાવતો એક વિશેષ મુસદ્દો પણ જાહેર કરવામાં આવ્યો છે, જેના કારણે વૈશ્વિક બજારો અને નાગરિકોમાં યુદ્ધવિરામની નવી આશા બંધાઈ છે.

પરિવારે PM-રાષ્ટ્રપતિની મદદ માગી

કરાચીમાં ભારતીય જહાજ ફસાયું નાવિકો લાચાર, ફસાયા છ ભારતીય નાવિક

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

પાડોશી દેશ પાકિસ્તાનના કરાચી બંદર પર છેલ્લા સાત મહિનાથી એક ભારતીય માલવાહક જહાજ રહસ્યમય સંજોગોમાં અટવાઈ પડ્યું હોવાના અત્યંત ચોંકાવનારા અહેવાલો સામે આવ્યા છે. આ લાંબા સમયથી ચાલી રહેલા વિવાદના કારણે જહાજ પર સવાર ચીફ ઓફિસર સહિત કુલ છ ભારતીય નાવિકોની શારીરિક અને માનસિક સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. લાંબા સમયથી વતન વાપસી ન થવાને કારણે પરિવારજનોની ચિંતા ચરમસીમાએ પહોંચી છે, અને પીડિત પરિવાર દિલ્હી ખાતે આવીને દેશના સર્વોચ્ચ નેતૃત્વ સમક્ષ પોતાના સ્વજનોને હેમખેમ પરત લાવવા માટે આજીજી કરી રહ્યો છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે રહેતા વિનીત કિશોર મિશ્રાએ ગત ફેબ્રુઆરી મહિનામાં ઈરાનના બંદર નજીક આ કાર્ગો જહાજ પર પોતાની વ્યાવસાયિક સેવાઓ શરૂ કરી હતી. ત્યારબાદ એપ્રિલ મહિનામાં આ જહાજ અચાનક પાકિસ્તાનના કરાચી બંદર પર પહોંચ્યું હતું, જ્યાં સ્થાનિક અદાલતના આદેશોને ટાંકીને એપ્રિલના અંતિમ દિવસોથી તેને ત્યાં જ બળજબરીપૂર્વક અટકાવી દેવામાં આવ્યું છે. નાવિકોના એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટની નિર્ધારિત મુદત ક્યારનીય પૂરી થઈ ચૂકી હોવા છતાં સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તેમને જહાજ ખાલી કરીને નીચે ઉતરવાની કે ભારત પરત ફરવાની સામાન્ય મંજૂરી આપવામાં આવી રહી નથી.

ફસાયેલા નાવિકોએ ભારતીય દૂતાવાસને પત્ર લખીને પોતાની આપવીતી જણાવી છે. નાવિકોનો સ્પષ્ટ આરોપ છે કે તેમના મૂળ પાસપોર્ટ તેમજ મહત્વપૂર્ણ દસ્તાવેજો સંબંધિત એજન્ટો અને સ્થાનિક અધિકારીઓના ગેરકાયદે કબજામાં છે, જેના કારણે તેઓ સ્વતંત્ર રીતે કોઈ પગલાં લઈ શકતા નથી. આશ્ચર્યજનક વાત તો એ છે કે જહાજ પર છેલ્લા કેટલાક સમયથી વીજળીનો પૂરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. બંદર પ્રશાસન દ્વારા માત્ર નામ પૂરતું ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે, પરંતુ અનિયમિત અને અપૂરતા પુરવઠાને કારણે ક્રૂ મેમ્બર્સની તબિયત સતત લથડી રહી છે અને તેમની જાન પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે.

કોઈપણ પ્રકારનો સંતોષકારક ઉકેલ ન આવતા વિનીતની પત્ની નેહા પોતાના ત્રણ વર્ષના માસૂમ પુત્ર વેદાંશ, દસ મહિનાની નાની પુત્રી અને આર્મીમાંથી નિવૃત્ત થયેલા વૃદ્ધ સસરા સાથે દિલ્હી પહોંચી છે. પીડિત પરિવાર હાલ પહાડગંજની એક સામાન્ય હોટેલમાં રોકાઈને કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ અને મંત્રાલયના દરવાજા ખખડાવી રહ્યો છે. નાની વયના બાળકો વારંવાર પોતાના પિતા વિશે પૂછી રહ્યા છે પરંતુ માતા પાસે તેનો કોઈ જવાબ નથી. હાલમાં પરિવાર સસરાની પેન્શનની સાધારણ રકમ પર જ પોતાનું ગુજરાન ચલાવી રહ્યો છે, જેના કારણે આર્થિક સંકટ પણ ખૂબ વધી ગયું છે.

આ અત્યંત સંવેદનશીલ અને ગંભીર મુદ્દે સ્થાનિક સાંસદો અને જનપ્રતિનિધિઓએ પણ કેન્દ્ર સરકારને સત્તાવાર પત્ર લખીને તાત્કાલિક ધોરણે રાજદ્વારી હસ્તક્ષેપ કરવા ભારપૂર્વક અપીલ કરી છે. પીડિત પરિવારને સંપૂર્ણ શ્રદ્ધા છે કે ભારત સરકારની મજબૂત કૂટનીતિ અને તાત્કાલિક પગલાંના કારણે પાકિસ્તાનમાં કેદ બનેલા તમામ છ ભારતીય નાવિકો ખૂબ જ જલ્દી સુરક્ષિત રીતે પોતાના પરિવારના આંગણે પાછા ફરશે.

લાંબા સમય સુધી દરિયાની વચ્ચે વિષમ પરિસ્થિતિઓમાં વિતાવવાને કારણે નાવિકો માનસિક તણાવ અને ડિપ્રેશનનો ભોગ બની રહ્યા છે. તબીબી સુવિધાઓના અભાવે તેમની ગંભીર બીમારીઓ સામે રક્ષણ મેળવવું મુશ્કેલ બન્યું છે. પરિવારજનો અને શુભેચ્છકો સતત પ્રાર્થના કરી રહ્યા છે કે સરકાર વહેલી તકે આ મામલે સત્તાવાર વાતચીત શરૂ કરે અને ફસાયેલા નાવિકોની મુક્તિ સુનિશ્ચિત કરે જેથી આ દિવાળી કે આગામી દિવસોમાં આ પરિવારો ખુશીઓ ઉજવી શકે.

ચીનના શેરબજારમાં મંદી ઈતિહાસ રચાયો, રોકાણકારોના લાખો કરોડ ડૂબ્યા

(એજન્સી) બેઈજિંગ । તા. 31

વૈશ્વિક અર્થતંત્રના કેન્દ્રસમા એશિયાઈ બજારમાંથી આજે એક અત્યંત ચોંકાવનારા અને ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે, જ્યાં ચીનના શેરબજારમાં અભૂતપૂર્વ અને ઈતિહાસમાં ક્યારેય ન જોયેલો મોટો ઘટાડો નોંધાયો છે. દેશની રાજધાની બેઈજિંગ ખાતેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ચીનના શેરબજારનો મુખ્ય ઈન્ડેક્સ સીએસઆઈ ૩૦૦ સળંગ બારમા અઠવાડિયે પણ ભારે ઘટાડા સાથે બંધ રહેતા સત્તાવાર રીતે મંદીના કુવામાં સરી પડ્યો છે. સ્થાનિક બજારના સમગ્ર ઈતિહાસમાં આવું પ્રથમ વખત બન્યું છે કે કોઈ મુખ્ય સૂચકાંક આટલા લાંબા સમય સુધી સતત નીચે તરફ જ સરકતો રહ્યો હોય. આ કડાકાને કારણે વૈશ્વિક તેમજ સ્થાનિક રોકાણકારોમાં ભારે નારાજગી અને ફફડાટ વ્યાપી ગયો છે.

ગત ૩૦ ઓક્ટોબરના રોજ બજાર બંધ થયા પછીના સત્તાવાર આંકડા સાક્ષી પૂરે છે કે આ ઈન્ડેક્સ વર્ષ ૨૦૦૫માં તેની શરૂઆત થઈ ત્યારથી લઈને આજદિન સુધીના સૌથી લાંબા સાપ્તાહિક ઘટાડાના કાળા સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે. મે મહિનામાં બજાર પોતાની સર્વોચ્ચ ઊંચાઈ પર પહોંચ્યા બાદ સતત ચાલતી રહેલી આડેધડ વેચવાલીના લીધે અંદાજે ૩.૫ લાખ કરોડ ડોલર એટલે કે ભારતીય ચલણ મુજબ આશરે ૩૨૯ લાખ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ પાણીમાં બેસી ગઈ છે. આ નાણાકીય નુકસાન એટલું મોટું છે કે તેણે અનેક નાની-મોટી કંપનીઓની નાણાકીય સ્થિતિ હચમચાવી દીધી છે. આંતરરાષ્ટ્રીય આર્થિક નિષ્ણાતોના વિશ્લેષણ મુજબ, બજારમાં ચાલી રહેલા આ અવિરત ઘટાડા પાછળ માત્ર નબળી કિંમતો જવાબદાર નથી, પરંતુ તેના મૂળમાં અનેક ગંભીર આર્થિક સમસ્યાઓ રહેલી છે.

હોર્મુઝમાં ઓઈલ ટેન્કર પર હુમલો ભારતીયો બચ્યા, 27 ભારતીયોનો આબાદ બચાવ

(એજન્સી) દુબઈ । તા. 31

પશ્ચિમ એશિયાના દરિયાઈ વિસ્તારોમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા ગંભીર તણાવની વચ્ચે દરિયાઈ યુદ્ધ હવે અત્યંત ખતરનાક અને નવા તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, હોર્મુઝની ખાડીમાં પનામાના ધ્વજવાળા એક વિશાળ ઓઈલ ટેન્કર 'એમટી લુઈસ-૧' પર અચાનક ડ્રોન બોટથી ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે જહાજના એન્જિન રૂમમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ભયાનક હુમલા સમયે જહાજ પર સવાર તમામ ૨૭ ભારતીય નાવિકોએ પોતાની સૂઝબૂઝ અને સાહસથી સમયસર આગ પર કાબૂ મેળવી લીધો હતો, જેના પરિણામે તમામ ભારતીય નાવિકોનો આબાદ બચાવ થયો છે અને કોઈ મોટી જાનહાની ટળી ગઈ છે.

વર્તમાન સમયમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે અને આગામી સમયમાં સંભવિત કાર્યવાહીના અહેવાલો વહેતા થયા છે, ત્યારે શુક્રવારે હોર્મુઝની ખાડીમાં સતત બીજા દિવસે ઓઈલ ટેન્કરને નિશાન બનાવવામાં આવ્યું છે. આ અગાઉ ગુરુવારે પણ લાઈબેરિયાના ધ્વજવાળા એક વિશાળ ક્રૂડ કેરિયર 'એમટી અરઝાનાહ' પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બે ભારતીય નાવિકો સવાર હતા. આમ, માત્ર બે દિવસના ટૂંકા સમયગાળામાં બનેલી આ બે અલગ-અલગ ઘટનાઓમાં કુલ ૨૯ ભારતીય નાવિકો ક્રૂ તરીકે હાજર હતા, પરંતુ સદનસીબે તમામ સુરક્ષિત રહ્યા છે. આ સમગ્ર ગંભીર ઘટનાક્રમ અંગે ભારતમાં કેન્દ્રીય જહાજ મંત્રી સર્બાનંદ સોનોવાલે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે દેશની સરકારી એજન્સીઓ અને મંત્રાલય દ્વારા દરિયાઈ ક્ષેત્રની આ સ્થિતિ પર સતત ઊંડી નજર રાખવામાં આવી રહી છે. વિદેશી સમુદ્રોમાં ફસાયેલા કે મુસાફરી કરી રહેલા ભારતીય નાગરિકો અને ક્રૂની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરકાર સંબંધિત જહાજ મેનેજમેન્ટ કંપનીઓ સાથે સતત સંકલન સાધી રહી છે. સંકટના આ સમયમાં દરેક ભારતીય નાગરિકની સલામતી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે અને કોઈપણ પ્રકારની અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતી તૈયારીઓ રાખવામાં આવી છે. પનામાના ધ્વજવાળું આ તેલ ટેન્કર જ્યારે ઓમાનના દરિયા કિનારેથી સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યું હતું, તે જ સમયે એક નાની ડ્રોન બોટ દ્વારા તેમાં સમુદ્રી સુરંગોનો ઉપયોગ કરીને હુમલો કરવામાં આવ્યો હતો.

સફળતા | સ્ટેમ સેલથી ડોપામાઈનનું સર્જન, જાપાનના વૈજ્ઞાનિકોની મોટી સફળતા

પાર્કિન્સનની સારવારમાં સ્ટેમ સેલથી ઉજળી આશા

(એજન્સી) ટોક્યો । તા. 31

જાપાનની સુપ્રસિદ્ધ ક્યોટો યુનિવર્સિટીની હોસ્પિટલમાં તબીબી ક્ષેત્રે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી પ્રયોગ સફળ રહ્યો છે, જેના કારણે લાખો દર્દીઓમાં એક નવી ખુશીની લહેર દોડી ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, સંશોધકોએ લેબમાં તૈયાર કરાયેલા વિશેષ સ્ટેમ સેલને સાત અલગ-અલગ પાર્કિન્સન્સના દર્દીઓના મગજમાં સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરીને અદભુત પરિણામો મેળવ્યા છે. આ આધુનિક પ્રયોગના પરિણામે દર્દીઓના મગજમાં ફરીથી કુદરતી રીતે ડોપામાઈનનું નિર્માણ શરૂ થઈ ગયું છે, જે આ ગંભીર રોગ સામેની લડાઈમાં એક મોટી અને ઉજળી આશા જગાવનારી ઘટના સાબિત થઈ રહી છે.

વૈશ્વિક સ્તરે પાર્કિન્સન્સ એક એવી બિમારી છે કે જેનો અત્યાર સુધી કોઈ ચોક્કસ અને સચોટ ઈલાજ શોધાયો નથી. આ રોગના શરૂઆતી તબક્કામાં તેના લક્ષણોને અમુક અંશે કાબૂમાં જરૂર રાખી શકાય છે, પરંતુ સમય જતાં તે શરીરની નર્વસ સિસ્ટમને ગંભીર નુકસાન પહોંચાડે છે. દર્દીઓના શરીરમાં ડોપામાઈન ઉત્પન્ન કરતા કોષો ધીમે ધીમે સંપૂર્ણપણે નાશ પામતા જાય છે, જેના કારણે શરીર પરનું નિયંત્રણ ઘટતું જાય છે. પરંતુ હવે આ નવી તકનીકથી વૈજ્ઞાનિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે કારણ કે તે આ લાલાસાને પૂર્ણ કરવા માટે સક્ષમ સાબિત થઈ રહી છે.

ક્યોટો યુનિવર્સિટીના નિષ્ણાત સંશોધકોની ટીમે ગયા મહિને ૫૦ થી ૬૯ વર્ષની વય જૂથના કુલ સાત દર્દીઓની પસંદગી કરીને તેમના દિમાગમાં લેબમાં બનેલા સ્ટેમ સેલનું ઈમ્પ્લાન્ટ કર્યું હતું. વૈજ્ઞાનિક ભાષામાં આ લેબમાં બનેલા કોષોને ઈન્ડ્યૂસ્ડ પ્લુરિપોટેન્ટ સ્ટેમ એટલે કે આઈપીએસ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે આ કોષોને મગજમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યા ત્યારે તેમાંથી ફરીથી ડોપામાઈનનું લેવલ ઊંચું લાવવામાં સફળતા મળી હતી. આ સફળતાએ તબીબી જગતમાં એક નવો જ સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે.

આ પ્રયોગના પ્રારંભિક તબક્કામાં દર્દીઓ પર અત્યંત ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. સંશોધકોના જણાવ્યા અનુસાર આ પ્રક્રિયા દરમિયાન દર્દીઓમાં કેટલીક સામાન્ય અને નાની સાઈડ ઈફેક્ટ જોવા મળી હતી, પરંતુ તે જોખમી સાબિત થઈ નથી. તબીબોની ટીમ આ બાબત પર સતત નજર રાખી રહી છે કે આ ટ્રાન્સપ્લાન્ટ કરેલા સ્ટેમ સેલ માનવ મગજમાં કેટલો લાંબો સમય સુધી સક્રિય રહીને કામ આપે છે. ખાસ કરીને ૫૦ વર્ષની એક મહિલા દર્દી આ સારવાર મેળવ્યા બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈને હોસ્પિટલમાંથી રજા લઈને પોતાના સામાન્ય કામકાજ પર પણ પાછી ફરી ચૂકી છે.

બાયનાન્સ પર સાયબર હુમલો 630 કરોડ ડોલર સાફ

(એજન્સી) લોસ એન્જેલસ । તા. 31

દુનિયાના સૌથી મોટા અને પ્રભાવશાળી ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ પ્લેટફોર્મ બાયનાન્સ પર માનવ ઈતિહાસની સૌથી મોટી અને આશ્ચર્યજનક સાયબર લૂંટની ઘટના સામે આવતા સમગ્ર વિશ્વના નાણાકીય બજારમાં પ્રચંડ ભૂકંપ આવી ગયો છે. શક્તિશાળી હેકર્સે મધ્યરાત્રિના સમયે માત્ર ૨૦ મિનિટના ટૂંકા ગાળામાં આશરે ૬૩૦ કરોડ ડોલર એટલે કે ભારતીય ચલણ મુજબ રૂ. ૫૨,૦૦૦ કરોડની વિશાળ ડિજિટલ એસેટ્સ ગાયબ કરી નાખી છે. કંપની દ્વારા શુક્રવારે આ ગંભીર નાણાકીય સેંધમારી અંગે સત્તાવાર જાહેરાત કરાતાં વૈશ્વિક રોકાણકારોમાં પોતાના નાણાં ગુમાવવાનો ભારે ફાળ પડ્યો છે. અચાનક ઉદ્ભવેલી આ કટોકટીને પગલે સંસ્થાએ તાત્કાલિક ધોરણે તમામ પ્રકારના ડિપોઝીટ અને વિથડ્રોલ સેવાઓ અસ્થાયીરૂપે બંધ કરી દીધી છે.

સ્થાનિક સુરક્ષા એજન્સીઓના પ્રારંભિક તપાસ અહેવાલો મુજબ આ ઘાતક હુમલો કોઈ બાહ્ય સીધા નેટવર્કથી નહીં પરંતુ કંપનીના જ એક વરિષ્ઠ એન્જિનિયરના હેક થયેલા લેપટોપના માધ્યમથી કરવામાં આવ્યો હતો. હેકર્સે લેપટોપમાં ઘૂસણખોરી કરીને કંપનીની અત્યંત ગોપનીય અને આંતરિક સિસ્ટમનો સંપૂર્ણ કંટ્રોલ મેળવી લીધો હતો. મીડિયા અહેવાલ અનુસાર ભારતીય સમય પ્રમાણે ગુરુવારે અડધી રાત્રે ૧.૩૫ કલાકે શરૂ થયેલી આ ડિજિટલ લૂંટ દરમિયાન હેકર્સે આંખના પલકારામાં ૧૦ જેટલી અલગ-અલગ મુખ્ય બ્લોકચેઈનમાં અબજો ડોલરની ક્રિપ્ટોકરન્સી સફળતાપૂર્વક ટ્રાન્સફર કરી લીધી હતી. માત્ર ૨૦ મિનિટમાં ખેલાયેલો આ ખતરનાક ખેલ જોઈને સુરક્ષા નિષ્ણાતો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને કેન્દ્રીય રેલવે મંત્રી દ્વારા વારાણસી-નવી દિલ્હી વંદે ભારત સ્લીપર ટ્રેનનું ઉદ્ઘાટન

(એજન્સી) વારાણસી | તા.31

૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ, બનારસ રેલવે સ્ટેશન ખાતે આયોજિત એક સમારોહમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે સંયુક્ત રીતે વારાણસી-નવી દિલ્હી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. આ સાથે જ, તેમણે વારાણસી સિટી-રાજાતલાબ અને પ્રયાગરાજ રામબાગ-બનારસ વચ્ચેની ટ્રેન સેવાઓનો પણ પ્રારંભ કરાવ્યો હતો.આ પહેલાં, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ અને રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે વંદે ભારત સ્લીપર ટ્રેનનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, રેલવે મંત્રીએ બાળકો, મુસાફરો, રેલવે કર્મચારીઓ અને લોકો પાયલોટ (ટ્રેન ચાલકો) સાથે વાતચીત કરી હતી. તેમણે રેલવે કર્મચારીઓને મુસાફરો સાથે વિવેકપૂર્ણ વર્તન કરવા અને ટ્રેનમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવી રાખવા અનુરોધ કર્યો હતો, તેમજ લોકો પાયલોટોનો ઉત્સાહ પણ વધાર્યો હતો.ઉપસ્થિત જનમેદનીને સંબોધતા, મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દેશ-અને ભારતીય રેલવે-મહત્વપૂર્ણ પ્રગતિ કરી રહ્યા છે. દેશને ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી જોડીને, ભારતીય રેલવે સમગ્ર રાષ્ટ્રને એક્સપ્રેસ બાંધી રહ્યું છે, જેના દ્વારા આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્રીય મહાપુરુષોના સપના સાકાર થઈ રહ્યા છે. તેમણે નોંધ્યું હતું કે ભારતીય રેલવે-જે સામાન્ય ભારતીય માટે પરિવહનનું સૌથી લોકપ્રિય માધ્યમ છે-તે હવે એક આધુનિક વ્યવસ્થામાં પરિવર્તિત થઈ ગયું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે એક સમયે રાજ્યમાં મીટર-ગેજ અને બ્રોડ-ગેજ લાઈનોનું મિશ્રણ હતું, પરંતુ આજે ઉત્તર પ્રદેશની તમામ રેલવે લાઈનો બ્રોડ-ગેજ છે અને સંપૂર્ણપણે વિદ્યુતીકૃત (electrified) થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે અગાઉ કાશીથી દિલ્હીની મુસાફરીમાં ૧૩ થી ૧૪ કલાકનો સમય લાગતો હતો; હવે, 'વંદે ભારત સ્લીપર' ટ્રેન સાથે આ મુસાફરી ૮ થી ૯ કલાકમાં પૂર્ણ થશે. પ્રથમ 'વંદે ભારત' ટ્રેન નવી દિલ્હી અને વારાણસી વચ્ચે શરૂ કરવામાં આવી હતી, જેમાં બેઠક વ્યવસ્થા (ચેર કાર) હતી; આજે શરૂ કરવામાં આવેલી

'વંદે ભારત સ્લીપર' તમારી મુસાફરીને વધુ આરામદાયક બનાવશે. મુસાફરો રાત્રે કાશીથી નીકળીને સવાર સુધીમાં દિલ્હી પહોંચી શકશે, અને તેવી જ રીતે, રાત્રે દિલ્હીથી નીકળીને સવાર સુધીમાં કાશી પહોંચી શકશે. 'વંદે ભારત સ્લીપર' ટ્રેન દેશની આધ્યાત્મિક રાજધાનીને રાષ્ટ્રીય રાજધાની સાથે જોડશે.માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જાહેર પરિવહનમાં રેલવે મહત્વની ભૂમિકા ભજવે છે. મુસાફરોની સુવિધા માટે હાલમાં વારાણસી સિટી અને રાજાતલાબ વચ્ચે 'મેમુ' (MEMU) ટ્રેન કાર્યરત છે, જેનો માસિક મુસાફરી ખર્ચ માત્ર ૯૫ રૂપિયા છે. આ ઉપરાંત, આજે બનારસથી પ્રયાગરાજ વચ્ચે પણ 'મેમુ' ટ્રેન સેવા શરૂ કરવામાં આવી રહી છે, જેનું માસિક ભાડું માત્ર ૨૨૦ રૂપિયા છે. આ એક અત્યંત આકર્ષક અને અનુકૂળ વિકલ્પ છે, જે વકીલો, વેપારીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને મહિલાઓ માટે ખૂબ જ લાભદાયી સાબિત થશે. મજબૂત માળખાકીય સુવિધાઓના સહારે ભારતીય રેલવેએ ઝડપી પ્રગતિ કરી છે. ભૂતકાળમાં, માનવરહિત લેવલ ક્રોસિંગ ભારતીય રેલવે માટે એક મોટો પડકાર હતા, જેના કારણે અવારનવાર અકસ્માતો થતા અને જાનહાનિ પણ થતી હતી; આજે, ત્યાં રોડ ઓવર-બ્રિજ અથવા અંડરપાસ બનાવવામાં આવ્યા છે.જે જનતા પ્રત્યે રેલવેની સંવેદનશીલતા દર્શાવે છે. રાજ્યના લોકો માટે ગર્વની વાત છે કે ૧,૦૦૦ કિલોમીટરથી વધુનો 'ફ્રેઈટ કોરિડોર' (માલવાહક કોરિડોર) ઉત્તર પ્રદેશમાંથી પસાર થાય છે. આ માટે અલગ ટ્રેક બનાવવામાં આવ્યા છે, જેથી માલસામાન તેના ગંતવ્ય સ્થાન સુધી ઝડપથી અને સુરક્ષિત રીતે પહોંચી શકે. વધુમાં, દિલ્હી અને કાશી વચ્ચે હાઈ-સ્પીડ કોરિડોરના વિકાસથી મુસાફરોના સમય ઘટીને માત્ર સાડા ત્રણ કલાક થઈ જશે. શ્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે રાજ્યભરમાં ૧૫૭ રેલવે સ્ટેશનો-જેમાં કાશી, વારાણસી અને બનારસના સ્ટેશનોનો પણ સમાવેશ થાય છે-તેનું પુનઃવિકાસ કાર્ય ચાલી રહ્યું છે.

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની રાષ્ટ્રીય એકતાની ભાવનાને જનજન સુધી પહોંચાડવા જાફરાબાદ પાલિકા દ્વારા 'રન ફોર યુનિટી'નું આયોજન કરાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તા.૩૧ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે જાફરાબાદ નગરપાલિકા વિભાગ દ્વારા 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર સાહેબે દેશનાં વિવિધ રજવાડાંઓનું એકીકરણ કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું. તેમની અડગ દ્રઢતા, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના આદર્શોને સ્મરણમાં રાખીને નાગરિકોમાં એકતા, અખંડિતતા અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને તેવા હેતુથી આ દોડ યોજાઈ હતી.જાફરાબાદ પારેખ મહેતા હાઈસ્કુલ ખાતેથી યોજાયેલી આ 'રન ફોર યુનિટી'ને ધારાસભ્ય અધિકારીઓ પદાધિકારીઓ જાફરાબાદ નગરપાલિકાના ચિફ ઓફિસ ભાવનાબેન ગોસ્વામી તેમજ પ્રમુખ શ્રી રવિનાબેન પ્રફુલભાઈ બારૈયા દ્વારા તીરંગાથીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય હિરાભાઈ સોલંકી દ્વારા જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે ૩૧ ઓક્ટોબરના દિવસને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ કરીને સરદાર સાહેબને યોગ્ય સન્માન આપવામાં આવ્યું છે.વધુમાં તેમણે દેશભરમાંથી અરાજકતાવાદી પરિબળોને નાબૂદ કરવા, બંધારણીય લોકશાહીની રક્ષા કરવા તેમજ દેશની આંતરિક સુરક્ષા, અખંડિતતા અને એકતાને વધુ મજબૂત બનાવવા સૌને સંકલ્પબદ્ધ થવા અપીલ કરી હતી. રન ફોર યુનિટી પારેખ મહેતા હાઈસ્કુલ ખાતેથી શરૂ થઈ મેન બજાર થી બંદર ચોક થી એસટી બસ સ્ટેન્ડ થી બગીચા થી પારેખ મહેતા હાઈસ્કુલ ખાતે પૂર્ણ થઈ હતી. આ દોડમાં પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના સહભાગીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

News Brief

નાશિકમાં ધ્વજારોહણ સાથે આજથી સિંહસ્થ કુંભમેળાનો ઔપચારિક આરંભ

(એજન્સી) મુંબઈ | તા.31

નાસિક- ત્ર્યંબકેશ્વર તીર્થમાં આવતી કાલે બપોરે બાર વાગ્યાના સુમારે યોજાનારા ધ્વજારોહણ સમારોહ સાથે સિંહસ્થ કુંભમેળાનો ઔપચારિક રીતે આરંભ થશે. ગોદાવરી તટ ઉપર રામકુંડ ખાતે ૧૨.૦૨ કલાકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે ધ્વજારોહણ થશે. સાંજે ભવ્ય મહાગોદા આરતી થશે. ત્ર્યંબકેશ્વરમાં કુશાવર્ત તીર્થ ખાતે ધ્વજારોહણ થશે. શ્રૃંગેરી પીઠના ઉત્તરાધિકારી શંકરાચાર્ય સ્વામી વિધુશેખર ભારતીના સાન્નિધ્યમાં યોજાનારા આ સમારોહમાં ત્ર્યંબકેશ્વરના દસેય સંન્યાસી અખાડાના મહંતો અને સાધુ-સંતો હાજર રહેશે. ત્યાર પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ બપોરે ત્રણ વાગ્યે ત્ર્યંબકેશ્વરના કુશાવર્ત કુંડમાં પૂજાવિધિ કરશે. ધ્વજારોહણની પૂર્વસંધ્યાએ જ તીર્થનગરી નાશિક રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠી હતી. ગોદાવરીના ઘાટ ઉપર આવેલા મંદિરો, ઐતિહાસિક ઈમારતો અને હોલકર પુલ રોશનીથી ઝગમગી ઉઠ્યા હતા. ત્રણ દિવસ ચાલનારા આ ધ્વજારોહણ સમારોહમાં ભાગ લેવા માટે દેશભરમાંથી સાધુ- સંતો નાશિક અને ત્ર્યંબકેશ્વર પહોંચી ગયા છે.આવતી કાલે ધ્વજારોહણ સાથે નાસિક- ત્ર્યંબકેશ્વરના સિંહસ્થ કુંભમેળાની ઔપચારિક શરૂઆત થશે. બાકી પહેલું અમૃત- સ્નાન બીજી ઓગસ્ટ ૨૦૨૭માં સોમવતી અમાવસ્યાના દિવસે યોજાશે. એ પહેલાં દેશભરમાંથી ભક્તજનોનો અને સાધુસંતોનો નાશિક - ત્ર્યંબકેશ્વરમાં ધસારો શરૂ થશે.

NFR 1 નવેમ્બરથી રેલ્વે પેન્શનરો માટે રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ 5.0 ને સરળ બનાવશે

- આ ઝુંબેશ ચહેરાના પ્રમાણીકરણને પ્રોત્સાહન આપશે, જીવન પ્રમાણપત્ર સબમિશન પ્રક્રિયાને સરળ બનાવશે અને વરિષ્ઠ નાગરિકોને વિશેષ સહાય પૂરી પાડશે

માલીગાંવ | ભારત સરકારના પેન્શન અને પેન્શનરો કલ્યાણ વિભાગ (DOPPW) અને રેલ્વે બોર્ડ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અનુસાર, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) 1 નવેમ્બરથી 30 નવેમ્બર, 2026 દરમિયાન રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ 5.0નું આયોજન કરશે. આ મહિના સુધી ચાલનારા અભિયાનનો હેતુ ડિજિટલ સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો અને રેલ્વે પેન્શનરો અને કુટુંબ પેન્શનરો - ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને પેન્શન ઓફિસની મુલાકાત લેવામાં મુશ્કેલીઓનો સામનો કરતા લોકો માટે વાર્ષિક જીવન પ્રમાણપત્ર સબમિશન પ્રક્રિયાને સરળ બનાવવાનો છે.

આ પહેલ હેઠળ, NFR ઓળખાયેલા સ્થળોએ ખાસ શિબિરોનું આયોજન કરીને ડિજિટલ જીવન પ્રમાણપત્ર સબમિશનની સુવિધા આપશે. આ સ્થળોએ ઝોનલ અને ડિવિઝનલ હેડક્વાર્ટર, તેમજ પેન્શનરોની સંખ્યા વધુ હોય તેવા સ્થળોનો સમાવેશ થાય છે. રેલ્વે શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચવા અને પેન્શનરોને જરૂરી સહાય પૂરી પાડવા માટે પેન્શનર સંગઠનો, બેંકો અને અન્ય સંબંધિત એજન્સીઓ સાથે નજીકથી કામ કરશે. આ ઝુંબેશનું મુખ્ય લક્ષણ આધાર-આધારિત ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીનો પ્રચાર છે. આ પેન્શનરોને તેમના Android અથવા iOS સ્માર્ટફોનનો ઉપયોગ કરીને તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવાની મંજૂરી આપે છે. આ બેંક અથવા પેન્શન ઓફિસની મુલાકાત લેવાની જરૂરિયાતને દૂર કરે છે અને રાહ જોવાનો સમય ઘટાડે છે.

80 વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો તેમજ બીમાર, નબળા અને ગતિશીલતામાં અક્ષમતા ધરાવતા લોકો પર ખાસ ધ્યાન આપવામાં આવશે. જે લોકો ઉંમર, માંદગી અથવા શારીરિક મર્યાદાઓને કારણે નિયુક્ત કેમ્પમાં પહોંચી શકતા નથી તેમને તેમના ઘરે સહાય પૂરી પાડવામાં આવશે. ડિજિટલ રીતે દસ્તાવેજો સબમિટ કરવાની પ્રક્રિયામાં પેન્શનરોને મદદ કરવા માટે ખાસ સ્ટાફ તૈનાત કરવામાં આવશે. વધુમાં, તકનીકી સમસ્યાઓ અને અન્ય સંબંધિત સમસ્યાઓને ઉકેલવા માટે હેલ્પડેસ્ક અને ફરિયાદ નિવારણ સિસ્ટમ કાર્યરત રહેશે. જ્યાં શક્ય હોય ત્યાં, નિયુક્ત કેમ્પમાં વરિષ્ઠ નાગરિકો માટે તબીબી તપાસ જેવી વધારાની સુવિધાઓ પણ પૂરી પાડી શકાય છે.

NFRમાં વિવિધ સ્થળોએ ડિજિટલ જીવન પ્રમાણપત્ર શિબિરોનું આયોજન કરવામાં આવશે. આમાં માલીગાંવ મુખ્યાલય (4 નવેમ્બર), કટિહાર વિભાગીય કલ્યાણ વિભાગ/કટિહાર (૩ નવેમ્બર), રેલ્વે સંસ્થા, અલીપુરદ્વાર (૩ નવેમ્બર), ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, રંગિયા (૬ નવેમ્બર), રેલ્વે સંસ્થા, લુમડિંગ (૩ નવેમ્બર), NFR પેન્શનર્સ એસોસિએશન (NFRPA) ઓફિસો, તિનસુકિયા અને ડિબ્રુગઢ (૨ નવેમ્બર), ન્યૂ બોંગાઈગાંવ વર્કશોપ (૪ નવેમ્બર), કોન્ફરન્સ હોલ, ડિબ્રુગઢ વર્કશોપ (૫ નવેમ્બર) અને NFR કન્સ્ટ્રક્શન હેડક્વાર્ટર, માલીગાંવ (૧૭ નવેમ્બર)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, NFRPA ના સહયોગથી જયમતી નગર, માલીગાંવ (૧૨ નવેમ્બર), ADRM ઓફિસ, ન્યૂ જલપાઈગુડી (૬ નવેમ્બર); ડીઝલ શેડ, માલદા (૧૭ નવેમ્બર); ADEN ઓફિસ, પૂર્ણિયા (૨૦ નવેમ્બર) અને કિશનગંજ (૨૫ નવેમ્બર); રિક્રિએશન ક્લબ, ન્યૂ કૂચ બિહાર (૫ નવેમ્બર); પેન્શનર્સ એસોસિએશન ઓફિસ, ન્યૂ બોંગાઈગાંવ (૨૦ નવેમ્બર); જેવા સ્થળોએ શિબિરોનું આયોજન કરવામાં આવશે. ADRM કાર્યાલય, ગુવાહાટી (6 નવેમ્બર); NFRPA કાર્યાલયો, બોંગાઈગાંવ (10 નવેમ્બર), તિનસુકિયા (4 નવેમ્બર), મારિયાની (9 નવેમ્બર), અને ફરકાટીંગ (11 નવેમ્બર); NFRPA/ન્યૂ બોંગાઈગાંવ કાર્યાલય (18 નવેમ્બર) અને EWS, ન્યૂ બોંગાઈગાંવ (20 નવેમ્બર); અને કોન્ફરન્સ હોલ, ડિબ્રુગઢ વર્કશોપ (6 નવેમ્બર).

આ પહેલ દ્વારા, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે પેન્શનર કલ્યાણ, ડિજિટલ સમાવેશ અને નાગરિક-કેન્દ્રિત સેવા વિતરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે. રેલ્વે પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને આ સુવિધાનો લાભ લેવા અને નિર્ધારિત સમયમર્યાદામાં તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવા વિનંતી કરવામાં આવે છે. જો તેમને કોઈ સહાયની જરૂર હોય, તો તેઓ અનુકૂળ અને મુશ્કેલી-મુક્ત પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સહાય માંગી શકે છે.

સગીરના જાતીય શોષણની ફરિયાદ કરતાં માતાપિતાને અટકાવવા ગુનો નથીઃ હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ | તા.31

બોમ્બે હાઈકોર્ટે બુધવારે ઠરાવ્યું હતું કે સગીરના માતા-પિતાને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ (પોક્સો એક્ટ) હેઠળ ગુનાની જાણ કરતા અટકાવવા એ કાયદાની કલમ ૨૧ હેઠળ સજાપાત્ર નથી. કારણ કે કલમ ૨૧ ફક્ત ગુનાની જાણ કરવામાં નિષ્ફળતા (એટલે કે માહિતી છુપાવવા) માટે સજાની જોગવાઈ કરે છે. સગીર છોકરીના જાતીય શોષણની જાણ કરતા માતા-પિતાને રોકવાના આરોપીને નિર્દોષ જાહેર કરતા ન્યાયાધીશ હિતેન વેણેગાવકરે આ અવલોકન કર્યું હતું. કલમમાં ક્યાંય પણ માતા-પિતાને ગુનાની જાણ કરતા અટકાવવા, ધમકાવવા અથવા દબાણ કરવા માટે ગુનાની જોગવાઈ નથી.-ન્યાયાધીશ વેણેગાવકરે કહ્યું, ગુનાની જાણ કરવામાં નિષ્ફળતાના આરોપ અને કોઈ બીજાને જાણ કરતા અટકાવવાના આરોપ વચ્ચે તફાવત કરવો મહત્વપૂર્ણ છે. આ કલમ વ્યક્તિને ફરિયાદ નોંધાવતા અટકાવવા, ધમકાવવા અથવા ડરાવવા માટે અલગ ગુનો બનાવતી નથી. જો બધા જરૂરી તત્વો સાબિત થાય તો આવા વર્તનને અન્ય કાનૂની જોગવાઈ હેઠળ ગુનો બનાવી શકાય છે. એફઆઈઆર રદ કરી વધુમાં, ન્યાયાધીશે કહ્યું કે સગીરના માતા-પિતા પર પોલીસમાં જાણ ન કરવા દબાણ કરવાનો આરોપ ગંભીર હોવાથી, કલમ ૨૧નો વ્યાપ વધારી શકાય નહીં. ન્યાયાધીશે કહ્યું હતું કે માતા-પિતાને પોલીસનો સંપર્ક કરતા અટકાવવામાં આવ્યા હતા અથવા દબાણ કરવામાં આવ્યું હતું તેવો આરોપ ગંભીર બાબત છે. જો આવું વર્તન સાબિત થાય અને અન્ય કોઈપણ દંડની જોગવાઈની જરૂરિયાતો પૂર્ણ કરે, તો કાયદો યોગ્ય ઉપાયો પ્રદાન કરે છે. જો કે, આરોપની ગંભીરતાને એવી જોગવાઈ હેઠળ કાર્યવાહી ચલાવવા માટે પૂરતી ગણી શકાય નહીં જેની જરૂરી આવશ્યકતાઓ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. બાળકોના રક્ષણનો ઉદ્દેશ્ય જરૂરી આવશ્યકતાઓને પૂર્ણ કર્યા વિના લાગુ કરી શકાય નહીં.આ કલમ હેઠળ કાર્યવાહી કરીને પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ વેણેગાવકરે આઈપીસીની કલમ ૨૧ હેઠળ ગુનાનો સામનો કરતી એક વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલી ડિસ્ચાર્જ અરજીની સુનાવણી કરતી વખતે આ વિગતવાર ચુકાદો આપ્યો હતો .

જમ્મુ-કાશ્મીરના CMની સત્તા પણ ડગમગી? 24 ધારાસભ્યોએ બળવો પોકારી ગુપ્ત બેઠક કરતાં ખળભળાટ

(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.31

જમ્મુ-કાશ્મીરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા મંત્રીમંડળના વિસ્તાર બાદ નેશનલ કોન્ફરન્સ ની અંદર તીવ્ર અસંતોષ અને બળવાખોરીનો સૂર ઉઠ્યો છે. શુક્રવારે સાંજે શ્રીનગરમાં વિધાયક કૈસર જમશેદ લોનના નિવાસસ્થાને અસંતુષ્ટ ધારાસભ્યોની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં 18 ધારાસભ્યો પ્રત્યક્ષ રીતે હાજર રહ્યા હતા, જ્યારે 6 ધારાસભ્યો વિડિયો કોન્ફરન્સિંગ મારફતે જોડાયા હતા. આ સાથે જ અસંતુષ્ટ જૂથમાં કાશ્મીર ઘાટી અને જમ્મુ બંને વિસ્તારના મળી કુલ 24 ધારાસભ્યો એકઠા થઈ જતાં ઉમર અબ્દુલ્લા સરકારની ચિંતા વધી ગઈ છે. સલાહકારને હટાવવાની માંગ: મુખ્યમંત્રીના સલાહકાર નાસિર અસલમ વાનીને તાત્કાલિક પદ પરથી દૂર કરવામાં આવે. મંત્રીમંડળનું પુનર્ગઠન: ઉપમુખ્યમંત્રી સુરેન્દ્ર ચૌધરી સહિત કેટલાક મંત્રીઓને બરખાસ્ત કરવામાં આવે અને મંત્રીમંડળનું સંપૂર્ણ પુનર્ગઠન થાય. 2 વર્ષ પૂર્ણ કરનાર મંત્રીઓની છુટ્ટી: જે મંત્રીઓએ પોતાના હોદ્દા પર બે વર્ષ પૂરા કર્યા છે તેમને હટાવીને નવા ચહેરાઓને તક આપવામાં આવે.બેઠક દરમિયાન કેટલાક સીનિયર ધારાસભ્યો ભાવુક થઈ ગયા હતા અને પક્ષના નેતૃત્વ તથા મુખ્યમંત્રીના સલાહકાર દ્વારા તેમની સાથે કરવામાં આવેલા અન્યાયી વર્તનની ફરિયાદ રજૂ કરી હતી. ધારાસભ્યોએ એક પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરીને પોતાની માંગણીઓ મુખ્યમંત્રી સમક્ષ મૂકવાનો નિર્ણય કર્યો છે. અસંતુષ્ટ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પક્ષના વિરોધમાં નથી પરંતુ હવે બધું પહેલાં જેવું સામાન્ય રીતે ચાલી શકશે નહીં.90 સભ્યો ધરાવતી જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સ પાસે 41 ધારાસભ્યો છે અને તેમને કોંગ્રેસના 6 ધારાસભ્યો તથા કેટલાક અપક્ષોનું સમર્થન પ્રાપ્ત છે. જો આ 24 ધારાસભ્યોનો બળવો શાંત નહીં થાય તો ઉમર અબ્દુલ્લા સરકાર અલ્પમતમાં આવી શકે છે અને વિપક્ષ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે.બીજી તરફ, નેશનલ કોન્ફરન્સના શ્રીનગરના સાંસદ આગા રુહુલ્લાએ પણ જાહેરાત કરી છે કે તેઓ પોતાની સંસદીય સીટ અને પક્ષના સભ્યપદેથી રાજીનામું આપી દેશે.



ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવે છે

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ આજે માલીગાંવ સ્થિત તેના મુખ્ય મથક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ખૂબ જ ઉત્સાહથી ઉજવી. આ કાર્યક્રમ NF રેલ્વે મુખ્યાલય પરિસરમાં યોજાયો હતો, જેમાં NF રેલ્વેના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ હાજર રહ્યા હતા. આ પ્રસંગે, જનરલ મેનેજરે રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને

પુનઃપુષ્ટ કરીને 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

આ કાર્યક્રમ NF રેલ્વે (બાંધકામ) ના જનરલ મેનેજર શ્રી આશિષ બંસલના કાર્યાલયમાં પણ યોજાયો હતો. વધુમાં, NF રેલવેના પાંચેય વિભાગોએ આ પ્રસંગ ખૂબ જ ઉત્સાહથી ઉજવ્યો હતો.ઉજવણીના ભાગ રૂપે, 'એકતા માટે દોડ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલના દ્રષ્ટિકોણ અને આદર્શોને પ્રકાશિત કરે છે. તેમના નેતૃત્વ અને પ્રયાસોએ દેશને એક કરવામાં અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

જૂનાગઢમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં પોલીસના જવાનો - અધિકારીઓ અને પદાધિકારીઓ રન ફોર યુનિટીમાં સહભાગી થયા

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૩૧ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત જૂનાગઢ માં પણ આજે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સાથે જૂનાગઢ પોલીસે રાષ્ટ્રની એકતા માટે સમર્પણના સંદેશ આપી રન ફોર યુનિટી કાર્યક્રમમાં સહભાગી થવા પ્રેરિત કર્યા હતા.જૂનાગઢમાં પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સૌ પોલીસ જવાનો અધિકારીઓ, એન.જી. ઓના પ્રતિનિધિઓ , પદાધિકારી ઓએ રાષ્ટ્રીય એકતા દિવસ અંતર્ગત શપથ લીધા હતા. જૂનાગઢ જિલ્લાના પ્રભારી સચિવશ્રી દિલીપ રાણાએ રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા.ત્યારબાદ પોલીસ હેડ ક્વાર્ટર, તળાવ દરવાજા થઈ ઝાંસીની રાણીની પ્રતિમા સુધી રન ફોર યુનિટી યોજાઈ હતી. પોલીસ વિભાગની આ રન ફોર યુનિટીમાં પ્રભારી સચિવશ્રી દિલીપ રાણા, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા,કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી, એસ.પીશ્રી સુબોધ ઓડેદરા, ડેપ્યુટી મેયર આકાશ કટારા, પ્રાંત અધિકારીશ્રીઓ , ડીવાયએસપીશ્રીઓ, તેમજ મોટી સંખ્યામાં જિલ્લાના પોલીસ કર્મચારીઓ ઉપરાંત અન્ય વિભાગોના કર્મચારીઓ અને અગ્રણીઓ જોડાયા હતા.

જૂનાગઢ GMERS મેડિકલ કોલેજ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલજીની ઉપસ્થિતિમાં યોજાયો 'યોગ સંવાદ'

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૩૧ જૂનાગઢ GMERS હોસ્પિટલમાં ઐતિહાસિક યોગ સંવાદ યોજાયો હતો.જૂનાગઢના મજેવડી દરવાજા સ્થિત GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવકશ્રી શિશપાલજી ની ઉપસ્થિતિમાં ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને મેડિકલ ઈન્ટર્ન ૧૫૦ ની બહોળી સંખ્યામાં યોગ સંવાદ યોજાયો હતો.આ પ્રસંગે શિશપાલજીએ યોગને જીવનનો અભિન્ન ભાગ બનાવવા , નર્સિંગ સ્ટાફને યોગ ટ્રેનિંગ મેળવી પોતાના વિસ્તારમાં યોગ ક્લાસ શરૂ કરવા તેમજ યોગ્યઆહાર શૈલી અપનાવવા ભાવભર્યું આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'ઈશ્વરે આપણને માનવસેવાની જે તક આપી છે, તેમાં યોગસેવા જોડાય તો અનેક લોકોના જીવન માં સ્વાસ્થ્ય અને સુખનો પ્રકાશ પથરાઈ શકે છે.' ડૉ. કૃતાર્થ બ્રહ્મભટ્ટ , સુપ્રિટેન્ડેન્ટ એ ભગવદ્ ગીતાના શ્લોકોના પઠન સાથે યોગ ની આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક પરિભાષા સમજાવી હતી. કાર્યક્રમમાં મેડિકલ કોલેજ ના ડીન ડૉ.પંડ્યા, નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ હેમલતાબેન, સ્ટેટ કો-ઓર્ડિનેટર અનિલ ત્રિવેદી, મનપા કોઓર્ડિનેટર વૈશાલીબેન ચુડાસમા, જિલ્લા કોઓર્ડિનેટર જયંતી કાછડીયા, સોનલબેન બગડા તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રી મનીષકુમાર જીલરિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં નિર્માણાધિન વિવિધ નુતન ભવનોનાં બાંધકામ માટે આર.એમ.સી. પ્લાન્ટનો પ્રારંભ કરાવતા કૂલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૧ જૂનાગઢની શૈક્ષણિક સુવિધાઓ સભર માળખાકીય સવલતોમાં રાજ્ય સરકાર દ્વારા ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઉત્તરોત્તર વધારો થાય તે દિશામાં વિવિધ વિકાસ કાર્યો ગતીમાં છે. તાજેતરમાં યુનિ. દ્વારા આયોજિત કલા ઉત્સવ ૨૦૨૬ ઉજવણી અવસરે સાંસદ સદસ્ય રાજેશભાઈ ચુડાસમા, રાજ્યસભાનાં સદસ્ય પરમાર, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાનાં હસ્તે યુનિ.નાં કોમ્પ્યુટર સેન્ટર, વાઈલ્ડ લાઈફ રીચર્સ સેન્ટર, કુલપતિ ભવન, કમ્યુનિટી હોલ, સહિત પી.એમ. ઉષા,નાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. આ કામ સુરતની એમડી.એન્ડ સન્સ દ્વારા હાથ ધરવામાં આવનાર હોય આ કામમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત કાર્ય થાય, તે માટે સિમેન્ટ-કોંક્રીટ, રેતી વિગેરેનો મિક્ષર પ્લાન્ટ એટલે કે આર. એમ.સી. પ્લાન્ટનો આજે કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે શાસ્ત્રક્ત વિધી દ્વારા પ્લાન્ટને પ્રારંભ કરાવ્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે સાવરકુંડલામાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં યુનિટ માર્ચ - એકતા યાત્રા'

રિપોર્ટર નિકુંજ મહેતા સાવરકુંડલા અમરેલી

ભારતના અખંડ શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ (રાષ્ટ્રીય એકતા દિવસ) નિમિત્તે અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ જનજન સુધી પહોંચાડવાના હેતુથી 'યુનિટી માર્ચ - એકતા યાત્રા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમમાં સાવરકુંડલાના લોકપ્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ એકતા યાત્રાનો પ્રારંભ શનિવાર, ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સાંજે ૫ કલાકે શ્રી રિદ્ધિ-સિદ્ધિ મંદિર ખાતેથી થયો હતો. ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, ચેરમેનશ્રી તથા નગરપાલિકા ના સદસ્યશ્રીઓ અને સંગઠનના પદાધિકારીઓ સહિતના તથા સાવરકુંડલા ભાજપ પરિવાર તેમજ રાજકીય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ દ્વારા યાત્રાને ઉત્સાહભેર પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

તહેવારોની મોસમમાં મીઠાઈ અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા સામે સવાલો .તંત્ર ઘોર નીંદર માં

ડાંગ | તહેવારોની મોસમ શરૂ થતાં જ બજારોમાં મીઠાઈઓ, ફરસાણ અને વિવિધ ખાદ્યપદાર્થોની ખરીદીમાં વધારો જોવા મળે છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે લોકો તહેવારોમાં મીઠાઈ ખાઈને ખુશીઓ મનાવે કે પછી પોતાની મહેનતની કમાણી ખર્ચીને બીમારીઓને આમંત્રણ આપે? લોકોના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા આ ગંભીર મુદ્દે ડાંગ જિલ્લામાં સંબંધિત તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. દેશના વિવિધ વિસ્તારોમાં તહેવારોને ધ્યાનમાં રાખીને ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને શુદ્ધતા જાળવવા માટે આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા સંબંધિત વિભાગો દ્વારા તપાસ હાથ ધરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવે છે. ત્યારે ડાંગ જિલ્લામાં પણ મીઠાઈની દુકાનો, ફરસાણની દુકાનો અને અન્ય ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા વેપારીઓ પર નિયમિત તપાસ થાય છે કે નહીં, તે અંગે લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. અગાઉ પણ તહેવારોની શરૂઆતમાં જ સમાચાર માધ્યમો દ્વારા ફૂડ એન્ડ ડ્રગ વિભાગનું ધ્યાન આ ગંભીર મુદ્દા તરફ દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મહાનગર પાલિકા,જૂનાગઢ દ્વારા શ્રી સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવવાનો તથા પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૧. મહાનગરપાલિકા દ્વારા શ્રીસરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ઉજવણી પ્રસંગે તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૯ કલાકે જીમખાના પાસે તથા સવારે ૦૯:૩૦ કલાકે જોષીપરા પાદર ચોક ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમાને પદાધિકારીઓ તથા અધિકારીશ્રીઓ દ્વારા સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે કોર્પોરેટરશ્રીઓ, મહાનુભાવો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢમાં આવેલ દરેક પ્રતિમાઓને વાર તહેવારે જે પુષ્પ માળા પહેરાવવાને બદલે દરરોજ નિયમિત પુષ્પ માળા પહેરાવી તેમનું સન્માન જળવાય તે જોવાની જવાબદારી પદાધિકારીઓ તથા અધિકારીશ્રીઓની છે તેમ લોકચર્ચા થાય છે.

સિટી એક્સપ્રેસ

SUNDAY 01 NOVEMBER-2026

AHMEDABAD

મોદીએ પી.એમ-કિસાન યોજનાનો ૨૪મો હપ્તો કર્યો અર્પણ

પાલનપુર | દેશના અન્નદાતાઓના સર્વાંગી ઉત્કર્ષ અને આર્થિક સશક્તિકરણની નેમ સાથે બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' યોજનાના ૨૪મા હપ્તાની રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. દેશના નાના અને સીમાંત ખેડૂતોને વાર્ષિક રૂ. ૬,૦૦૦ ની આર્થિક સહાય ત્રણ સમાન હપ્તામાં DBT મારફત પૂરી પાડતી આ મહત્વકાંક્ષી યોજના અંતર્ગત રાષ્ટ્રવ્યાપી 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરાઈ હતી.

વડાપ્રધાનશ્રીના હસ્તે બનાસકાંઠા જિલ્લાને ૧૪૨ આંગણવાડી કેન્દ્રોની ભેટ

પાલનપુર | બાળકોના સર્વાંગી વિકાસ, માતૃસ્વાસ્થ્ય અને કિશોરીઓના પોષણને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી રાજ્યવ્યાપી મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત ૭૫૦ કરોડના ખર્ચે ૪,૩૦૦થી વધુ ચાઈલ્ડ-ફ્રેન્ડલી આંગણવાડી કેન્દ્રોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક કાર્યક્રમ અંતર્ગત ૪,૦૦૦થી વધુ નવીન આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટે ઈ-ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું, જ્યારે સંપૂર્ણ સુવિધાઓ સાથે તૈયાર થયેલાં ૩૦૦થી વધુ આધુનિક આંગણવાડી કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કરી જનતાને સમર્પિત કરવામાં આવ્યા હતા.

દિવાળીમાં નોનસ્ટોપ ST : :1 લાખથી વધુ ટિકિટો બુક, સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાત માટે જાણો ક્યાંથી મળશે બસ?

ટ્રાફિકને પહોંચી વળવા 9630 એક્સ્ટ્રા ટ્રીપ મારશે

અમદાવાદથી 2-8 નવેમ્બર દરમિયાન 350 જેટલી વધારાની બસો મુકાશે : અમદાવાદમાં ગીતામંદિર ઉપરાંત ઈસ્કોન, CTM અને અડાલજથી પણ બસો ઉપડશે

(એજન્સી) અમદાવાદ | તા. 31

દિવાળીના તહેવારોમાં વતન જવા નીકળતા મુસાફરોને કોઈ અગવડ ન પડે તે માટે GSRTC દ્વારા મોટા પાયે વિશેષ બસ સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. તહેવારોને હજુ એક અઠવાડિયુ બાકી છે ત્યારે જ એસ.ટી. નિગમની 1 લાખથી વધુ ટિકિટોનું ઓનલાઈન અને એડવાન્સ બુકિંગ થઈ ગયું છે. આ વર્ષે સમગ્ર રાજ્યના વિવિધ એસ.ટી. વિભાગોમાં કુલ 9,630 એક્સ્ટ્રા ટ્રીપ દોડાવવામાં આવશે. દિવાળી 2025માં રાજ્યભરમાં 8,648 એક્સ્ટ્રા ટ્રીપ દોડાવવામાં આવી હતી, જેની સરખામણીએ આ વર્ષે 982 ટ્રીપ વધુ એટલે કે આશરે 11.4%નો વધારો કરવામાં આવ્યો છે.

અમદાવાદ એસ.ટી. વિભાગના વિભાગીય અધિકારી જે.બી. કરોતરાના જણાવ્યા અનુસાર, અમદાવાદ ડિવિઝન દ્વારા આગામી 2થી 8 નવેમ્બર દરમિયાન આશરે 1,150 જેટલી વધારાની ટ્રીપ દોડાવવાનું આયોજન કરાયું છે. આ માટે ખાસ 300થી 350 જેટલી વધારાની બસો સેવામાં મૂકવામાં આવશે. ગયા વર્ષે અમદાવાદથી 678 એક્સ્ટ્રા ટ્રીપ દોડી હતી, જેની સામે આ વર્ષે 472 વધુ ટ્રીપ સાથે સીધો 69.6%નો વધારો પ્લાનિંગમાં લેવાયો છે. મુસાફરોનો ધસારો વધશે તો સ્થિતિ મુજબ તાત્કાલિક ધોરણે વધુ ટ્રીપ પણ ઉમેરાશે.

મુસાફરોને મુખ્ય બસ સ્ટેન્ડ (ગીતામંદિર/રાણીપ) સુધી લાંબા ન થવું પડે અને ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે અમદાવાદ શહેરમાં ઈસ્કોન ચાર રસ્તા, CTM એક્સપ્રેસ-વે અને અડાલજ ત્રિમંદિર પાસે વધારાના બસ સ્ટોપેજ ઊભા કરવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્ર તરફ જતી બસોમાં 50% ગ્રૂપ બુકિંગ ફૂલ

દિવાળી વેકેશનમાં સૌથી વધુ ધસારો સૌરાષ્ટ્ર તરફ રહેતો હોવાથી અમરેલી, ભાવનગર, રાજકોટ અને જૂનાગઢ તરફ નિયમિત અંતરે વધારાની બસો દોડાવવામાં આવશે. અધિકારીના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર રૂટની મોટાભાગની બસોમાં 50% જેટલું ગ્રૂપ બુકિંગ એડવાન્સમાં પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત પંચમહાલ, દાહોદ, ગોધરા તેમજ ઉત્તર ગુજરાત અને કચ્છ તરફ જતા શ્રમિકો અને પરિવારો માટે પણ પૂરતી સંખ્યામાં એક્સ્ટ્રા બસો ઉપલબ્ધ રહેશે. તહેવારો દરમિયાન ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો બમણા-ત્રણ ગણા ભાડાં વસૂલી લૂંટ ચલાવતા હોય છે, ત્યારે GSRTC દ્વારા તમામ વધારાની બસોમાં પણ સામાન્ય સરકારી નિયત ભાડા દર જ લાગુ રાખવામાં આવ્યા છે. લોકલ, એક્સપ્રેસ કે ગુર્જરનગરી કેટેગરી મુજબ મુસાફરો પાસેથી સામાન્ય દિવસો જેટલું જ ભાડું લેવાશે. વધુમાં, રોકડ છૂટા પૈસાની ઝંઝટ ન રહે તે માટે બસમાં બેઠા પછી કંડક્ટર પાસેથી ટિકિટ લેતી વખતે મુસાફરો UPI (Google Pay, PhonePe, Paytm વગેરે) દ્વારા સીધું ડિજિટલ પેમેન્ટ કરી શકશે.

રાજ્યના તમામ 16 ડિવિઝનમાં નડિયાદ અને સુરત ટ્રીપમાં મોખરે

સંચાલન પર નજર કરીએ તો સૌથી વધુ 1,870 ટ્રીપ નડિયાદ વિભાગ દ્વારા અને 1,600 ટ્રીપ સુરત વિભાગ દ્વારા દોડાવાશે. આ સિવાય હિંમતનગરમાં 900, જૂનાગઢમાં 840, અમદાવાદમાં 700 (વિભાગીય આયોજન 1,150), મહેસાણામાં 670, પાલનપુરમાં 550, વડોદરામાં 455, રાજકોટમાં 450, ગોધરામાં 380, ભાવનગરમાં 370, અમરેલીમાં 300, ભરૂચમાં 170, જામનગરમાં 155, ભુજમાં 110 અને વલસાડમાં 110 એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન કરવામાં આવશે.

ગાંધીનગર મનપામાં ACBની સર્જિકલ સ્ટ્રાઈક

રખડતા ઢોરના કેસ ન કરવા અને દિવાળીના હપ્તા પેટે ₹22 હજારની લાંચ લેતો આઉટસોર્સ ઈન્સ્પેક્ટર ઝડપાયો

(એજન્સી) ગાંધીનગર | તા. 31

રાજ્યમાં લાંચિયા અધિકારીઓ સામે એસીબી દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે

ગાંધીનગર મનપામાંથી ભ્રષ્ટાચારનો વધુ એક મામલો સામે આવ્યો છે. મનપાની CNCD શાખામાં ફરજ બજાવતા અને આઉટસોર્સ એજન્સી હેઠળ લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે કામ કરતા લાંચિયા કર્મચારીએ પશુપાલકને પાસેથી 22 હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યો છે. દિવાળીના તહેવાર ટાણે જ એસીબીના આ સફળ છટકાથી મનપાના વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ કેસના ફરિયાદી પશુપાલનનો વ્યવસાય કરી પોતાનું ગુજરાન ચલાવે છે. 22 વર્ષીય આરોપી જયદીપસિંહ રામસિંહ રાજપૂત ગાંધીનગર મનપાની કચેરીની સીએનસીડી શાખા અંતર્ગત ઢોર પકડવાની કામગીરી કરતી પાર્ટીમાં એલ.આઈ. (લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર) તરીકે નોકરી કરે છે. ફરિયાદીના પશુઓ પકડીને તેના પર નિયમોનુસારનો દંડાત્મક કેસ ન કરવા તેમજ આગામી દિવાળીના તહેવાર નિમિત્તે હપ્તા પેટે આરોપીએ શરૂઆતમાં રૂ. 40 હજારની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આટલી મોટી રકમ આપવા સક્ષમ ન હોય અને લાંચ આપવા માંગતા ન હોય તેમણે લાંચિયા કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી લેખિત ફરિયાદ નોંધાવી હતી.

જેના આધારે ગાંધીનગર એસીબીની ટીમે એક ટ્રેપનું આયોજન કર્યું હતું. ગાંધીનગરના સેક્ટર-28 ખાતે

રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે અમદાવાદ ડિવિઝન ખાતે 'રન ફોર યુનિટી' નું આયોજન

DRM વેદ પ્રકાશે રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવાના શપથ લેવડાવ્યા

અમદાવાદ : 'લોખંડી પુરુષ' સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના અવસરે, આજે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ' ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે રિવરફ્રન્ટ ઉસ્માનપુરાથી રિવરફ્રન્ટ હાઉસ બિલ્ડિંગ સુધી 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશે રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને અખંડિતતા અને પ્રામાણિકતાના શપથ લેવડાવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન, DRM શ્રી વેદ પ્રકાશે અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા તેમજ ભ્રષ્ટાચાર મુક્ત ભારત નિર્માણમાં સક્રિય યોગદાન આપવાના શપથ લેવડાવ્યા હતા. તેમણે સૌને પોતાની દૈનિક વ્યાવસાયિક ફરજોમાં પ્રામાણિકતા, પારદર્શિતા અને અખંડિતતા જેવા મૂલ્યોને અપનાવવા અનુરોધ કર્યો હતો. શ્રી વેદ પ્રકાશે ભારપૂર્વક જણાવ્યું હતું કે અખંડિતતા અને પ્રામાણિકતા માત્ર કાર્યસ્થળ પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ, પરંતુ તે આપણા જીવનનો અભિન્ન અંગ બનવી જોઈએ. એક સંયુક્ત, સુરક્ષિત અને વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે, દરેક નાગરિકે પોતાના રોજિંદા જીવનમાં એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય સુરક્ષાના સિદ્ધાંતોને આત્મસાત કરવા જોઈએ.

તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ધર્મ, જાતિ કે સંપ્રદાયના ભેદભાવોથી ઉપર ઉઠીને પરસ્પર ભાઈચારો, સામાજિક એકતા અને સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

નારણપુરામાં ચોરી કરવા ઘરમાં ઘૂસેલો યુવક પકડાયો

(એજન્સી) અમદાવાદ | તા. 31

નારણપુરાના અમિ એપાર્ટમેન્ટમાં સોફ્ટવેર એન્જિનિયરના ઘરમાં કબાટ ફંફોસતો હતો ત્યારે જ મકાનમાલિક નાસ્તો કરીને પરત આવી ગયો હતો. યુવકને જોઈ ચોર ગભરાઈને ભાગવા લાગ્યો હતો, પરંતુ બૂમાબૂમ થતાં સોસાયટીના લોકોએ તેને પકડી મેથીપાક ચખાડ્યો હતો. સમગ્ર મામલે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, દિવાળીના તહેવારમાં પોતાના વતન તમિલનાડુ જવાની ઈચ્છા હતી, પરંતુ ખિસ્સામાં રૂપિયા ન હોવાથી આરોપી ચોરી કરવા ઘૂસી ગયો હતો.

નારણપુરામાં રહેતા જય પાનસુરીયાએ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં તમિલનાડુના અજય કામપ્પા વિરુદ્ધ ચોરીના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે. જય છેલ્લા દોઢ વર્ષથી મિત્રો સાથે ભાડાના મકાનમાં રહે છે અને એક કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે નોકરી કરે છે. બે દિવસ પહેલાં સવારે જય નાસ્તો કરવા બહાર ગયો હતો ત્યારે તેના બે મિત્રો ઘરમાં સૂતા હતા. આ દરમિયાન અજય ઘરમાં ઘૂસી ગયો હતો અને રૂમમાં કબાટ ફંફોસવા લાગ્યો હતો.

નાસ્તો કરીને પરત આવેલા જયે અજાણ્યા શખસને કબાટમાં કંઈક શોધતો જોઈ પૂછપરછ કરી હતી. જો કે, અજય જવાબ આપ્યા વગર ભાગવા લાગ્યો હતો. જયે બૂમો પાડતાં સોસાયટીના લોકોએ તેનો પીછો કરી ઝડપી લીધો હતો. લોકોએ અજયને માર માર્યા બાદ પોલીસને સોંપ્યો હતો.

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ વિભાગમાં મોટાપાયે આંતરિક બદલીના આદેશ...

(એજન્સી) ગાંધીનગર | તા. 31

રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા આંતરિક બદલી અને જિલ્લા સંકલિત બદલી અંતર્ગત શિક્ષકોની બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા 30 ઓક્ટોબર, 2026ના રોજ આ અંગેનો હુકમ કરવામાં આવ્યો છે. આ આદેશમાં વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને અન્ય તાલુકા અથવા બીટમાં બદલીને નવી જગ્યાએ ફરજ સોંપવામાં આવી છે. જાહેર કરાયેલા હુકમમાં શિક્ષકોનાં નામ, હાલના ફરજના સ્થળની વિગતો, અગાઉના બીટનું નામ તેમજ બદલી પછીના બીટ અને તાલુકાની માહિતી દર્શાવવામાં આવી છે. આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે. સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને કચેરીઓને આદેશ અનુસાર જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. આ યાદીમાં મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બનાસકાંઠા, ગાંધીનગર, પંચમહાલ, સાબરકાંઠા, નવસારી, જૂનાગઢ, અમદાવાદ, મહેસાણા, અરવલ્લી, પાટણ, સુરત, નર્મદા, બોટાદ, વલસાડ, તાપી, વડોદરા, ખેડા, વાવ-થરાદ, ભાવનગર અને આણંદ સહિતના જિલ્લાઓના શિક્ષકોની બદલીની વિગતો સામેલ છે. હુકમમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બદલી પામેલા કર્મચારીઓએ વિતરણ કરાયેલા આદેશ મુજબ નવી જગ્યાએ હાજર થવાનું રહેશે. કર્મચારીઓની બદલી અંગે કોઈ વાંધો કે રજૂઆત હોય તો તે માટેની કાર્યવાહી સંબંધિત નિયમો અનુસાર કરવાની રહેશે. બદલીના આદેશનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

નારણપુરામાં બાઈક ચાલક યુવકનો AMTS સાથે અકસ્માત

(એજન્સી) અમદાવાદ | તા. 31

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા સહજાનંદ ચોક પાસે બસની પાછળના ભાગે બાઈકચાલક અથડાતા ટાયર નીચે કચડાયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલકના મોઢાના ભાગેથી મોટી માત્રામાં લોહી વહી ગયું હતું અને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડયો છે. આ અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નારણપુરા સહજાનંદ ચોક પાસે રૂટ નંબર 160 હાટકેશ્વરથી ગોતા જતી AMTS બસ જઈ રહી હતી. આ સમયે ચાર રસ્તો ક્રોસ કરતો બાઈકચાલક બસની પાછળના ભાગે અથડાતા ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં બાઈકચાલકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે ઝાયડ્સ હોસ્પિટલમાં રીફર કરાયો છે. ટ્રાફિક પોલીસે બસચાલકની અટકાયત કરીને તેનું નામ પૂછતાં જીતુભાઈ ક્રિષ્ટિ હોવાનું કહ્યું. પોલીસે તપાસ કરતા બાઈકચાલક બસના પાછળના ભાગે અથડાયો હતો. તેમજ ઈજાગ્રસ્ત યુવકની ઓળખ કરવા ટીમો કામે લાગી છે.

જટિલ ગુનાઓની તપાસ માટે ગુજરાત પોલીસના 6 અધિકારીને રાષ્ટ્રીય સન્માન

(એજન્સી) અમદાવાદ | તા. 31

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ગુજરાત પોલીસ માટે ગૌરવના સમાચાર સામે આવ્યા છે. વિવિધ ગુનાઓની ઊંડાણપૂર્વકની તપાસ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત પોલીસના 6 અધિકારીઓની વર્ષ 2026ના 'કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક' માટે પસંદગી કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દેશભરમાંથી 490 કર્મચારીઓને આ પ્રતિષ્ઠિત સન્માન આપવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના જે 6 અધિકારીઓની પસંદગી થઈ છે, તેમાં SP અંશુલ જૈન, ASP સિમરન ભારદ્વાજ, DySP રણજીતસિંહ સિંઘલ, પોલીસ ઈન્સ્પેક્ટર જયેશ ઠાકોર, પોલીસ ઈન્સ્પેક્ટર પાર્થેન્દ્રસિંહ વાઘેલા અને પોલીસ ઈન્સ્પેક્ટર ગુણવંત મનુભાઈ હડિયાનો સમાવેશ થાય છે. ગુજરાતના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે એવોર્ડ માટે પસંદગી પામેલા તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસના કર્મઠ અધિકારીઓને રાષ્ટ્રીય સ્તરે મળેલું આ પ્રતિષ્ઠિત સન્માન સમગ્ર રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. ઈન્વેસ્ટિગેશન ક્ષેત્રે તેમની ઊંડાણપૂર્વકની અને નિષ્ઠાવાન કામગીરી અન્ય પોલીસકર્મીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ 1 ફેબ્રુઆરી, 2024થી આ પદકની શરૂઆત કરવામાં આવી હતી.

સુરક્ષા દળોના મનોબળને પ્રોત્સાહન આપવા તેમજ તપાસ અને અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કર્મચારીઓને સન્માનિત કરવાના હેતુથી આ પદક આપવામાં આવે છે. પસંદગી પામેલા અધિકારીઓએ જટિલ ગુનાઓની વૈજ્ઞાનિક, તાર્કિક અને તલસ્પર્શી તપાસ કરીને ન્યાયિક પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ક્ષેત્રે તેમની કામગીરીને રાષ્ટ્રીય સ્તરે બિરદાવવામાં આવી છે.

સ્વર્ણિમ પાર્કથી મહાત્મા મંદિર સુધી ભવ્ય એકતા દોડ, 6 હજારથી વધુ નાગરિકોએ દોડ લગાવી સરદાર સાહેબને યાદ કર્યા

અખંડ ભારતના શિલ્પીને શ્રદ્ધાંજલિ

(એજન્સી) ગાંધીનગર | તા. 28

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે આજે પાટનગર ગાંધીનગર ખાતે રાષ્ટ્રભાવના અને એકતાનું અદ્ભુત દર્શન કરાવતી એકતા દોડ ભારે ઉત્સાહ સાથે યોજાઈ હતી. આ રાષ્ટ્રવ્યાપી પર્વની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી અખંડિતતાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. સ્વર્ણિમ પાર્કથી મહાત્મા મંદિર સુધી યોજાયેલી એકતા દોડમાં છ હજાર જેટલા નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ અખંડ ભારતના શિલ્પીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ અવસરે ધારાસભ્ય રીટાબેન પટેલ અને જિલ્લા કલેક્ટર રવિન્દ્ર ખતાલેના હસ્તે ફ્લેગ ઓફ આપીને સ્વર્ણિમ પાર્કથી મહાત્મા મંદિર સુધીની આ ભવ્ય એકતા દોડનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. સ્વર્ણિમ પાર્કથી પ્રસ્થાન થઈને ગાંધીનગરના મુખ્ય માર્ગોની શોભા વધારતી આ દોડ મહાત્મા મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. આ તકે સરદાર પટેલ અમર રહે અને ભારત માતા કી જયના ગગનભેદી નારાઓ સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. રાષ્ટ્રપ્રેમની ઉર્જા ઉજાગર કરતા આ એકતા પર્વમાં આશરે 6,000 જેટલા મહાનુભાવો અને નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહભાગીઓએ દેશની અખંડિતતા, એકતા તેમજ સાર્વભૌમત્વની અખંડ જાળવણી માટે દ્રઢ નિશ્ચય સાથે સામૂહિક સંકલ્પો લીધા હતા. આ ઉપરાંત ઉત્સાહથી છલકાતા પોલીસ વિભાગ અને ફોરેસ્ટ વિભાગના શૌર્યવંતા જવાનો, ડી.એલ.એસ.એસ.ના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ પાટનગરના ખૂણે-ખૂણેથી ઉમટી પડેલા ગાંધીનગરવાસીઓની ઉપસ્થિતિએ આ ઉજવણીની શાનમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

આ ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલ: સર્વશ્રેષ્ઠ શિક્ષક વિષય પર વિશેષ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેને નાગરિકોએ નિહાળી હતી..

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...